
વર્ષઃ 02 અંકઃ 23

1-15 જૂન, 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



8 વર્ષ
સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ

# યોજનાઓમાં ગતિ રાષ્ટ્રની પ્રગતિ

"સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ"ના

આ ધ્યેયમાં 'સબકા પ્રયાસ'ને સમાવીને વીતેલાં આઠ વર્ષમાં કેન્દ્ર સરકારે નવાં ભારતની આધારશિલા રાખી

# સુરક્ષિત ભોજન ઉમદા સ્વાસ્થ્ય

**મનુષ્ય જીવનની પાયાની જરૂરિયાતોમાં સૌથી મહત્વપૂર્ણ સુરક્ષિત ભોજન છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)નાં અહેવાલ પ્રમાણે વિશ્વમાં દૂષિત ભોજનને કારણે વર્ષે 4.2 લાખ લોકોનાં મૃત્યુ થાય છે અને દર 10મી વ્યક્તિ બિમાર પડે છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમનાં 'ફુડ વેસ્ટેજ ઇન્ડેક્સ રિપોર્ટ 2021' પ્રમાણે ભારતમાં વર્ષે પ્રતિ વ્યક્તિ 50 કિલો ખાદ્ય પદાર્થોનો બગાડ થાય છે. અલબત, અનેક દેશોની સરખામણીમાં આ ઓછો છે, પણ ખાદ્ય પદાર્થોનો બગાડ ન થાય તે માટે 7 જૂનનાં રોજ વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ પ્રસંગે જરૂરિયાતમંદો સુધી સુરક્ષિત ભોજન પહોંચાડવા માટે ચાલો પ્રતિજ્ઞા લઈએ.**





**દેશનું પ્રથમ ખાદ્ય સુરક્ષા સંગ્રહાલય**

દેશનું પ્રથમ ખાદ્ય સુરક્ષા સંગ્રહાલય તામિલનાડુના તંજાવુર શહેરમાં બન્યું છે, જે ભારત દ્વારા અનાજ માટે આયાત પર નિર્ભરતાથી માંડીને સૌથી મોટાં ખાદ્યાન્ન નિકાસકાર દેશોમાંનાં એક તરીકે બનવાની સફરને દર્શાવે છે.

**ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (FSSAI)એ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્ઝ (સરપ્લસ ફુડ રિસિપ્ટ એન્ડ ડિસ્ટ્રીબ્યુશન), 2019 નોટિફાય કર્યો અને બચેલા ખાદ્ય પદાર્થોને જરૂરિયાતમંદો સુધી પહોંચાડવા માટે 'સેવ ફુડ-શેર ફુડ' પહેલ શરૂ કરી છે.**

ભારત સરકારની પહેલથી સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ જાહેર કર્યું છે. ભારતીય કૃષિ સંશોધન પરિષદે ચોખા, ઘઉં, મકાઇ, બાજરી, મસૂર, મગફળી, અળસી, સરસવ, સોયાબીનની 79 બાયોફોર્ટિફાઇડ જાતો વિકસાવી છે. ફ્લાવર, બટાકા, શક્કરિયાં, રતાળુ અને દાડમની 8 બાયોફોર્ટિફાઇડ જાતોને ખેડૂતોમાં લોકપ્રિય બનાવવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતી, નેનો યુરિયાને પ્રોત્સાહન અને માટીનાં પોષક તત્વોની માહિતી માટે સોઇલ હેલ્થ કાર્ડ જેવી અનેક પહેલ કેન્દ્ર સરકારે કરી છે.

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

**વર્ષઃ2 અંકઃ 23 | 1-15 જૂન, 2022**



સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દૂ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**




**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

## અંદરનાં પાને...

## જનશક્તિથી બની રહી છે નવા ભારતની આધારશિલા




**કવર સ્ટોરી** | લાંબા ગાળાનાં અભિગમ સાથે રાષ્ટ્ર સમૃદ્ધિની ગાથા લખવાની સાથે આત્મનિર્ભરતનાં માર્ગે આગળ વધ્યાંના આઠ વર્ષ | 8-44

**પર્યાવરણ દિવસ પર વિશેષ**
**આવતી કાલનું હરિત વિશ્વ**



5 જૂને પર્યાવરણ દિવસ પ્રસંગે વિશેષમાં વાંચો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મંત્ર LIFE એટલે કે ‘લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયર્નમેન્ટ’ અંગે. આ ઉપરાંત, ભારતનાં એ પ્રયાસો અંગે જેનાંથી સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન મળી રહ્યું છે. | 45-48

સ્વર્ણિમ ભારતના નિર્માણનો સંકલ્પ | 49
સેમીકન્ડક્ટર ચિપ ઉત્પાદનનું હબ બનશે ભારત | 50-51
શિક્ષણની હાઈબ્રિડ પ્રણાલિ વિક્સિત થશે | 52-53
ગરીબોનાં ઘર સુધી પહોંચી બેન્ક | 54-44
આઝાદીના પાયામાં રહેલાં ગુમનામ આંદોલન | 56-59
ભારત-કેનેડાના સંબંધોમાં એક નવી શરૂઆત | 60

**વિશેષ પેકેજ**

**સમાચાર-સાર** | 4-5

**જેમના ચિંધ્યા માર્ગે ચાલી રહ્યા છે કરોડો અનુયાયી**
ભગવાન સ્વામીનારાયણની જન્મજયંતીએ વિશેષ | 6

**સામાજિક યોજનાઓથી લોકોની સમૃદ્ધિ**
ઉત્કર્ષ દિવસ પર વડાપ્રધાનનું સંબોધન | 7

**દેશનાં વિકાસનો નવો માપદંડ**
ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસથી પૂરા થઈ રહેલાં ભારતના સપના | 12-13

**નવું ભારત નવી ઊર્જા**
સકારાત્મક વિદેશ નીતિ અને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની કહાની | 14-16

**નાગરિક કલ્યાણની ભાવના સાથે યોજનાઓનો અમલ**
નવા ભારતમાં હવે છેવાડાના માણસ સુધી પહોંચી રહ્યો છે વિકાસ | 17-19

**સાંસ્કૃતિક વારસાનું જતન, સમૃદ્ધ બનતું રાષ્ટ્ર**
સાંસ્કૃતિક વારસાની જાળવણીની સાથે ગુમનામ નાયકોનું સન્માન | 20-23

**યુવાઓનાં હિતમાં લીધેલાં પગલાં**
કૌશલ્ય વિકાસથી 65 ટકા યુવા વસતિનાં સાકાર થતાં સપના | 24-26

**વિશ્વમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતું અર્થતંત્ર**
વડાપ્રધાન મોદીના વડપણમાં થઈ રહેલા સુધારાથી અર્થતંત્રને મળી રહેલી ગતિ | 27-28

**ટેકનોલોજી પરિવર્તનથી ક્રાંતિ**
ડિજિટલ ઈન્ડિયા દ્વારા ગરીબો સુધી તેમનાં અધિકાર પહોંચી રહ્યા છે | 29-31

**ખેડૂત કલ્યાણ સુનિશ્ચિત**
ખેડૂતોનાં હિતમાં લીધેલાં પગલાંથી વિશ્વનું ફુડ બાસ્કેટ બન્યું ભારત | 32-33

**સ્વસ્થ હશે ભારત તો મજબૂત બનશે ભારત**
આરોગ્ય માળખું સુધરવાથી લોકોને સરળતાથી મળે છે સારવાર | 34-36

**નારીને શક્તિ, દેશની પ્રગતિ**
મહિલાઓને આત્મનિર્ભર બનાવવા તરફ અગ્રેસર કેન્દ્ર સરકાર | 37-38

**વિકાસ તરફ ભારતની ‘અષ્ટલક્ષ્મી’**
પૂર્વોત્તરનાં વ્યૂહાત્મક અને આર્થિક વિકાસ પર ભાર | 39-40

**મધ્યમ વર્ગનું જીવન બન્યું સહજ અને સુગમ**
મધ્યમ વર્ગ માટે ‘ઈઝ ઓફ લિવિંગ’ પર વિશેષ ધ્યાન | 41-42

**રાષ્ટ્રીય સ્તર પર મળી સુવિધાઓ, આં.રા. સ્તરે માર્ગદર્શન**
નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન માટે પ્રતિબધ્ધ ભારત | 43-33



**પ્રકાશક અને મુદ્રકઃ** સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલઃ** રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે....

સાદર નમસ્કાર

**यथा ह्येकेन चक्रेण न रथस्य गतिर्भवेत्।**

**एवं पुरुषकारेण विना दैवं न सिध्यति।।**

સંસ્કૃતનાં આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે જે રીતે રથ એક પૈડાથી ન ચાલી શકે, એ જ રીતે મહેનત કર્યા વગર કોઈ ફળ મળતું નથી. આ જ વાત રાષ્ટ્રની પ્રગતિમાં પણ લાગુ પડે છે. સરકારનાં અભિગમ સાથે લોકોની તાકાત પણ જોડાય છે ત્યારે જ રાષ્ટ્ર ઝડપી ગતિ સાથે સમૃધ્ધિ તરફ આગળ વધે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશા આ વાત કહેતા આવ્યા છે કે ભારતવર્ષની તાકાત દેશનાં એક-એક નાગરિકની શક્તિમાં સમાયેલી છે. એટલાં માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તાને સાધન બનાવીને ભારતની જનતાની તાકાતને એ રીતે જોડી કે સરકારની દરેક યોજના, નીતિ, મિશન અને કાર્યક્રમોમાં દરેક વ્યક્તિ ભાગીદાર બની ચૂકી છે. ગામ, ગરીબ, આદિવાસીઓને મજબૂત કરવાનું મોટું અભિયાન દેશમાં ચલાવવામાં આવ્યું. આજે સરકારની યોજનાઓ ઝડપથી વાસ્તવિક રીતે સાકાર બની રહી છે તો તેની પાછળ સરકારનાં કામકાજમાં આવેલું પરિવર્તન જવાબદાર છે.

'સેવા સુશાસન અને ગરીબ કલ્યાણ'નાં અભિગમને સાકાર કરતા વીતેલા આઠ વર્ષમાં કેન્દ્ર સરકારે રાષ્ટ્ર હિતમાં અનેક ઐતિહાસિક નિર્ણય લીધા, તો અંત્યોદયનાં લક્ષ્યની પ્રાપ્તિ તરફ અગ્રેસર રહીને દેશ વિકાસની નવી ઊંચાઈઓ સ્પર્શી રહ્યો છે. વિવિધ આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ પણ એ વાત સ્વીકારી છે કે વડાપ્રધાન મોદીનાં નેતૃત્વમાં ભારત વિક્રમ ગતિથી ગરીબીને નાબૂદ કરી રહ્યું છે. તેનો શ્રેય કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોનાં હિતમાં ધ્યાનમાં રાખીને લેવામાં આવેલા વિવિધ નિર્ણયોને જાય છે.

ગયા અંકમાં અમે આપને જણાવ્યું હતું કે કઈ રીતે કેન્દ્ર સરકારે લગભગ દર ચોથા દિવસે નવી યોજના શરૂ કરી અથવા અગાઉની યોજનામાં વ્યાપક સુધારો કર્યો, જેથી તેનો 100 ટકા લાભ તેનાં હકદાર સુધી પહોંચી શકે. 30મેનાં રોજ કેન્દ્ર સરકાર સત્તા પર આઠ વર્ષ પૂરાં કરી રહી છે ત્યારે 14 સેક્ટર્સમાં વર્ગીકૃત સેંકડો યોજનાઓની ગતિએ રાષ્ટ્રની પ્રગતિને કઈ રીતે નવી દીશા આપી છે, તે આ અંકની કવર સ્ટોરી  છે. ન્યૂ ઇન્ડિયા સમાચારના આગામી અંકોમાં તમને વાંચવા મળશે કે તાજેતરમાં યુરોપ, નેપાળ, જાપાન જેવા દેશોની વડાપ્રધાનની યાત્રાથી કઈ રીતે 2014થી વિશ્વમાં ભારતની વધતી જતી શાખ મજબૂત ભરોસામાં બદલાઈ રહી છે અને દેશ-દુનિયામાં ભારતનું માન સન્માન વધ્યું છે. આ ઉપરાંત, 5 જૂને વિશ્વ પર્યાવરણ દિવસ પ્રસંગે હરિત જીવનશૈલી માટે કેન્દ્ર સરકારનાં પ્રયાસ, વ્યક્તિત્વ, અમૃત મહોત્સવ, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની પ્રગતિની સમીક્ષા, સેમીકન્ડક્ટર ચિપ ઉત્પાદનનું હબ બનવા તરફ અગ્રેસર ભારત જેવા વિશેષ લેખો આ અંકમાં સમાવવામાં આવ્યા છે.


આપના સૂચનો અમને મોકલતાં રહો.

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

**(જયદીપ ભટનાગર)**

# પ્રતિભાવ




## અદભૂત ડિજિટલ મેગેઝિનનાં પ્રકાશન બદલ અભિનંદન

સુંદર ડિઝાઈન અને સામગ્રીની ગુણવત્તા સાથે નિયમિત રીતે અદભૂત ડિજિટલ મેગેઝીનનું પ્રકાશન કરવા બદલ સમગ્ર ટીમને અભિનંદન. સમગ્ર ટીમ ખૂબ સરસ કામ કરી રહી છે. મારું એક સૂચન છે કે તમે મેગેઝીનમાં પ્રસિધ્ધ થતાં દરેક અહેવાલને ઓડિયો સ્વરૂપમાં પણ રજૂ કરો તો એવાં લોકો માટે પણ ફાયદાકારક સાબિત થશે જેઓ તમામ વાંચન સામગ્રી નથી વાંચી શકતા. તેનાથી વાચકો અને શ્રોતાઓની સંખ્યામાં વધારો થશે.

**-ડૉ. અરવિંદ કુમાર પાલ, ગ્રેટર નોઈડા, ઉત્તરપ્રદેશ**
**arvind04pal@gmail.com**

## નવી નવી માહિતી વાંચવા મળે છે

ન્યૂ ઈન્ડિયા સમાચારના 16-30 એપ્રિલ અંકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનાં વડપણમાં ભારતની સંસ્કૃતિ અને સભ્યતાની જાણવણી માટે થઈ રહેલાં પ્રયાસોને જાણીને મન અત્યંત ખુશ થઈ ગયું. આ મેગેઝીનનાં માધ્યમથી નવી નવી માહિતી વાંચવા મળે છે.

આ અંકમાં મને 'ભારતનો વારસો, પુનઃ ભારતની ધરતી પર' એ લેખ ખૂબ ગમ્યો. દેશમાંથી ચોરી કરીને વેચવા માટે વિદેશમાં મોકલવામાં આવતી આપણી સભ્યતા અને સંસ્કૃતિનો વારસો હવે આપણી ધરતી પર પાછો આવી રહ્યો છે, આ વાંચીને મન અત્યંત પ્રસન્ન થઈ ગયું. હું વડાપ્રધાનની કાર્યશૈલીને નમન કરું છું. આ કલાકૃતિઓને સમગ્ર દેશનાં લોકો જોઈ શકે તેવી વ્યવસ્થા કરવા વિનંતી કરું છું.

**-ડૉ. દીપમાલા**
**નવી દિલ્હી**
**deep.mala@sgndkc.du.ac.in**

## બદલાતા ભારતની તસવીરની સુંદર પ્રસ્તુતિ

ન્યૂ ઈન્ડિયા સમાચાર નવાં બદલાતાં ભારતની તસવીરને સુંદર રીતે પ્રસ્તુત કરે છે. સરકારની યોજનાઓ અને રાષ્ટ્રહિતની પ્રવૃત્તિઓ, આગામી લક્ષ્યો અને ભારતનાં ગૌરવશાળી ઈતિહાસને સરસ રીતે વર્ણવવામાં આવે છે. વાંચવા માટે અનેક સાધનો અને સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં આ મેગેઝીનની વાત જ અલગ છે. એવું કહેવું અતિશયોક્તિ નહીં કહેવાય કે ડિજિટલ સમાચાર મેગેઝીનોમાં આ સર્વશ્રેષ્ઠ છે. આ માટે સંપાદકીય ટીમ અભિનંદનને પાત્ર છે.


**-મોહિત સોની**
**કુક્ષી, ધાર, મધ્યપ્રદેશ**
**sonimohit895@gmail.com**

## આ મેગેઝીનથી જ્ઞાનમાં વધારો થાય છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન ઓનલાઈન વાંચું છું, જેનાંથી મારા જ્ઞાનમાં વધારો થાય છે. ભારત સરકારની વિવિધ યોજનાઓ અને કાર્યોની માહિતી એવી રીતે રજૂ કરવામાં આવે છે કે સરળતાથી સમજી શકાય. આ માટે આપનો આભાર.

**-હનવંત સિંહ રાઠોડ, ગામ રાયપુર, જિલ્લો-પાલી**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ: રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઈમેલ: response-nis@pib.gov.in**



## આતંકવાદ વિરુધ્ધ ઝીરો ટોલરન્સ

# નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રિડ પરિસરનો પ્રારંભ

26 નવેમ્બરનો હૂમલો કોણ ભૂલી શકે. કહેવાય છે કે આ હૂમલાની રેકી કરવા માટે આતંકવાદી ડેવિડ હેડલી 2006થી 2009 દરમિયાન અનેક વાર ભારત આવ્યો હતો. પણ તેની અવરજવરની કોઈ પણ માહિતીનું એનાલિસિસ થઈ શક્યું નહોતું, કારણ કે એ વખતે ભારતમાં બિગ ડેટા અથવા એનાલિટિક્સનો એવો કોઈ ડેટા બેઝ નહોતો, જે તેનું મોનિટરીંગ કરે. સલામતીમાં આ મોટી ભૂલને સુધારવા માટે 2010માં નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રિડ (નેટ ગ્રિડ) બનાવવાની પરિકલ્પના તો કરવામાં આવી, પણ ગોકળગાયની ગતિએ કામ કરવાને કારણે આ કામ આગળ જ ન વધ્યું. 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું સુકાન સંભાળ્યું તે પછી જ કામમાં ઝડપ આવી. દિલ્હી સ્થિત નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રિડનું હેડક્વાર્ટરનું કામ લગભગ પૂરું થઈ ચૂક્યું છે તો બેંગલુરુ સ્થિત તેનાં પરિસરનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે 3મેનાં રોજ કર્યું. ગૃહમંત્રીએ જણાવ્યું કે, આંકડા, વ્યાપ અને જટિલતાનાં સંદર્ભમાં ભૂતકાળનાં સલામતી પડકારોની સરખામણીમાં આજે સલામતીની જરૂરિયાતો ઘણી બદલાઈ ગઈ છે. નેટગ્રિડ એ એક નેશનલ ડેટા બેઝ છે, જેમાં આતંકવાદીઓને ફન્ડીંગ, નકલી ચલણ, નશીલા પદાર્થો, બોંબ વિસ્ફોટની ધમકીઓ, ગેરકાયદેસર શસ્ત્રોની દાણચોરી અને અન્ય આતંકવાદી પ્રવૃત્તિઓનું મોનિટરિંગ કરી શકાય. આ ડેટાબેઝની મદદથી ગુપ્ત અને કાયદાકીય એજન્સીઓને હવે મહત્વપૂર્ણ ડેટા સંલગ્ન મુશ્કેલીઓનો સામનો કરવામાં મદદ મળશે. આ ઉપરાંત, ડેટા એનાલિટિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજીની મદદથી કામ કરવાની વર્તમાન પધ્ધતિમાં પણ મોટું પરિવર્તન આવશે. 11 કેન્દ્રીય એજન્સીઓની મદદથી તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની પોલિસને નેટગ્રિડની સેવાઓ પૂરી પાડવામાં આવશે.

# છેવાડાના માણસને પણ હવે સામાજિક સલામતી યોજનાનો લાભ મળી રહ્યો છે

કેન્દ્ર સરકારની કોઈ પણ યોજના ત્યારે જ સંપૂર્ણ રીતે સફળ કહેવાય જ્યારે સમાજના છેવાડાના માણસ સુધી તેનો લાભ પહોંચે. આ જ વિચાર સાથે શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના (PMSBY), અને અટલ પેન્શન યોજના (APY)એ સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂરાં કર્યા છે. દરેક વ્યક્તિ સુધી આર્થિક સુરક્ષાનો લાભ પહોંચાડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મે, 2015માં તેની શરૂઆત કરી હતી. વર્ષે માત્ર 330 રૂપિયાનાં પ્રીમિયમની ચૂકવણી પર બે લાખ રૂપિયાનાં જીવન વીમાનું કવચ આપનાર PMJJBY હેઠળ પ્રારંભથી અત્યાર સુધી 12.76 કરોડ લોકોએ જીવન વીમા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને 5,76,121 વ્યક્તિઓનાં પરિવારોને યોજના અંતર્ગત કુલ 11,522 કરોડ રૂપિયાનાં ક્લેમ સેટલ કરવામાં આવ્યા છે. આ યોજના મહામારી દરમિયાન ઓછી આવક ધરાવતા પરિવારો માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ છે, કારણ કે વર્ષ 2021માં સેટલ કરવામાં આવેલા કુલ દાવામાંથી લગભગ 50 ટકા કોવિડ-19થી થયેલા મૃત્યુ સંબધિત હતા. વર્ષે માત્ર 12 રૂપિયાના પ્રીમિયમમાં બે લાખ રૂપિયાનો અકસ્માત વીમો આપનારી પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના અંતર્ગત અત્યાર સુધી 28.37 કરોડ લોકોએ અકસ્માત કવરેજ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. 97,227 ક્લેમ માટે 1930 કરોડ રૂપિયાનાં દાવા મંજૂર કરવામાં આવ્યા છે, તો ઘડપણમાં આર્થિક સહાય આપનારી અટલ પેન્શન યોજનામાં અત્યાર સુધી ચાર કરોડથી વધુ સભ્યો નોંધાઈ ચૂક્યા છે.



### લોકલ માટે વોકલ થયો દેશ

# ખાદી અને ગ્રામોદ્યોગ વેપાર એક લાખ કરોડ રૂપિયાને પાર

તમે ગાંધી જયંતીથી માંડીને 'મન કી બાત' સુધીનાં કાર્યક્રમોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્વદેશી અને ખાદી માટે અપીલ કરતા અનેક વાર સાંભળ્યા હશે. તેમની આ અપીલને લોકોએ પ્રચંડ પ્રતિસાદ આપ્યો છે. નાણાકીય વર્ષ 2021-22માં ખાદીનું વેચાણ એક લાખ કરોડને વટાવી ચૂક્યું છે. ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન (KVIC) ના અધ્યક્ષ વિનયકુમાર સક્સેનાનાં જણાવ્યા પ્રમાણે દેશની કોઈ ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) કંપનીએ એક નાણાકીય વર્ષમાં આ સીમાચિહ્ન હાંસલ કર્યું હોય તેવું પ્રથમ વાર બન્યું છે. ઉલ્લેખનીય છે કે ગ્રાહકો દ્વારા રોજીંદા જીવનમાં ઉપયોગમાં લેવાતો સામાન એફએમસીજી કેટેગરીમાં આવે છે.

**1,15,415.22**

**કરોડ રૂપિયાનો કુલ વેપાર**

**191%**

**નો વધારો થયો 2014થી માર્ચ 2022 સુધી કેવીઆઈસીનાં વેપારમાં. 332 % વધારો થયો છે 2014થી માર્ચ 2022 સુધી ખાદીનાં વેચાણમાં**

**5052**

**કરોડ રૂપિયાનાં ખાદી વસ્ત્રોનું વેચાણ થયું 2021-22માં. જે અગાઉનાં વર્ષ કરતાં 43.20 %વધુ છે.**

### હવે મેડ ઇન વારાણસી પશ્મીના પણ

સમગ્ર દુનિયામાં સાડી અને ગુલાબી મીનાકારી સહિતનાં કૌશલ્ય માટે પ્રસિધ્ધ વારાણસી હવે પશ્મીના માટે ઓળખાશે. દેશમાં પ્રથમ વાર વારાણસીમાં પશ્મીના વસ્ત્રોનું વણાટ અને ભરતકામ કરવામાં આવ્યું એટલું જ નહીં પણ પશ્મીના વસ્ત્રોનું વેચાણ પણ શરૂ થયું. અત્યાર સુધી પશ્મીના વસ્ત્રોનું ઉત્પાદન માત્ર જમ્મુ કાશ્મીર અને લડાખમાં જ થતું હતું. વારાણસીમાં બનેલી પ્રથમ પશ્મીના શાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભેટ આપવામાં આવી. ઉલ્લેખનીય છે કે કાશી તેનાં વણાટકામ માટે અને લેહ લડાખ પશ્મીના દોરા માટે જાણીતું છે. વારાણસીમાં પશ્મીના શાલ બંનેનાં મિશ્રણ દ્વારા બનાવવામાં આવી રહી છે.

### વિશ્વની ફાર્મસી ભારત

# 8 વર્ષમાં 103 ટકા વધી ભારતની ફાર્મા નિકાસ

કોવિડનાં સમયમાં વિશ્વનાં 120થી વધુ દેશોને હાઈડ્રોક્સિક્લોરોક્વીન સહિતની અનેક દવાઓ અને મેડિકલ ઉપકરણ ઉપલબ્ધ કરાવનાર ભારત હવે વિશ્વની ફાર્મસી તરીકે સ્થાપિત થઈ રહ્યું છે. છેલ્લાં આઠ વર્ષ દરમિયાન ભારતનાં ડ્રગ્સ અને ફાર્મા પ્રોડક્ટ્સની નિકાસમાં 103 ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો છે. 2013-14માં રૂ. 90,414 કરોડનાં ડ્રગ્સ અને ફાર્મા પ્રોડક્ટ્સની નિકાસ થઈ રહી હતી, જે 2021-22માં વધીને 1.83 લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે. ભારતમાં દવાનાં ઉત્પાદન માટે 10,500થી વધુ ઔદ્યોગિક કેન્દ્રોનું મજબૂત નેટવર્ક છે તથા 3,000થી વધુ ફાર્મા કંપનીઓ દવાઓનું ઉત્પાદન કરી રહી છે. તો, ફાર્માસ્યુટિકલ અને દવાઓનાં કાચા માલનાં ઉત્પાદનમાં પીએલઆઈ જેવી યોજનાઓ મદદરૂપ સાબિત થઈ છે. ભારત જથ્થાના સંદર્ભમાં વિશ્વમાં ત્રીજા અને મૂલ્યનાં સંદર્ભમાં વિશ્વમાં 14મા સ્થાને છે.

### ભવિષ્યનાં ભારતની તૈયારી

# નવી યુવા નીતિનો મુસદ્દો તૈયાર: 13 જૂન સુધી સૂચનો આપો

ભારત વિશ્વની સૌથી વધુ વસતિ ધરાવતો દેશ છે. આ યુવાનોને તેમનાં સપના સાકાર કરવા માટે યોગ્ય મંચ પૂરો પાડવાની જરૂર છે. સરકારે 33 વર્ષ પછી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જાહેર કરી હતી અને હવે રાષ્ટ્રીય યુવા નીતિનો વારો છે. યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે તેનો મુસદ્દો તૈયાર કરી લીધો છે. મુસદ્દામાં યુવાનોનાં વિકાસ માટે 10 વર્ષીય વિઝનની કલ્પના કરવામાં આવી છે. ભારત 2030 સુધી આ વિઝન હાંસલ કરવા માંગે છે. આ નીતિ સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (SDG) સાથે સંકળાયેલી છે અને તેમાં ભારતને આગળ વધવા માટે યુવાનોની ક્ષમતાને બહાર લાવવાની જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રીય યુવા નીતિનો હેતુ પ્રાથમિકતા ધરાવતા પાંચ ક્ષેત્રો- શિક્ષણ, રોજગાર અને ઉદ્યોગ સાહસિકતા, યુવા નેતૃત્વ અને વિકાસ, આરોગ્ય, ફિટનેસ અને રમતગમત તથા સામાજિક ન્યાયમાં યુવાનોનાં વિકાસ માટે વ્યાપક પગલાં લેવાનો છે. આમાંનું દરેક ક્ષેત્ર વંચિત વર્ગોનાં હિતોને ધ્યાનમાં સામાજિક સમાવેશિતાના સિધ્ધાંત પર આધારિત છે. રાષ્ટ્રીય યુવા નીતિનો સંપૂર્ણ મુસદ્દો https://yas.nic.in/ પર ઉપલબ્ધ છે. મુસદ્દા અંગેનાં સૂચનો dev.bhardwaj@gov.in અથવા policy-myas@gov.in પર મોકલી શકો છો. ●



# જેમના ચિંધ્યા માર્ગે કરોડો અનુયાયીઓ ચાલી રહ્યા છે

**ભારતની પાવન ધરતી પર દરેક સમયગાળામાં અનેક મહાન વિભૂતિઓ થઈ જેમણે લોકોમાં સામાજિક ચેતના જગાવવાની સાથે સાથે લાંબા સમય સુધી વૈશ્વિક ચેતનાને પણ અસર કરી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સહજાનંદ સ્વામી આવી જ એક મહાન વિભૂતિ છે. વિશ્વભરમાં કરોડો ભક્તો તેમને ભગવાનનો અવતાર માનીને ભગવાન સ્વામીનારાયણ તરીકે પૂજે છે....**

**જન્મઃ 3 એપ્રિલ, 1781 | દેહ ત્યાગઃ 1 જૂન, 1830**

ઉત્તરપ્રદેશનાં ગોંડા જિલ્લાના છપૈયા ગામમાં 3 એપ્રિલ 1781 (ચૈત્ર સુદ નોમ, સંવંત 1837)નાં રોજ બ્રાહ્મણ પરિવારમાં એક બાળકનો જન્મ થયો. માતા-પિતાએ બાળકનું નામ ઘનશ્યામ રાખ્યું. કહેવાય છે કે બાળકનાં હાથમાં પદ્મ અને પગમાં વજ્ર, ઉર્ધ્વ રેખા અને કમળનું ચિહ્ન હતું. જ્યોતિષીઓએ ભવિષ્ય ભાંખ્યું કે આ બાળક લાખો લોકોનાં જીવનને સાચી દિશા આપશે. તેમનાં બાળપણનો એક કિસ્સો જાણીતો છે. કહેવાય છે કે પિતા ધર્મદેવે એક વાર એક પ્લેટમાં સોનાનાં સિક્કા, એક ચપ્પું અને શ્રીમદ્ ભગવદ ગીતાની એક નકલ મૂકી. બાળક ઘનશ્યામે તેમાંથી ગીતાને ઉપાડી. પાંચ વર્ષની વયે તેમને અક્ષરજ્ઞાન આપવામાં આવ્યું. આઠ વર્ષમાં જનોઈ સંસ્કાર બાદ બાળપણમાં જ તેમણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. માતા-પિતાના અવસાન બાદ માત્ર 11 વર્ષની નાની ઊંમરે તેઓ પ્રજા કલ્યાણ માટે ઘર છોડીને ચાલ્યા ગયા. સાત વર્ષ સુધી તેમણે દેશમાં ભ્રમણ કર્યું. એ પછી લોકો તેમને નીલકંઠવર્ણી કહેવા લાગ્યા. આ દરમિયાન તેઓ ગોપાલ યોગી પાસેથી અષ્ટાંગ યોગ શીખ્યા. ઉત્તરમાં હિમાલય, દક્ષિણમાં કાંચી, શ્રીરંગમ અને રામેશ્વર સુધી ગયા. એ પછી, પંઢરપુર અને નાસિક થઈને ગુજરાત આવ્યા. સાત વર્ષ સુધી ફર્યા બાદ 1799માં યોગીનાં રૂપમાં નીલકંઠની યાત્રા જૂનાગઢ જિલ્લાના લોજ નામના ગામમાં પૂરી થઈ. અહીં તેમની મુલાકાત રામાનંદ સ્વામીના શિષ્ય મુક્તાનંદ સ્વામી સાથે થઈ. નીલકંઠવર્ણીએ 20 ઓક્ટોબર, 1800નાં રોજ રામાનંદ સ્વામી પાસેથી સન્યાસ લીધો અને તેઓ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાવા લાગ્યા. પોતાનાં અવસાન પહેલાં રામાનંદ સ્વામીએ ઉદ્ધવ સંપ્રદાયના વડા તરીકે સહજાનંદ સ્વામીને પોતાના ઉત્તરાધિકારી તરીકે નીમ્યા. પછીથી ઉદ્ધવ સંપ્રદાય સ્વામીનારાયણ સંપ્રદાય તરીકે ઓળખાવા લાગ્યો. રામાનંદ સ્વામીના નિર્વાણ બાદ સહજાનંદ સ્વામી સ્વામીનારાયણ તરીકે ઓળખાવા લાગ્યા. તેમણે પોતાના અનુયાયીઓને એક નવો મંત્ર આપ્યો જેને સ્વામીનારાયણ મંત્ર તરીકે ઓળખવામાં આવે છે. તેમણે ગરીબોની સેવાને પોતાનો મંત્ર બનાવીને તમામ વર્ગોને પોતાની સાથે જોડ્યા. તેનાથી તેમની ખ્યાતિ ચોમેર ફેલાઈ. તેઓ પોતાના શિષ્યોને પાંચ વ્રત લેવાનું કહેતા હતા. તેમાં માંસ, મદિરા, ચોરી, વ્યભિચારનો ત્યાગ અને સ્વધર્મનાં પાલનની વાત હતી. ભગવાન સ્વામીનારાયણે જીવન જીવવાના બનાવેલા નિયમોનું પોતે પણ કડક પાલન કરતા હતા. તેમણે, યજ્ઞમાં હિંસા, બલિપ્રથા, સતીપ્રથા, કન્યા હત્યા, ભૂત, બાધા જેવા કુરિવાજોને બંધ કરાવ્યા. વર્ષ 1822માં અમદાવાદમાં કાલુપુર ખાતે પ્રથમ સ્વામીનારાયણ મંદિરની સ્થાપના કરવામાં આવી. હાલમાં ગાંધીનગર તથા દિલ્હીમાં અક્ષરધામ ઉપરાંત અમેરિકા, લંડન, અબુધાબી, નૈરોબી સહિતનાં અનેક દેશોમાં સ્વામીનારાયણ સંપ્રદાયના ભવ્ય મંદિર છે. વર્ષ 1830માં ભગવાન સ્વામીનારાયણે નશ્વર શરીરનો ત્યાગ કર્યો પણ તેમણે આપેલાં જ્ઞાનનો પ્રચાર તેમનાં અનુયાયીઓ વિશ્વભરમાં કરી રહ્યા છે. ●

> **"સ્વામીનારાયણ સંપ્રદાયે બનાવેલા મંદિર, માત્ર મંદિર નથી, પણ સામાજિક ચેતનાના કેન્દ્રો છે. ઉમદા કલાકૃતિ સાથે ટેકનોલોજીનો અદ્દભૂત પ્રયોગ અહીં છે, તો માનવજાતિનાં કલ્યાણની સાથે સાથે વિશ્વ બંધુત્વની ભાવના પણ જોવા મળે છે.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

# ભરૂચ જિલ્લામાં ચાર સામાજિક યોજનાઓ 100 ટકા પૂરી થઈ

**ઉત્કર્ષ એટલે કે ઉન્નતિ, જીવનમાં સમૃધ્ધિ. અમૃત કાળના આ સંકલ્પમાં ભરૂચ વહીવટીતંત્રએ જિલ્લામાં રાજ્ય સરકારની ચાર મુખ્ય યોજનાઓને 100 ટકા પૂરી કરીને અનુકરણીય દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે. આ પ્રસંગે, આયોજિત 'ઉત્કર્ષ સમારોહ'માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું અને અમૃત સંકલ્પનું પુનરાવર્તન કર્યું, "100 ટકા લાભાર્થીઓનું કવરેજ એટલે કે દરેક જાતિ, દરેક વર્ગનો એક સમાન રીતે સાથ લઈને બધાંનો વિકાસ. ગરીબ કલ્યાણની દરેક યોજનામાંથી કોઈ છૂટી ન જાય, કોઈ પાછળ ન રહી જાય. આ ઉત્કર્ષ સમારોહ એ વાતની સાબિતી છે કે જ્યારે સરકાર પ્રામાણિકતાથી સંકલ્પ લઈને લાભાર્થી સુધી પહોંચે છે, તો તેનાં કેટલાં સાર્થક પરિણામ મળે છે."**

જ્યારે એક નક્કર વિચાર અને સંકલ્પ સાથે કોઈ પણ સરકાર સમાજની દરેક વ્યક્તિની ચિંતા કરે છે ત્યારે તેનાં પરિણામ સુખદ હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 2014માં ગુજરાતના મુખ્યમંત્રીમાંથી દેશના વડાપ્રધાન બન્યા ત્યારે દેશની લગભગ અડધી વસતિ ખુલ્લામાં શૌચ માટે મજબૂર હતી. તેમની પાસે શૌચાલયની સુવિધા નહોતી. રસીકરણનું પૂરતું માળખું અને વ્યવસ્થા ન હોવાથી લોકો રસીકરણની સુવિધાથી વંચિત રહેતા હતા. વીજળી જોડાણ ન હોવાથી આજીવિકા મેળવી શકાતી નહોતી. લોકો બેન્ક ખાતાની સુવિધાથી દૂર હતા. પણ વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા મિશનની શરૂઆત કરીને દરેક ઘરમાં શૌચાલય બનાવવાની યોજનાને આગળ ધપાવી. રસીકરણ માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યા, દરેક ગામ, ઘર સુધી વીજળી પહોંચાડવામાં આવી. કોવિડનાં સમયમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાએ લોકોને ગરીબી રેખાથી નીચે જતા બચાવ્યા. અનેક દેશોએ ભારતની આ યોજનાની પ્રશંસા કરી છે. જનકલ્યાણની ભાવના સાથે અમલ કરવામાં આવી રહેલી આ યોજનાઓ લોકોની ભાગીદારીને કારણે દરેક જરૂરિયાતમંદ લાભાર્થી સુધી પહોંચી રહી છે. હવે અમૃત કાળની યાત્રામાં સરકારે 2047નાં સ્વર્ણિમ ભારત માટે દરેક યોજનાને 100 ટકા પાત્ર લાભાર્થીઓ સુધી પહોંચાડવાનો સંકલ્પ લીધો છે. ભરૂચ જિલ્લા વહીવટીતંત્રની આવી પહેલ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, "હું ભરૂચ જિલ્લા વહીવટીતંત્રને, ગુજરાત સરકારને સામાજિક સુરક્ષા સાથે સંકળાયેલી ચાર યોજનાઓનાં 100 ટકા અમલ બદલ અભિનંદન આપું છું." આ પ્રસંગે વડાપ્રધાને જણાવ્યું કે તેમની સરકારનો એ સતત પ્રયાસ રહ્યો છે કે ગરીબ કલ્યાણની યોજનાઓથી કોઈ હકદાર લાભાર્થી રહી ન જવો જોઈએ. બધાંને સંપૂર્ણ લાભ મળવો જોઈએ."

## ઉત્કર્ષ પહેલ

**ગંગા સ્વરૂપા બહેનોને નાણાકીય સહાય યોજના**
1250 રૂપિયાની માસિક મદદ

**રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના**
60 વર્ષથી વધુ ઉંમરના અરજદારોને માસિક 1200 રૂપિયા સુધીની મદદ

**નિરાધાર વૃદ્ધ નાણાકીય સહાય યોજના**
60 વર્ષથી વધુ ઉંમરના અરજદારોને માસિક 1200 રૂપિયા સુધીની મદદ

**રાષ્ટ્રીય પરિવાર સહાય યોજના**
પરિવારમાં કમાતા મુખ્ય સભ્યનાં અવસાન પર રૂ. 20,000ની મદદ

### ભરૂચ જિલ્લા વહીવટીતંત્રએ આ રીતે ઉત્કર્ષ પહેલ હાથ ધરી

- જિલ્લા વહીવટીતંત્રએ આ વર્ષે 1 જાન્યુઆરીથી 31 માર્ચ સુધી ઉત્કર્ષ પહેલ અભિયાન ચલાવ્યું, જેનો હેતુ વિધવાઓ, વડીલો અને નિઃસહાય નાગરિકોને સહાય પૂરી પાડતી યોજનાઓનું સંપૂર્ણ કવરેજ સુનિશ્ચિત કરવાનો હતો.
- ચાર યોજનાઓ માટે કુલ 12,854 લાભાર્થીઓની ઓળખ કરવામાં આવી. આ યોજનાઓ છે-ગંગા સ્વરૂપા નાણાકીય સહાય યોજના, રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના, નિરાધાર વૃધ્ધ આર્થિક સહાય યોજના અને રાષ્ટ્રીય પરિવાર સહાય યોજના.
- અભિયાન દરમિયાન યોજનાઓનાં લાભથી વંચિત લોકો અંગેની માહિતી એકત્ર કરવા માટે તાલુકાવાર વોટ્સએપ હેલ્પલાઈન નંબરની જાહેરાત કરવામાં આવી.
- જિલ્લાનાં તમામ ગામો અને નગરપાલિકાનાં વોર્ડમાં ઉત્કર્ષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં જરૂરી દસ્તાવેજો પૂરા પાડનારા અરજદારોને સ્થળ પર જ એકનોલેજમેન્ટ આપવામાં આવ્યું. અભિયાનને વધુ સુવિધાજનક બનાવવા માટે ઉત્કર્ષ સહાયકોને પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું.



## 8 વર્ષઃ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ

# લોકોની તાકાતથી બની રહી છે નવા ભારતની આધારશિલા

**સર્વગ્રાહી અભિગમ સાથે વીતેલાં આઠ વર્ષમાં કેન્દ્ર સરકારની મુખ્ય યોજનાઓથી ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે, તો 21મી સદીનો નવો દાયકો નવા ભારતનો પાયો તૈયાર કરીને અમૃતકાળમાં ભારતને વિશ્વનું ગૌરવ બનાવવા માટે કૃતનિશ્ચયી છે. દીર્ઘદ્રષ્ટિ સાથે રાષ્ટ્રની સમૃધ્ધિની ગાથા લખવા અને દેશને આત્મનિર્ભર બનાવવાની 'રાષ્ટ્રનીતિ'થી ભારત માત્ર દેશ જ નહીં, વિશ્વ માટે આશાનું કિરણ બનીને ઊભર્યું છે. આ માટે વીતેલાં આઠ વર્ષમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને લક્ષ્ય બનાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક વ્યક્તિને તમામ યોજના સાથે જોડીને તેમને સ્વર્ણિમ ભારત માટે આશાવાદી બનાવ્યા છે. 30મેનાં રોજ વડાપ્રધાન મોદીનાં નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર આઠ વર્ષ પૂરા કરી રહી છે, ત્યારે એક નજર 14 મહત્વનાં સેક્ટર્સની સેંકડો યોજનાઓ પર, જે ભારતનો સર્વગ્રાહી વિકાસ કરી રહી છે અને લોકોનાં જીવનમાં પ્રકાશ ફેલાવી રહી છે.**

**રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના નોઈડામાં સેક્ટર-16 પાસેના ગામડામાં રહેતી ગુડ્ડીની અપેક્ષાઓ સાકાર થઈ છે. તે કહે છે,** “મારો પતિ અને હું મજૂર છીએ. ઘરોમાંથી કચરો ઉપાડીને જે પૈસા મળે છે તેમાંથી અનાજ પાણી લાવીએ છીએ. કોરોનામાં લોકડાઉનમાં બધું બંધ હતું. આવકનું કોઇ સાધન નહોતું, ત્યારે જ મેં સાંભળ્યું કે મોદીજીએ ખોલાવેલા જનધન બેંક ખાતામાં પૈસા આવી ગયા છે. આ કપરાં કાળ દરમિયાન ત્રણ વખત 500-500 રૂપિયા આવ્યા, જેનાથી મોટી રાહત થઈ. ઉપરથી અનાજ પણ મફત મળવા લાગ્યું. જો આ મદદ ન મળી હોત તો શું કરત. બાળકોનાં પેટ કઈ રીતે ભરત?

**ઓડિશાના અંતરિયાળ ગામ મગડાઇમાં રહેતા વિજય, પ્રતિમા અને દર્શની રાઉત માટે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક વરદાન બની ગઈ છે.** પહેલા પૈસા જમા કરાવવા અથવા ઉપાડવા માટે તેમને 20 કિ.મી.ની મુસાફરી કરવી પડતી હતી. પ્રતિમા કહે છે, "પહેલાં એક દિવસ કામ છોડીને ઘરના બાળકો અને વડીલોને એકલા છોડીને બેંકમાં જવું પડ્યું." પણ પોસ્ટ પેમેન્ટ્સ બેંકની સુવિધાએ ગામડે ગામડે જીવન કેવી રીતે બદલ્યું છે તે વિશે દર્શની કહે છે, "બેંકોનાં આંટા મારવાની દોડ હવે પૂરી થઇ ગઈ છે."

**વિકાસ શું છે, દુઃખ દર્દ શું છે, ગરીબી શું છે, મુસીબતો શું છે, તેનો ખૂબ નજીકથી અનુભવ કર્યો છે અને એ જ અનુભવને આધારે હું આજે સમગ્ર દેશ માટે, દેશના કરોડો નાગરિકો માટે, એક પરિવારના સભ્ય તરીકે કામ કરી રહ્યો છું. સરકારનો એ સતત પ્રયાસ રહ્યો છે કે કોઈ પણ લાભાર્થી જે તેનો હકદાર હોય, તે ગરીબ કલ્યાણની યોજનાઓથી વંચિત ન રહેવો જોઇએ.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



**બેંકની સુવિધા હોય કે કિસાન સન્માન નિધિ હેઠળ વર્ષે રૂ. 6,000નાં ત્રણ હપ્તાઓ અથવા એલપીજી સબસિડી. મધ્યપ્રદેશના નૌગાંવના દેવેન્દ્ર સિંહને તેમની એલપીજી સબસિડી સીધી બેંક ખાતામાં મળવા લાગી. તેઓ કહે છે,** "હવે વચ્ચે ગેસ એજન્સીના મેનેજર ન હોવાથી કોઇ ગરબડ નથી થતી અને લાભાર્થીના ખાતામાં સીધા પૈસા આવી જતા હોવાથી કેન્દ્ર સરકારની યોજના સાથે જોડાણ પણ વધ્યું છે." **રાંધણ ગેસ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજનાની રકમ પણ સીધી લાભાર્થીઓનાં ખાતામાં પહોંચવા માંડી છે અને ઉત્તરપ્રદેશના આમીર ખાં, આર્યન ચૌધરી જેવા લોકો તેનાંથી ખુશ છે કારણ કે કેન્દ્ર સરકાર તરફથી મળતાં લાભમાં હવે કોઇ વચેટિયા નથી, કે નથી કમિશન આપવું પડતું.**

**નવી** મુંબઇમાં **રહેતા** પુષ્પા બનસોડે પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાંથી **ધિરાણ લઇને પોતાનાં પરિવારની** પ્રથમ મહિલા ઉધોગ **સાહસિક બની ગઈ છે.** લડાખની કુંજેસ અંગ્મો **પરંપરાગત હસ્તકલાને પ્રોત્સાહન આપવાનો વ્યવસાય શરૂ કરીને સ્થાનિક મહિલાઓને રોજગાર આપી રહી છે.** નોઇડાના અંકિતે 'સ્ટેન્ડ અપ ઇન્ડિયા'**યોજનામાંથી ધિરાણ લઈને પોતાનો વ્યવસાય શરૂ કર્યો.** આગ્રાની પ્રીતિને **પહેલાં લોકડાઉનમાં** મફત અનાજે અને બેન્ક ખાતામાં આવેલા 500-500 રૂપિયાનાં **હપ્તાએ આશરો આપ્યો, બાદમાં** સ્વનિધિ યોજનામાં **મદદ લઈને ફળની લારી ચલાવીને સ્વાભિમાનથી જીવન જીવી રહી છે.**

લોકોનાં જીવનને સરળ બનાવીને સ્વાવલંબિત અને સ્વાભિમાની બનાવતી આવી કહાનીઓની યાદી સેંકડો કે હજારો નહીં પણ કરોડોમાં પહોંચી ગઈ છે. એ પણ માત્ર આઠ વર્ષમાં. વહીવટી સુધારા, વીજળી સુધારો, રેલવે સુધારો, ભ્રષ્ટાચાર પર અંકુશ, કર પારદર્શકતા, જીએસટી દ્વારા 'એક દેશ-એક ટેક્સ'ની ક્રાંતિ, સ્કિલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ, સ્ટેન્ડઅપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, ખેડૂતોને ગુણવત્તાપૂર્ણ ખાતરની સરળતાથી ઉપલબ્ધતા, 34 વર્ષ બાદ આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી ગ્લોબલ હબ બનવાની તૈયારી, મહિલાઓનાં નેતૃત્વમાં વિકાસની નવી દ્રષ્ટિ વિશ્વમાં ભારતની તાકાતને મજબૂત બનાવી રહ્યાં છે. ગરીબોને તેમનાં અધિકાર અપાવવા, ઉજ્જવલા યોજનાથી ધુમાડાંમુક્ત રસોડાંનું સપનું સાકાર કરવું, દરેક ઘરમાં શુધ્ધ પીવાનાં પાણી માટે નળથી જળ પૂરું પાડવાની ભાગીરથી યોજનાની પહેલ, 50 કરોડથી વધુ લોકોને મફતમાં પાંચ લાખ રૂપિયા સુધી સારવારની સુવિધા અપાવીને વિશ્વની સૌથી મોટી હેલ્થકેર યોજના લાગુ કરવી, બધાંને બેન્કિંગ પ્રણાલિથી જોડવા માટે જન-ધન યોજનાને સાકાર કરવી અને છ દાયકાનાં અંતરને છ વર્ષમાં ઘટાડીને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370ની નાબૂદી જેવાં અનેક પગલાં સરકારની કાર્યશૈલીનાં એવા ઉદાહરણો છે જે 'ન્યૂ ઇન્ડિયા'નાં નિર્માણનો પાયો બન્યાં છે. ભ્રષ્ટાચાર, આતંકવાદ, કાળા બજારનાં યુગમાંથી બહાર નીકળીને ભારત એક સશક્ત, સલામત અને પારદર્શકતાની દિશામાં આગળ વધી રહ્યું છે.

પડોશી દેશનાં નાપાક ઈરાદાઓને તેમનાં ઘરમાં ઘુસીને તોડનાર ભારતનાં ઈરાદા આજે બુલંદ છે, તો તેનું કારણ વીતેલાં આઠ વર્ષમાં સરકાર તરફથી દરેક દિશામાં સર્વગ્રાહી અભિગમ સાથે લેવામાં આવેલાં પગલા છે. આ દરમિયાન, જે રીતે સરકારે એક માળખું ઉભું કર્યું, તેનાં પરિણામે કોવિડ જેવી વૈશ્વિક મહામારીમાં પણ ભારતે તેની વ્યૂહાત્મક તૈયારીઓથી વિશ્વને ચોંકાવ્યું એટલું જ નહીં પણ આપત્તિનાં આ સમયમાં વિશ્વને સંજીવની આપનાર 'હનુમાન'ની ભૂમિકા ભજવી. ભારતની વૈશ્વિક ધાકનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે વિશ્વ હવે ભારતની ક્ષમતાને સ્વીકારે છે એટલું જ નહીં પણ એ માનવા મજબૂર થયું છે કે આ નવું ભારત છે, જેની સંસ્કૃતિ અને પારંપારિક વારસો સમૃધ્ધ છે અને તે જે નિર્ધાર કરે છે તે પૂરો કરી ને જ ઝંપે છે. આ નવું ભારત છે, જેનામાં ક્ષમતા પણ છે, તાકાત પણ છે અને સમૃધ્ધિ પણ. આ નવા ભારતનાં નેતૃત્વની ઓળખ વિકાસ ક્ષેત્રમાં આવેલા અભૂતપુર્વ પરિવર્તનને કારણે છે, તો તેને સાકાર કરવામાં 130 કરોડ દેશવાસીઓનો સંકલ્પ છે, જે સ્વચ્છતા અને આત્મનિર્ભરતાની ઝૂંબેશને જન આંદોલનમાં પરિવર્તિત કરી નાખે છે.

**સંકલ્પથી સિદ્ધિઃ અપેક્ષાઓ થઈ સાકાર**

જ્યારે 2014માં વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ સુકાન સંભાળ્યું

ત્યારે દેશમાં માત્ર 300-400 સ્ટાર્ટઅપ જ હતા. સ્ટાર્ટઅપ શબ્દની ચર્ચા પણ નહોતી થતી, પણ માત્ર 8 વર્ષમાં જ ભારતમાં સ્ટાર્ટ-અપની દુનિયા બદલાઈ ગઈ છે. ભારત આજે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકો-સિસ્ટમ બની ગઇ છે અને હવે યુનિકોર્ન હબ બનવાની દિશામાં અગ્રેસર છે, જે દેશનાં નાના-નાના વિસ્તારોમાં ફેલાઈ ગયા છે. આજે ભારતનો યુવાન દર 8-10 દિવસમાં એક નવી યુનિકોર્ન બનાવી રહ્યો છે. ભારતના યુવાનો નવી ઊંચાઇ પ્રાપ્ત કરવાની ઇચ્છાશક્તિ ધરાવે છે. આજે ભારત જી-20 દેશોમાં સૌથી ઝડપથી વૃદ્ધિ કરી રહેલું અર્થતંત્ર છે. ભારત સ્માર્ટફોન ડેટા વપરાશમાં વિશ્વમાં બીજા ક્રમે છે, ગ્લોબલ રિટેલ ઇન્ડેક્સમાં બીજા ક્રમે છે, તો ઊર્જા વપરાશકાર તરીકે વિશ્વનો ત્રીજો સૌથી મોટો દેશ છે. ગ્રાહકોની સંખ્યાની બાબતમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. ભારતે ગયા નાણાકીય વર્ષમાં 417 અબજ ડોલર એટલે કે 30 લાખ કરોડ રૂપિયાથી વધુની ચીજોની નિકાસ કરીને નવો વિક્રમ સર્જ્યો છે. ભારત પોતાના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા માટે જેટલું રોકાણ કરી રહ્યું છે એટલું પહેલાં ક્યારેય નહોતું કરતું. ભારત ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ પર સૌથી વધુ ભાર મૂકી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ ભરૂચમાં આયોજિત કાર્યક્રમમાં કહ્યું હતું કે, “જ્યારે તમે મને ગુજરાતથી દિલ્હી સેવા માટે મોકલ્યો હતો, તેને પણ હવે આઠ વર્ષ થઈ જશે. 8 વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહ્યા છે.”

### જનકલ્યાણ અને ગરીબને ગરિમા

ભારતવર્ષની શક્તિ દેશનાં એક-એક નાગરિકની શક્તિમાં સમાયેલી છે. આ વિચાર સાથે યોજનાઓને તૈયાર કરવામાં આવી એટલું જ નહીં પણ તેનું પરિણામ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું. એટલાં માટે જ્યારે કોઈ પણ યોજનામાં 100 ટકા લક્ષ્યાંક હાંસલ થાય તેનો અર્થ છે- સરકાર અને વહીવટીતંત્ર સંવેદનશીલ છે. સરકાર દરેક વ્યક્તિનાં સુખ-દુઃખની સાથી છે. આજે જ્યારે સરકારનાં આઠ વર્ષ પૂરાં થઈ રહ્યા છે ત્યારે તેમાં એક વિશ્વાસ હોય છે, જે એક નવા સંકલ્પ સાથે, નવી ઊર્જા સાથે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે છે. હવે વડાપ્રધાન મોદીનું સ્વપ્ન છે- સેચ્યુરેશન એટલે કે 100 ટકા લક્ષ્ય તરફ આગળ વધવું. જ્યારે 2014માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારે દેશની લગભગ અડધી વસતિ શૌચાલયની સુવિધાથી, રસીકરણની સુવિધાથી, વીજળીનાં જોડાણની સુવિધાથી, બેન્ક એકાઉન્ટની સુવિધાથી વંચિત હતી. પણ, આ વર્ષોમાં કેન્દ્ર સરકારે અનેક યોજનાઓને 100 ટકા સેચ્યુરેશનની નજીક પહોંચાડી દીધી છે. 100 ટકા લાભાર્થીઓનું કવરેજ એટલે કે દરેક વર્ગને કોઇ પણ પ્રકારનાં ભેદભાવ વગર આવરી લેવા. કોઇ પણ વ્યક્તિ લાભથી વંચિત ન રહેવો જોઇએ એ સરકારનું લક્ષ્ય છે. ‘સબકા સાથ, સબકા વિકાસ.’ સામાજિક સુરક્ષા, જનકલ્યાણ અને ગરીબનાં જીવનને ગરિમામય બનાવવું એ જ સરકારનું લક્ષ્ય છે. 50 કરોડથી વધુ દેશવાસીઓને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવાર, કરોડો લોકોને ચાર લાખ રૂપિયા સુધીનો અકસ્માત અને જીવન વીમો, કરોડો ભારતીયોને 60 વર્ષની ઉંમર બાદ નિશ્ચિત રકમનાં પેન્શનનો લાભ મળ્યો. સામાન્ય માણસને પાકું ઘર, શૌચાલય, રાંધણ ગેસ, વીજળી, પાણીનું જોડાણ, બેન્કમાં ખાતું જેવી સુવિધાઓથી સજ્જ કરીને વિકાસની મુખ્ય ધારામાં સારથી બનાવવામાં આવ્યા. આઝાદી પછી પ્રથમ વાર દેશમાં આશરે 80 ટકા નાના ખેડૂતોની કાળજી લેવામાં આવી. આ ઉપરાંત, માછીમારો, લારી-ગલ્લાવાળાઓને પણ મદદ કરવામાં આવી.

### નવી સવાર ઊગી...

આજે ભારતમાં નવી સવાર ઊગી છે. નવી સદીનાં બીજા દાયકામાં નવી આશાઓ સાથે જીવન બદલાઈ રહ્યું છે. તેનું કારણ એ છે કે વર્ષ 2014માં દેશની સત્તા જ નહીં, દેશનો મૂડ પણ બદલાયો. 130 કરોડ દેશવાસીઓનો બદલાયેલો મિજાજ જ નવા ભારતનો પાયો નાખવામાં મદદરૂપ સાબિત થયો છે. ભ્રષ્ટાચાર, આંતરિક સલામતી, આતંકવાદ, ખેડૂતો સાથે સંકળાયેલી સમસ્યાઓનો અંત દેખાતો નહોતો. એવામાં 2014માં સામાન્ય ચૂંટણી નિરાશાવાદ વિરુધ્ધ આશાવાદનું પ્રતીક બની અને ભારતની જનતાને પણ નવા સવારની અનુભૂતિ થઇ. નોકરશાહીને સાચા અર્થમાં લોકસેવક બનાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુદને પ્રધાન સેવક બનાવ્યા. ‘હું ખાતો નથી, ખાવા દેતો નથી’ ને વહીવટનો મંત્ર બનાવ્યો, જેનાં પર ચાલીને 16થી 18 કલાક કામ કરીને એક ઉદાહરણ રજૂ કર્યું. અંત્યોદયના હેતુને સાકાર કરવા અને સમાજના છેવાડાના માણસને સરકારની યોજનાઓ અને પહેલનો લાભ મળે તે સુનિશ્ચિત કરવા માટે વડાપ્રધાન મોદીએ ઝડપથી અને મોટાં પાયે કામ કર્યું છે. ‘અંધારું દૂર થશે, સૂરજ નીકળશે..’... ભારતના ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ આશરે ચાર દાયકા પહેલાં કરેલો આ ઉદઘોષ 21મી સદીનાં ભારતનો સંકલ્પ બન્યો, જે હવે સાકાર થતાં દેખાઈ રહ્યો છે.

આપણે ભારતનાં લોકો વીતેલાં આઠ વર્ષમાં ભારતમાં નવી સવાર જોઈ રહ્યા છીએ ત્યારે 21મી સદીની નવી આશાઓને પૂરી કરવામાં દેશની જનતાનાં મજબૂત ઇરાદા પણ જરૂરી છે. વીતેલાં આઠ વર્ષમાં ભારતે એક પડાવ હાંસલ કર્યો છે. પણ આ મંઝીલ નથી. નવા ભારતનાં લક્ષ્ય સામે છે. આ તમામ બાબતો કોઈ પણ ભારતીયને ગર્વથી સભર કરશે કારણ કે આ તમામ પ્રયાસ એવો વિશ્વાસ જગાવે છે કે ભારતની પ્રગતિની કહાની અમૃત કાળનાં સંકલ્પને સાકાર કરવા માટે એક નવી ઊર્જા સાથે આગળ વધશે. આ સમય આઝાદીનાં અમૃત મહોત્સવનો છે, ભારત આજે જે કરશે, તેનાં પરથી નવા ભારતનું ભવિષ્ય અને દિશા નક્કી થશે.

**14 ક્ષેત્રોમાં વર્ગીકૃત યોજનાઓ કઈ રીતે વિકાસને નવી ગતિ આપીને રાષ્ટ્રને સમૃદ્ધિ તરફ લઈ જઈ રહી છે, તે જાણીએ....**


# દેશનાં વિકાસનો નવો માપદંડ


**ઈન્ફ્રાસ્ટ્રક્ચર એવું સેક્ટર છે, જે દેશને વિકાસનાં માર્ગે લઈ જાય છે એટલું જ નહીં પણ તેનાંથી રોજગારની તકો પણ વધે છે. સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સમયની બચતની સાથે સાથે દેશનાં વિકાસને પણ નવી ઝડપ મળે છે. આ ઉપરાંત, તેનાંથી મધ્યમવર્ગની જરૂરિયાતો અને આકાંક્ષાઓ પણ પૂરી થાય છે. એટલાં માટે જ, કેન્દ્ર સરકાર દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં માધ્યમથી કનેક્ટિવિટી વધારવા અને લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને એક સાથે અનેક સ્તર પર કામ કરી રહી છે...**
















## સુવિધાઓની સાથે પર્યાવરણનું ધ્યાન

- **ઈંધણની બચતઃ** ફાસ્ટેગ અને નેશનલ હાઈવેના વિસ્તરણથી 20,000 કરોડ રૂપિયાનાં ઈંધણની બચત થઈ છે. નેશનલ હાઈવે પર 728 અને સ્ટેટ હાઈવેનાં 201 ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ સુવિધા શરૂ થઈ ચૂકી છે.
- **અંતર અને સમય ઘટ્યુંઃ** ડિજિટલ ટોલ વ્યવસ્થાથી ટોલ પ્લાઝા પર વેઈટિંગનો સમય ઓછો થયો છે, તો નવાં પુલ અને ટનલનાં નિર્માણથી અંતર ઘટ્યું છે.
- 92 કિ.મીની અટલ ટનલ, દિલ્હી-મુંબઈ વચ્ચે ગોલ્ડન ક્વાડ્રિલેટરલ કોરિડોર, ધૌલા સદિયા પુલ જેવાં પ્રોજેક્ટ્સથી મુસાફરીનો સમય ઘટ્યો છે. એક્સપ્રેસ વે બન્યા પછી દિલ્હીથી મેરઠનું અંતર અઢી કલાકને બદલે 50 મિનિટમાં કાપી શકાશે. દેશનાં સૌથી લાંબા 1380 કિ.મી.નાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસનું કામ ચાલુ છે.



# રેલવે

**1835** કિ.મી. પ્રતિ વર્ષ નવાં પાટા ઉમેરવામાં આવ્યા રેલવેમાં વર્ષ 2014-2021 દરમિયાન નવી લાઈનો અને મલ્ટી-ટ્રેક પ્રોજેક્ટ્સ દ્વારા.

- 10 ગણો વધારો થયો રેલ વિદ્યુતીકરણમાં 2014 બાદ. 100 ટકા કવરેજ સાથે 68,800 કોચમાં લગાવવામાં આવ્યા બાયો ટોયલેટ.
- કવચ જેવી નવી સ્વદેશી ટેકનોલોજી, વંદે ભારત ટ્રેનો અને સ્ટેશનોનાં પુનર્વિકાસ પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય બજેટ 2022-23માં આગામી ત્રણ વર્ષમાં 400 વંદે ભારત ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.
- અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પ્રગિતમાં છે, ભરૂચમાં પિલ્લરનું કામ પૂરું, પ્રથમ પરીક્ષણ 2026માં બિલિમોરા અને સુરત વચ્ચે થશે.
- માલગાડીઓ માટે બે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર બનાવવાની શરૂઆત. 1504 કિ.મી.નો દાદરીથી મુંબઈનો વેસ્ટર્ન કોરિડોર જલ્દી પૂરો થઈ શકે છે. 1856 કિ.મીનાં દાનાકુનીથી લુધિયાણા સુધીનાં ઈસ્ટર્ન કોરિડોર પરનું કામ ચાલી રહ્યું છે.

## વર્ષોથી લટકેલાં પ્રોજેક્ટ્સ શરૂ થયા



56 વર્ષથી અટકેલો સરદાર ડેમ, 65 વર્ષ જૂનો બાણસાગર પ્રોજેક્ટ, 16 વર્ષ જૂનો આસામનો બોગીબીલ પુલ, સિક્કિમનું પાક્યોંગ એરપોર્ટ, દિલ્હીને ટ્રાફિક જામ અને પ્રદૂષણથી બચાવનાર ઈસ્ટર્ન અને વેસ્ટર્ન પેરીફેરલ એક્સપ્રેસ વે, પાંચ દાયકાથી રાહ જોઈ રહેલો કેરળનો કોલ્લમ બાયપાસ જેવાં અનેક પ્રોજેક્ટ હવે પૂરાં થઈ ચૂક્યા છે.

## હવે દેશનાં વિકાસને ગતિની નવી શક્તિ

રસ્તો બની ગયા પછી પાઈપલાઈન નાખવા માટે ખોદવામાં આવેલા ખાડાં તમે જોયાં હશે. કારણ કે સરકારી વિભાગોમાં સંકલન અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને યોજના બનાવવાનાં અભાવને કારણે વિકાસ પ્રોજેક્ટમાં આવું અનેક વાર થતું આવ્યું છે. પણ પ્રથમ વાર તેને ધ્યાનમાં રાખીને 16 મંત્રાલયો અને વિભાગોને ડિજિટલ માધ્યમથી જોડીને ગતિશક્તિ માસ્ટર પ્લાનની શરૂઆત કરવામાં આવી છે. 107 લાખ કરોડ રૂપિયાનાં ખર્ચે હવે દેશમાં ક્યાંય પણ બનનાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ તેનાં દાયરામાં આવશે.

**નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન પ્રોજેક્ટઃ** નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન પ્રોજેક્ટ (NIP)ને 6,835 પ્રોજેક્ટ્સ સાથે લોંચ કરવામાં આવ્યો હતો. હવે કુલ 142.45 લાખ કરોડ રૂપિયાનાં ખર્ચે એનઆઈપીનું વિસ્તરણ લગભગ 9,367 પ્રોજેક્ટ્સ સુધી થયું છે. 2,444 પ્રોજેક્ટ્સ પર હજુ પણ કામ ચાલી રહ્યું છે.

### જળમાર્ગઃ

- 111 આંતરદેશીય જળમાર્ગ છે હવે ભારતમાં. 2014માં તેની સંખ્યા માત્ર 5 હતી.

### મેટ્રો નેટવર્કઃ

- 2014માં દેશનાં પાંચ શહેરોમાં કુલ 248 કિ.મી. લાંબું નેટવર્ક. 2022માં દેશનાં 18 શહેરોમાં કુલ 732 કિ.મી. લાંબું નેટવર્ક



### સામાન્ય માણસની ઉડાન

- 2016માં દેશની પ્રથમ નાગરિક ઉડ્ડયન નીતિ સાથે ભારતનાં ઉડ્ડયન સેક્ટરની સ્થિતિ બદલાવાની શરૂઆત થઈ. જાહેર-ખાનગી ભાગીદારી અંતર્ગત એરપોર્ટ પર સારી સુવિધાઓનો નવો પાયો નાંખવામાં આવ્યો. 16 એરપોર્ટને સૌથી વધુ બોલી લગાવનારી કંપનીઓને 50 વર્ષની લીઝ પર આપવામાં આવ્યા છે.
- એર ઈન્ડિયાનું વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ 27 જાન્યુઆરી, 2022નાં રોજ પૂરું થયું. જે અંતર્ગત સરકારને વ્યૂહાત્મક ભાગીદાર પાસેથી રૂ. 2700 કરોડ મળ્યા છે. રિજનલ કનેક્ટિવિટી સ્કીમ (RCS) દ્વારા નાના શહેરો પર ફોકસ કરવામાં આવ્યું, તો 'ઉડાન' યોજના દ્વારા ઓછાં ભાડાંમાં ટિકિટ આપવાની શરૂઆત 2016માં થઈ. 87 લાખ પ્રવાસીઓ માત્ર 2500 રૂપિયાનાં ભાડાંમાં વિમાન પ્રવાસ કરી ચૂક્યા છે જાન્યુઆરી 2022 સુધી.

### ભારતમાલા પ્રોજેક્ટ

- પોર્ટ, રોડ, રાષ્ટ્રીય કોરિડોરને વધુ સારાં બનાવવા અને નેશનલ કોરિડોરને વિક્સાવવા પણ આ પ્રોજેક્ટમાં સામેલ છે. 7 તબક્કામાં 34,800 કિ.મી. રોડ બનાવવામાં આવશે. 50 ઈકોનોમિક કોરિડોર બનાવવામાં આવશે. 4 લેન અથવા તેનાંથી વધુ લેનવાળા હાઈવેથી 500 જિલ્લાને જોડવામાં આવ્યા છે. 8,134 કિ.મી. રોડ અત્યાર સુધી બની ગયાં છે.


### પર્વતમાલા

- દેશમાં પ્રથમ વાર હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને ઉત્તર-પૂર્વ જેવા વિસ્તારો માટે પર્વતમાલા યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાથી પર્વતો પર પર્યટન અને કનેક્ટિવિટીની આધુનિક વ્યવસ્થા ઊભી થશે. આ રોપવે પ્રોજેક્ટ 3 એસ પર આધારિત છે. આ પ્રોજેક્ટથી દર કલાકે 6,000-8,000 લોકો પ્રવાસ કરી શકે છે.

# નવું ભારત નવી ઊર્જા

વીતેલાં આઠ વર્ષમાં આંતરરાષ્ટ્રીય ફોરમમાં ભારતની આત્મવિશ્વાસથી ભરપૂર ગુંજ સંભળાઈ છે, તો દેશની અંદર પણ આતંકવાદમાં થઈ રહેલો ઘટાડો નવા ભારતની તાકાતનું પ્રતીક છે. જમ્મુ-કાશ્મીર અને લડાખમાંથી કલમ 370 નાબૂદ કરવાનો નિર્ણય હોય કે 'પડોશી પ્રથમ' અને 'વિસ્તારિત પડોશવાદ'ની નીતિ સાથે વિદેશ નીતિને નવી ઊંચાઈ પર લઈ જવાની હોય, કે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની પહેલ સાથે બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ગતિ આપવાનો સાહસિક નિર્ણય હોય, 'ભારત પ્રથમ'નાં વિચાર સાથે દેશને નવી ઊર્જા મળી રહીછે...

## આતંકવાદને જડબાતોડ જવાબ




જમ્મુ-કાશ્મીરમાં 2018માં ઘુસણખોરીની 143 ઘટના બની હતી. 2021માં આવી માત્ર 28 ઘટના બની.

## સરહદ પારના આતંકવાદ પર પ્રહાર

### મ્યાંમારમાં સ્ટ્રાઇક

9 જૂન, 2015નાં રોજ ભારતે પ્રથમ વાર સરહદ પાર કરીને મ્યાંમારમાં આતંકવાદીઓને જવાબ આપ્યો. આ સ્ટ્રાઇકમાં એરફોર્સની મદદ સાથે 70 પેરા કમાન્ડોએ 40 મિનિટનાં ઓપરેશનમાં આતંકવાદીઓને પકડી લેવામાં આવ્યા.

### સર્જીકલ સ્ટ્રાઇક

ઉડી કેમ્પ પર આતંકવાદી હૂમલાનાં જવાબમાં ભારતીય લશ્કરનાં જવાનોએ 28-29 સપ્ટેમ્બર, 2016નાં રોજ પાકિસ્તાનનાં કબ્જા હેઠળનાં કાશ્મીરમાં જઈને આતંકવાદીઓનાં છુપા સ્થળોને નાબૂદ કર્યા.

**એર સ્ટ્રાઇક:** પુલવામામાં જવાનો પર કાયરતાપૂર્ણ આતંકવાદી હૂમલાનાં જવાબમાં એરફોર્સનાં 12 મિરાજ-2000 વિમાનોએ પાકિસ્તાનનાં બાલાકોટમાં હવાઈ હૂમલા કર્યા, જેમાં 300થી 350 આતંકવાદીઓ મર્યા.

## એક દેશ, એક કાયદો, એક પ્રતીકનું સપનું સાકાર

- ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના 'એક દેશ, એક કાયદો, એક વડા, એક પ્રતીક'નો સંકલ્પ આઝાદીનાં 72 વર્ષ બાદ પૂરો થઈ શક્યો છે.
- કલમ 370 અને 35A હટાવ્યા બાદ ધરતીનું સ્વર્ગ ગણાતું જમ્મુ-કાશ્મીર અને લડાખ પણ આઝાદી બાદ દેશનાં બાકીનાં રાજ્યો સાથે વિકાસમાં ખભે ખભો મિલાવી રહ્યા છે.
- 890 કેન્દ્રીય કાયદા લાગુ થયા, રાજ્ય સરકારનાં 205 જૂના કાયદા હટાવવામાં આવ્યા.
- 80,068 કરોડ રૂપિયાનાં ખર્ચે પ્રધાનમંત્રી વિકાસ પેકેજ અંતર્ગત 63 પ્રોજેક્ટ્સ પૂરાં થયાં.
- 28,400 કરોડ રૂપિયાનાં ખર્ચે નવી ઓદ્યોગિક વિકાસ યોજનાની શરૂઆત થઈ.




### બોર્ડર પર મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચર

2008થી 2014
36500 કિ.મી. રોડ અને 7270 પુલ બન્યા હતા

2014થી 2021
6763 કિ.મી. રોડ અને 15000 પુલનું નિર્માણ થયું



## સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ પગલાં

- દેશનાં સંરક્ષણ ઉપકરણોની ખરીદીમાં પાયાનું પરિવર્તન લાવવા માટે સંરક્ષણ ખરીદ નીતિ 2016ની જાહેરાત પ્રથમ પગલું હતું. આ નીતિ જ પથ પ્રદર્શકનું કામ કરે છે.
- અત્યાર સુધી કુલ 310 સંરક્ષણ ચીજો/પ્રણાલિઓની ત્રણ યાદી જાહેર કરી દેવામાં આવી છે, જેની આયાત પર પ્રતિબંધ મૂકીને દેશમાં જ તેને ખરીદવામાં આવશે. આ વખતે સંરક્ષણ ખરીદી બજેટમાં 68 ટકા રકમ સ્થાનિક બજારમાં ખરીદી માટે રાખવામાં આવી છે.
- 48,000 કરોડ રૂપિયામાં સ્વદેશી તેજસની ખરીદીને મંજૂરી.
- 25 ટોચનાં નિકાસકારોમાં પ્રથમ વાર ભારત સામેલ થયું.
- 36 રાફેલ વિમાન ફ્રાન્સ પાસેથી ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો. ફેબ્રુઆરી, 2022 સુધી તેમાંથી 35 વિમાન ભારત પહોંચી ચૂક્યા છે. તેની સ્ક્વોડ્રન અંબાલા અને હાશીમારા એરબેઝ પર તૈનાત કરવામાં આવી છે.
- 37 સૂચિત યુધ્ધ જહાજ અને સબમરીન ભારતમાં જ બનાવવાનો નિર્ણય.


## આધુનિક શસ્ત્રોની ખરીદી

રશિયા પાસેથી એસ-400 એર ડિફેન્સ સિસ્ટમની પહેલી ખેપ મળી ગઈ છે. કલાશનિકોવ એકે-203 હવે દેશમાં જ બનશે. ધનુષ, કે 9 વજ્ર, શારંગ અને અલ્ટ્રા લાઇટ હોવિત્ઝર તોપો હવે દેશમાં જ બની રહી છે. નૌકાદળને મજબૂતી આપવા માટે 6 સ્કોર્પિન સબમરિન ભારતમાં જ બનાવવામાં આવી છે. અપાચે અને ચિનુક હેલિકોપ્ટરે વાયુ સેનાને મજબૂતી આપી છે.



## સેનાને વધુ નાણાકીય તાકાત

સંરક્ષણ દળોનાં આધુનિકીકરણ અને ખરીદી માટે 2022-23નાં બજેટમાં 1.52 લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી. 2014થી અત્યાર સુધી તેમાં આશરે 76 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ત્રણેય સેનાઓનાં કમાન્ડિંગ સ્તરનાં અધિકારીઓને 100 કરોડ રૂપિયા સુધી અને વાઇસ ચીફ ઓફ આર્મી સ્ટાફને 200 કરોડ રૂપિયા સુધીનાં પ્રોજેક્ટ મંજૂર કરવાની સત્તા આપવામાં આવી છે.




**સૈનિકો અને ભૂતપુર્વ સૈનિકોની ચાર દાયકા જૂની માંગને 7 નવેમ્બર, 2015નાં રોજ પૂરી કરવામાં આવી. તેને 1 જુલાઇ, 2014થી અમલી ગણવામાં આવી.**

## UAPAની મજબૂતી

આતંકવાદને મૂળમાંથી નાબૂદ કરવા માટે વિધેયકમાં સુધારો કરીને રાષ્ટ્રીય તપાસ સંસ્થા (એનઆઇએ)ને વ્યાપક અધિકાર આપવામાં આવ્યા. ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (અટકાયત) કાયદો ( Unlawful Activities (prevention) Act, UAPA)માં સુધારો કરીને તેને કડક બનાવવામાં આવ્યો.

## ભારતમાં ડાબેરી ઉગ્રવાદ ઘટ્યો

| વર્ષ | ઉગ્રવાદી ઘટનાઓ | મૃત્યુ | ઉગ્રવાદ અસરગ્રસ્ત જિલ્લા |
|---|---|---|---|
| 2010 | 2258 | 1005 | 96 |
| 2020 | 665 | 183 | 53 |

## ક્વાડ અને 2+2 સંવાદ

અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે ભારત ક્વાડ જૂથનું મહત્વનું વ્યૂહાત્મક ભાગીદાર છે. હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં વ્યૂહાત્મક રીતે આ ભાગીદારી અત્યંત મહત્વની છે. અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયાની સાથે સાથે હવે રશિયામાં પણ 2+2 સંવાદ શરૂ થયો. આ જ રીતે ભારતને આઠમી વાર સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદનાં કામચલાઉ સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યું.

## વેક્સિન મૈત્રી

ભારતમાં કોવિડ જેવી વિપરિત પરિસ્થિતિમાં બે સ્વદેશી રસી તૈયાર કરી અને દેશમાં જ રસીકરણ સાથે વિશ્વનાં 100થી વધુ દેશોમાં રસી મોકલી.




## મદદ માટે હંમેશા તત્પર ભારત

- રશિયા-યુક્રેન યુધ્ધ દરમિયાન પોતાનાં 23,000થી વધુ નાગરિકોને હેમખેમ પાછા લાવવા માટે 'ઓપરેશન ગંગા' હાથ ધરવામાં આવ્યું અને પાકિસ્તાન સહિત અન્ય દેશોનાં વિદ્યાર્થીઓને પણ ભારતે બચાવ્યા.
- કોરોનાનાં સમયમાં પણ એક જવાબદાર રાષ્ટ્ર તરીકે ભારતે વિશ્વનાં દેશોમાંથી પોતાના નાગરિકોને લાવવા માટે સફળતાપૂર્વક 'વંદે ભારત મિશન' અને ઓપરેશન સમુદ્ર સેતુ' અભિયાન ચલાવ્યું. આશરે ત્રણ કરોડ લોકોને અત્યાર સુધી ભારત પાછા લાવવામાં આવ્યા છે.
- સંકટનાં સમયમાં ઇરાનમાંથી 46 નર્સ, સુદાનમાંથી 156 ભારતીય, યમનમાંથી 2900 લોકોને એરલિફ્ટ કરીને ભારત પાછા લાવવામાં આવ્યા.
- નેપાળમાં 25 એપ્રિલ, 2015નાં રોજ ભૂકંપ આવ્યો ત્યારે વિશેષ વિમાન દ્વારા રાહત સામગ્રી મોકલી અને 67 મિલિયન ડોલરની મદદ કરી.
- ઇન્ડોનેશિયા પ્રજાસત્તાકમાં ભૂકંપ અને સુનામીનો ભોગ બનેલાં લોકો માટે ઓપરેશન સમુદ્ર મૈત્રી પણ હાથ ધર્યું.
- મોઝામ્બિકમાં 2019નાં તોફાન દરમિયાન ભારતે માનવીય સહાયતા અને આપત્તિ સહાય પૂરી પાડી.
- ઇસ્ટર પર ભયાનક આતંકવાદી હૂમલા બાદ શ્રીલંકાનો પ્રવાસ ખેડનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વિશ્વ નેતા હતા.

## 'પહેલો સગો પડોશી'નો અભિગમ

- પડોશી દેશો સાથે સારા સંબંધો માટે 'પડોશી પ્રથમ' અને દૂરના દેશો સાથે સંબંધોને નવા પરિમાણ આપવાની દિશામાં 'વિસ્તારિત પડોશવાદ' (Extended Neighbourhood) ની નીતિ 14 બાદ દેશની વિદેશ નીતિનો આધાર બની.
- ટોચનાં નેતૃત્વનાં નવા અભિગમથી ભારત પ્રત્યે વિશ્વનો સંકોચ પણ દૂર થવા લાગ્યો અને કોરોના કાળમાં 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના સાથે ભારત વિશ્વમાં એક ઉમદા નેતૃત્વ તરીકે ઊભર્યુ છે.
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે ભારતનાં સોફ્ટ પાવરને સમગ્ર વિશ્વએ ઓળખ્યું. ગયા વર્ષે 177 દેશોમાં આ દિવસ મનાવવામાં આવ્યો.
- ઇઝરાયેલ, ફ્રાન્સ, યુનાઇટેડ કિંગડમ, જાપાન, અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે ભારતના સંબંધો મજબૂત કર્યા. પશ્ચિમ એશિયા (ઇરાન, સાઉદી અરેબિયા, ઇઝરાયેલ) અને ન્યૂઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયા સાથે સંબંધોની નવી શરૂઆત કરી.
- ઓસ્ટ્રેલિયા સાથે પ્રથમ વાર મુક્ત વેપાર સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા છે. લાંબા સમયથી રાહ જોવાતી હતી તે સમજૂતિને પગલે હવે ભારતીય સામાનને સારું બજાર મળશે. બ્રિટન સાથે મુક્ત વેપાર સમજૂતિ પર વાતચીત ચાલી રહી છે.
- બાંગલાદેશ સાથે ઐતિહાસિક ભારત-બાંગલાદેશ જમીન સરહદ સમજૂતિ લાગુ થઈ. દરિયાઇ સરહદનો વિવાદ પણ પૂરો થયો.




# નાગરિક કલ્યાણની ભાવના સાથે યોજનાનો અમલ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં શાસનમાં ગરીબ, વંચિત અને છેવાડાના માણસનું કલ્યાણ અને તેમની ખુશી સર્વોપરી છે. એટલાં માટે જ તેઓ સ્વચ્છ ભારત મિશન, હર ઘર જલ, મુદ્રા યોજના, ડીબીટી, પીએમ આવાસ, પીએમ-જય આયુષ્યમાન ભારત અને સ્ટેન્ડઅપ યોજના ઉપરાંત આદિવાસીઓનાં વિકાસની યોજનાઓને પ્રાથમિકતા આપી રહ્યા છે. આદિવાસીઓનાં વિકાસ અંગે કેન્દ્ર સરકારની ચિંતાને પરિણામે જ 2014-15માં આદિવાસી બાબતોનાં મંત્રાલયનું બજેટ રૂ. 3850 કરોડથી વધારીને 2022-2023માં વધારીને રૂ. 8407 કરોડ કરવામાં આવ્યું. આ જ રીતે, ટ્રાન્સજેન્ડર અને દિવ્યાંગોના સુગમ જીવન માટે અનેક પહેલ કરવામાં આવી છે.**

## સ્વચ્છ ભારત મિશનઃ ખુલ્લામાં શૌચથી મુક્ત ભારત અને સ્વચ્છતા બની આદત

દેશને ખુલ્લામાં શૌચથી મુક્ત બનાવવા માટે શરૂ કરાયેલી સ્વચ્છ ભારત ગ્રામીણ યોજનામાં 2014થી અત્યાર સુધી 10.93 કરોડથી વધુ વ્યક્તિગત ઘરેલુ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું. તમામ ગામોએ 2 ઓક્ટોબર, 2019માં ખુદને ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર કર્યા. હવે, 2025 સુધી તમામ ગામોને ઓડીએફ પ્લસ બનાવવાની સાથે કચરાના નિકાલ (વેસ્ટ મેનેજમેન્ટ) માટે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ 2.0 ચલાવવામાં આવ્યું છે. 54,000 ગામમાં ઘન કચરાનો નિકાલ અને 29,000 ગામોમાં પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થા પૂરી થઈ ગઈ છે.

### ગ્રામીણ પરિવારો માટે શૌચાલય કવરેજ



## હર ઘર જલઃ હવે પાણી ભરવામાં નહીં, આર્થિક પ્રગતિમાં સમય ખર્ચો

ગ્રામીણ ભારતમાં પીવાનું પાણી દૂરથી લાવવામાં મહિલાઓની અડધી જીંદગી જતી રહેતી હતી. દીકરીઓનાં ભણતર અને મહિલાઓનાં આરોગ્ય પર તેની વિપરીત અસર પડતી હતી. વડાપ્રધાન મોદીએ 15 ઓગસ્ટ, 2019નાં રોજ લાલ કિલ્લા પરથી જલ જીવન મિશનની જાહેરાત કરી. 2019માં 3.23 કરોડ ગ્રામીણ પરિવારોનાં ઘરમાં નળમાંથી પીવાના પાણીની વ્યવસ્થા હતી. યોજનાનાં 33 મહિનામાં 6.30 કરોડ નવાં નળનાં જોડાણ આપવામાં આવ્યા. હવે 9.54 કરોડ પરિવારો એટલે કે આશરે 50 ટકા ઘરોમાં નળમાંથી પીવાનું પાણી મળવા લાગ્યું છે.

## સૌભાગ્ય એટલે બધાંને વીજળી

ગરીબો અને વંચિતોને વીજળીનો અધિકાર આપવા માટે 25 ડિસેમ્બર, 2017નાં રોજ પ્રધાનમંત્રી સૌભાગ્ય યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. દેશના છેવાડાંનાં ઘર સુધી મફત વીજ જોડાણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. જેઓ પાત્ર નથી તેમને માત્ર 500 રૂપિયામાં જોડાણ આપવામાં આવી રહ્યું છે.



## પ્રધાનમંત્રી મુદ્રા યોજનાઃ આર્થિક મજબૂતીનો પ્રારંભ

8 એપ્રિલ, 2015નાં રોજ શરૂ કરવામાં આવેલી પીએમ મુદ્રા યોજનામાં શિશુ, કિશોર અને તરૂણ શ્રેણીમાં ક્રમશઃ 50,000 સુધી, રૂ. 50,000થી રૂ. પાંચ લાખ સુધી અને રૂ. પાંચ લાખથી 10 લાખ સુધીની લોન આપવામાં આવે છે. 18 માર્ચ, 2022 સુધી આ યોજના હેઠળ રૂ. 18.60 લાખ કરોડની લોન આપવામાં આવી. પીએમ મુદ્રા યોજનામાં 10 લાખ રૂપિયા સુધીની જામીનગીરી વગરની લોન આપવામાં આવે છે, જેમાં એસસી, એસટી અને ઓબીસી અરજદારો માટે 51 ટકા લોન હોય છે. યોજનાની અસર અંગે કરવામાં આવેલાં રાષ્ટ્રીય સર્વે પ્રમાણે 2015થી 2018 દરમિયાન 1.12 કરોડ વધારાનાં રોજગાર સર્જનમાં મદદ મળી, જેમાંથી 68.92 લાખ એટલે કે 62 ટકા મહિલાઓ હતી.

## પીએમ સ્વનિધિઃ લારી-ગલ્લાવાળાઓ માટે પુનઃરોજગારનું સાધન

કોવિડનાં સમયમાં સૌથી વધુ આર્થિક ફટકો સહન કરનાર લારી-ગલ્લાવાળાઓને પીએમ સ્વનિધિ હેઠળ 10,000 રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. આ યોજનાને ડિસેમ્બર, 2024 સુધી ચાલુ રાખવાની મંજૂરી કેબિનેટે આપી છે. કિફાયતી ધિરાણની રકમ 8100 કરોડ થઈ ગઈ છે. શહેરી ક્ષેત્રનાં લગભગ 1.2 કરોડ લોકોને તેનાંથી લાભ થશે. 25 એપ્રિલ, 2022 સુધી 31.9 લાખ ધિરાણ મંજૂર કરવામાં આવ્યા, જ્યારે 2931 કરોડ રૂપિયાનાં 29.6 લાખ ધિરાણ વિતરીણ કરવામાં આવ્યા છે.

## એસસી,એસટી અને ઓબીસીને મજબૂત બનાવવા અનેક પહેલ

- એસસી અને એસટી (અત્યાચાર નિવારણ), સુધારા કાયદો, 2018 લાવવામાં આવ્યો.
- સ્ટેન્ડઅપ ઈન્ડિયા અંતર્ગત ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટની સ્થાપના માટે 10 લાખથી એક કરોડ રૂપિયા વચ્ચે સરળ બેન્ક લોનની સુવિધા. તેમાં એસસી, એસટી ઉદ્યોગ સાહસિકો માટે 5305 કરોડ રૂપિયાથી વધુની લોનને મંજૂરી.
- સ્ટેન્ડઅપ ઈન્ડિયામાં 2021-22માં આશરે 1.34 લાખ લોકોને લાભ થયો, 30,160 કરોડ રૂપિયાની લોન મંજૂર.
- દેશની કુલ વસતિનો 8.6 ટકા એટલે કે આશરે 10.4 કરોડ લોકો અનુસૂચિત જનજાતિ (એસટી) છે. દેશમાં 705થી વધુ નોટિફાઈડ જનજાતિઓ છે.
- આદિવાસીઓ માટે ભગવાન તરીકે પૂજાતા બિરસા મુંડાની જયંતી 15 નવેમ્બરને જનજાતીય ગૌરવ દિવસ જાહેર કરવામાં આવ્યો, તો દેશભરમાં 10 આદિવાસી સ્વતંત્રતા સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યાં છે.
- એસટી વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક ધોરણે એકલવ્ય મોડલ ડે બોર્ડિંગ સ્કુલ સ્થાપવાની યોજના.
- આશરે 30 લાખ એસસી-એસટી વિદ્યાર્થીઓને તમામ પ્રકારની શિષ્યવૃત્તિઓ ગણીને રૂ.2500 કરોડથી વધુ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ અંતર્ગત વક્ફ જમીન પર શાળા, કોલેજ, હોસ્પિટલ, કમ્યુનિટી હોલ સહિતની પ્રાથમિક સુવિધાનાં વિકાસ માટે 100 ટકા ફન્ડિંગ. દેશમાં વક્ફ બોર્ડ પાસે રજીસ્ટર્ડ આશરે 7.95 લાખ સંપત્તિ છે.
- આઠ વર્ષમાં લઘુમતી સમુદાયોનાં 5.20 કરોડ વિદ્યાર્થીઓને પ્રી-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક, મેરિટ-કમ-મીન્સ, હઝરત મહલ ગર્લ્સ સ્કોલરશિપ અપાઈ, તેમાં 50 ટકાથી વધુ લાભાર્થી વિદ્યાર્થીનીઓ છે. ડ્રોપ આઉટ દર 70 ટકાથી ઘટીને 30 ટકા થયો.

# ટ્રાન્સજેન્ડરનું સશક્તિકરણ



- 2011ની વસતિ ગણતરીમાં 4,87,803 વ્યક્તિઓને અન્ય શ્રેણીમાં દર્શાવવામાં આવ્યા, જેમાં ટ્રાન્સજેન્ડરનો સમાવિષ્ટ છે.
- ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓનાં અધિકારોની સુરક્ષા અને તેમનાં કલ્યાણ માટે ઉભયલિંગી વ્યક્તિ (અધિકાર અને સંરક્ષણ) કાયદો, 2019ની જોગવાઈઓને 10 જાન્યુઆરી, 2020થી લાગુ કરવામાં આવ્યો.
- ફેબ્રુઆરી, 2022માં મંત્રાલયે ‘સ્માઈલ’ નામની યોજના તૈયાર કરી છે, જેમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓનાં કલ્યાણ અને પુનર્વસન માટે પેટા યોજના સામેલ છે.
- તેમનાં પુનર્વસન, મેડિકલ સુવિધા, કૌશલ્ય વિકાસ, આર્થિક વિકાસ, આર્થિક પેકેજ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પીએમ-દક્ષ યોજના અંતર્ગત તેમને કૌશલ્ય વિકાસની તાલીમ આપવાની યોજના બનાવવામાં આવી છે.
- ઓગસ્ટ, 2020માં રાષ્ટ્રીય ઊભયલિંગી વ્યક્તિ પરિષદની રચના કરવા ઉપરાંત, નવેમ્બર, 2020માં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પોર્ટલની શરૂઆત કરવામાં આવી.
- ટ્રાન્સજેન્ડર અરજદાર ઓફિસમાં ઓળખ વગર પ્રમાણપત્ર અને ઓળખપત્ર મેળવી શકે છે.
- ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે ‘ગરિમા ગૃહ’ નામથી ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, બિહાર, છત્તીસગઢ, તામિલનાડુ અને ઓડિશામાં 12 પાયલટ આશ્રય ગૃહોની શરૂઆત કરવામાં આવી છે.

## સુગમ્ય ભારતથી દિવ્યાંગોનું જીવન થયું સુગમ

- 2011ની વસતિ ગણતરી પ્રમાણે દેશમાં 2,68,14,994 દિવ્યાંગજન છે.
- સર્વસુલભ સુગમ્યતા માટે રાષ્ટ્રવ્યાપી સુગમ્ય ભારત અભિયાનની શરૂઆત 3 ડિસેમ્બર, 2015નાં રોજ કરવામાં આવી. તેનો હેતુ, દિવ્યાંગજનોનાં સલામત, સ્વતંત્ર અને ગરિમાપૂર્ણ જીવન માટે અડચણમુક્ત વાતાવરણ ઊભું કરવાનો છે.
- સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત 35 આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, 55 સ્થાનિક એરપોર્ટ A1 શ્રેણી સહિત પસંદગીનાં 709 રેલવે સ્ટેશન પર સુગમ્યતાની સુવિધાઓ આપવામાં આવે છે.
- કેન્દ્ર સરકારની 95 અને રાજ્ય સરકાર તથા તેમનં વિભાગોની 603 વેબસાઈટને સુગમ્ય બનાવવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની બિલ્ડિંગોને સુગમ્ય બનાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. આ ઉપરાંત, 19 ખાનગી સમાચાર ચેનલો આંશિક રીતે સુગમ્ય સમાચાર બુલેટિનનું પ્રસારણ કરી રહી છે.
- સુગમ્ય ભારત યોજના અંતર્ગત 19.68 લાખ દિવ્યાંગજનોને 1182 કરોડ રૂપિયાનાં સહાયક ઉપકરણ વિતરિત કરવામાં આવ્યા.
- દિવ્યાંગજન અધિકાર કાયદો, 2016નાં અમલીકરણ માટે યોજનામાં અડચણમુક્ત વાતાવરણ, સુગમ્ય ભારત અભિયાન માટે ભંડોળ જારી કરવામાં આવે છે.
- આસામનાં કામરૂપ જિલ્લામાં દિવ્યાંગતા અભ્યાસ અને પુનર્વસન વિજ્ઞાન યુનિવર્સિટીની સ્થાપના માટે પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું.



# સાંસ્કૃતિક વારસાનું જતન કરીને સમૃધ્ધ બનતું રાષ્ટ્ર

**પોતાના વારસાની જાળવણી કરવી, તેને ભાવિ પેઢી સુધી પહોંચાડવો એ દરેક રાષ્ટ્રની ફરજ છે. પોતાની સ્વતંત્રતા, આંદોલન, પોતાનાં સાંસ્કૃતિક વૈભવનાં તમામ પ્રેરક પ્રસંગો અને પ્રેરક વ્યક્તિત્વોને સામે લાવવા માટે કેન્દ્ર સરકાર સતત કામ કરી રહી છે. દેશમાંથી ચોરી થયેલી મૂર્તિઓ અને કળાકૃતિઓને પાછી લાવવાની હોય, જૂના સંગ્રહાલયોનું પુનર્નિર્માણ કરવાનું હોય, નવાં સંગ્રહાલય બનાવવાના હોય, ઉપેક્ષિત મહાનાયકોનું સન્માન કરવાનું હોય, અયોધ્યા, કેદારનાથ ધામ, સોમનાથ, વારાણસી જેવા સાંસ્કૃતિક સ્થળોનો વિકાસ કરવાનો હોય, કાશી વિશ્વનાથ કોરીડોર, રામ મંદિરનું નિર્માણ, ચાર ધામ યાત્રાનો વિકાસ, પ્રસાદ, સ્વદેશ, દર્શન જેવી યોજનાઓથી વિવિધ ધર્મસ્થળોને સર્કિટ તરીકે વિકસાવવી અને અન્ય દેશોનાં રાષ્ટ્ર અધ્યક્ષોને ભારતનાં સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરાવવા માટે તેમને એ સ્થળોએ લઈ જવાનાં હોય કે પછી તેમને તેની સાથે સંકળાયેલી ભેટો આપવાની હોય. વીતેલાં 7-8 વર્ષમાં આ દિશામાં સતત કામ ચાલી રહ્યું છે.**

- **સ્ટેચ્યુ ઓફ યુનિટીઃ** સરદાર પટેલને શ્રધ્ધાંજલિ આપતી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા કેવડિયામાં બનાવવામાં આવી, જે આજે એક પર્યટન સ્થળ તરીકે વિક્સિત થઈ છે.
- **બાબા સાહેબ મેમોરિયલઃ** દિલ્હીમાં બાબા સાહેબનાં મહાપરિનિર્વાણ સ્થળ અલીપુર રોડ પર બાબા સાહેબ મેમોરિયલનું નિર્માણ કરવામાં આવ્યું છે. બાબા સાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ વિક્સાવવામાં આવ્યા છે.
- **ક્રાંતિ મંદિરઃ** 1940નાં દાયકાના મધ્યમાં લાલ કિલ્લામાં ઈન્ડિયન નેશનલ આર્મીનાં કેસે રાષ્ટ્રને હચમચાવી દીધો હતો. અનેક દાયકાઓ સુધી આ સ્થળને ભૂલાવી દેવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીએ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતીએ આ જ ભવનમાં સંગ્રહાલય નેતાજી અને ઈન્ડિયન નેશનલ આર્મીને સમર્પિત કર્યું. આ સંગ્રહાલયનાં ચાર ભાગ છે. આ સમગ્ર સંકુલને ક્રાંતિ મંદિર તરીકે ઓળખવામાં આવે છે.
- **આઝાદ ગેલેરીઃ** અલ્હાબાદ મ્યુઝીયમમાં 1857થી 1947 સુધીની દરેક ક્રાંતિને પ્રદર્શિત કરનારી પ્રથમ અનોખી ગેલેરી. ક્રાંતિવીર ચંદ્રશેખર આઝાદને સમર્પિત આ 'આઝાદ ગેલેરી'માં સશસ્ત્ર બળવા સાથે સંકળાયેલા દસ્તાવેજ તથા અન્ય કેટલી વસ્તુઓ છે.

## ભારતનો વારસો, ફરી ભારતની ધરતી પર

ભારતના સ્વર્ણિમ ઈતિહાસ પ્રત્યે લાગણીનાં પરિણામે જ 2014થી અત્યાર સુધી પુરાતત્વ મહત્વ ધરાવતી 228 અમૂલ્ય પ્રતિમાઓને ભારત પાછી લાવવામાં આવી છે. વર્ષ 2013 સુધી આશરે 13 પ્રતિમાઓ જ પાછી લાવવામાં આવી હતી.



## સ્વદેશ દર્શનઃ થીમ આધારિત સર્કિટનો વિકાસ

- 2015માં સ્વદેશ દર્શન યોજનાની શરૂઆત કરવામાં આવી. આ યોજના અંતર્ગત ભારતમાં 15 થીમ આધારિત સર્કિટનાં વિકાસ માટે શરૂઆત કરવામાં આવી.
- તેમાં બૌધ્ધ સર્કિટ, રામાયણ સર્કિટ, કૃષ્ણ સર્કિટ, પૂર્વોત્તર સર્કિટ, હિમાલય સર્કિટ, તટીય સર્કિટ, રેગિસ્તાન સર્કિટ, આદિવાસી સર્કિટ, ઈકો સર્કિટ, વન્ય જીવ સર્કિટ, ગ્રામીણ સર્કિટ, આધ્યાત્મિક સર્કિટ, વિરાસત સર્કિટ, તીર્થંકર સર્કિટ અને સૂફી સર્કિટનો સમાવેશ થાય છે.
- યોજના શરૂ થયા પછી આ સર્કિટોનાં વિકાસ માટે આશરે 5700 કરોડનાં કુલ 78 પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા છે.

## શીખ સમુદાયના હિતમાં લેવામાં આવેલાં નિર્ણય



- સાહિબજાદાઓનાં મહાન બલિદાનની યાદમાં 26 ડિસમ્બરને વીર બાળ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લેવાયો.
- લાલ કિલ્લા પર 21 એપ્રિલે શ્રી ગુરુ તેગ બહાદુરનાં 400મા પ્રકાશપર્વનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું અને વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રને સંબોધન કર્યું.
- ડેરા બાબા નાનકથી આંતરરાષ્ટ્રીય સરહદ સુધી તમામ આધુનિક સુવિધાઓ સાથે સંકલિત વિકાસ પ્રોજેક્ટનાં ભાગ રૂપે ઓક્ટોબર, 2019માં કરતારપુર સાહિબ કોરીડોરનું નિર્માણ કરવામાં આવ્યું. આઝાદી બાદ પ્રથમ વાર શીખોનાં સૌથી પવિત્ર સ્થળ કરતારપુર કોરીડોરની માંગને કેન્દ્ર સરકારે પૂરી કરી.
- જૂન 2019 બાદ બ્લેક લિસ્ટેડ શીખ નાગરિકોની સમીક્ષા કરવામાં આવી અને માફી યોજના તરીકે શીખ કેદીઓને ગાંધી જયંતીએ મુક્ત કરવામાં આવ્યા.
- પટના સાહિબ સહિત ગુરુ ગોબિંદસિંહ સાથે સંકળાયેલા સ્થળોએ રેલવે સુવિધાઓનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. 'સ્વદેશ દર્શન' યોજના દ્વારા પંજાબમાં આનંદપુર સાહિબ સહિત તમામ મુખ્ય સ્થળોને જોડીને એક તીર્થ સર્કિટ પણ બનાવવામાં આવી રહી છે.

- **જલિયાંવાલા બાગ સ્મારકઃ** જલિયાંવાલા બાગ પરિસરનું આધુનિકીકરણ અને સ્મારકમાં સંગ્રહાલયોની શરૂઆત આઝાદીનાં અમૃત મહોત્સવ વર્ષમાં કરવામાં આવી.
- **બિપ્લોબી ભારત ગેલેરીઃ** કોલકાતામાં બિપ્લોબી ભારત ગેલેરીમાં પણ ક્રાંતિનાં ચિહ્નોને ભાવિ પેઢી માટે આધુનિક ટેકનોલોજીનાં માધ્યમથી આકર્ષક બનાવવામાં આવી રહ્યા છે. આઝાદ હિંદ ફોજનાં યોગદાનને પણ ઈતિહાસનાં પાછળના પાનાઓમાંથી કાઢીને સામે લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આંદામાનમાં જ્યાં નેતાજીએ પ્રથમ વાર તિરંગો લહેરાવ્યો હતો તે સ્થળને પણ નવી ઓળખ આપવામાં આવી છે. સાથે, આંદામાનનાં ટાપુઓને પણ સ્વતંત્રતા સંગ્રામ માટે સમર્પિત કરવામાં આવ્યા છે.
- **વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસઃ** 14 ઓગસ્ટને દર વર્ષે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો, જેથી આગામી પેઢીઓ તેને યાદ રાખે.
- **પ્રધાનમંત્રી સંગ્રહાલયઃ** આ સંગ્રહાલય સ્વતંત્રતા બાદ દેશનાં વડાપ્રધાનોનાં જીવન અને તેમનાં પ્રદાનનાં માધ્યમથી લખવામાં આવેલી ભારતની ગાથાનું વર્ણન કરે છે. પ્રધાનમંત્રી સંગ્રહાલયમાં દેશના 14 ભૂતપુર્વ વડાપ્રધાનોનાં જીવનની ઝલક અને રાષ્ટ્ર નિર્માણમાં તેમનાં યોગદાનને દર્શાવવામાં આવ્યું છે.
- **આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયઃ** 10 જગ્યા પર આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓની યાદમાં સંગ્રહાલયનું નિર્માણ.
- **નેશનલ વોર મેમોરિયલઃ** સર્વોચ્ચ બલિદાન આપનારાં આપણા સૈનિકો માટે રાષ્ટ્રીય સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું.
- **રાષ્ટ્રીય પોલિસ સ્મારકઃ** પોલિસ અને અર્ધલશ્કરી દળોને સમર્પિત રાષ્ટ્રીય સ્મારક દેશની નવી પેઢીને પ્રેરિત કરે છે. આઝાદીનાં આટલા દાયકાઓ સુધી દેશમાં કોઈ રાષ્ટ્રીય પોલિસ સ્મારક નહોતું.

# સાંસ્કૃતિક સ્થળોનો વિકાસ

## અયોધ્યા

- અયોધ્યાને આધ્યાત્મિક કેન્દ્ર, વૈશ્વિક પર્યટન કેન્દ્ર અને કાયમી સ્માર્ટ સિટી તરીકે વિક્સિત કરવામાં આવી રહ્યું છે. રામ મંદિરનાં નિર્માણ બાદ માત્ર ભારત જ નહીં, પણ વિદેશનાં નાગરિકો પણ જ્યારે ભારતની મુલાકાતે આવશે ત્યારે તેઓ અયોધ્યા જવાની ઈચ્છા ધરાવશે.
- અયોધ્યામાં બનનારી નવી સુવિધાઓમાં શ્રધ્ધાળુઓ માટે રહેવાની વ્યવસ્થા, આશ્રમો, મઠો, હોટલો અને વિવિધ રાજ્યોનાં ભવનો માટે જગ્યાનો સમાવેશ થાય છે. અહીં પર્યટન સહાયતા કેન્દ્ર અને વિશ્વસ્તરીય સંગ્રહાલયનું પણ નિર્માણ કરવામાં આવશે.
- સરયુ નદી અને તેનાં ઘાટોની આસપાસ પાયાની સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સરયુ નદીમાં ક્રુઝ ઓપરેશન નવું આકર્ષણ રહેશે.
- સાયકલચાલકો અને વટેમાર્ગુઓ માટે પૂરતી જગ્યા પૂરી પાડીને શહેરનો વિકાસ સુનિશ્ચિત કરવામાં આવશે. સ્માર્ટ સિટીનાં પ્રાથમિક માળખાનો ઉપયોગ કરીને આધુનિક રીતે વાહનવ્યવહારની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

## કાશી વિશ્વનાથ કોરીડોર

- પ્રાચીન મંદિરનાં મૂળ સ્વરૂપને યથાવત રાખીને 5.27 લાખ સ્કવેર ફુટથી વધુ ક્ષેત્રફળમાં તેને વિક્સાવવામાં આવ્યું છે. 800 કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચે બનેલા વિશ્વનાથ ધામમાં શ્રધ્ધાળુઓની સુવિધાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.
- પહેલાં સાંકડી ગલીઓમાં જે વિશ્વનાથ મંદિરમાં શ્રધ્ધાળુઓ માટે પગ મૂકવાની જગ્યા નહોતી ત્યાં હવે બે લાખ શ્રધ્ધાળુઓ ઊભા રહીને દર્શન-પૂજા કરી શકશે.



## કેદારનાથ ધામ

- ઉત્તરાખંડના ચાર ધામમાંથી એક કેદારનાથ ધામ છે. ચાર ધામ યાત્રાને સુગમ બનાવવા માટે તેને રેલ માર્ગથી જોડવામાં આવી રહ્યાં છે અને આધુનિક હાઈવેનું નિર્માણ કરવામાં આવ્યું છે. વર્ષ 2013માં આવેલી કુદરતી આપત્તિથી આ તીર્થનગરીમાં ભારે તારાજી સર્જાઈ હતી. નિરંકુશ ઈમારતોનાં નિર્માણમાં મંદિર ક્યાંક છુપાઈ ગયું હતું. આદિ ગુરુ શંકરાચાર્યની સમાધિનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે અને પર્યાવરણને ધ્યાનમાં રાખીને નુકસાન પામેલા કોરીડોરનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે.



## સોમનાથ

- સોમનાથના કુદરતી સૌંદર્યને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારની ‘પ્રસાદ’ યોજના અંતર્ગત બનાવવામાં આવ્યો સમુદ્ર દર્શન પથ.
- આ ગેલેરી મંદિર સ્થાપત્યની થીમ પર બની છે. સોમનાથ મંદિરનાં ખંડિત અવશેષોને અહીં સાચવીને રાખવામાં આવ્યા છે.
- ઈન્દોરની મરાઠા મહારાણી અહિલ્યાબાઈ હોળકર દ્વારા 1783માં સ્થાપવામાં આવેલાં પ્રાચીન સોમનાથ મંદિરનો પણ જીર્ણોધ્ધાર કરવામાં આવશે. સોમનાથ પર આક્રમણ થયાં તે દરમિયાન આ મંદિરમાં જ પૂજા થતી હતી. સાંકડો પૂજા વિસ્તાર અને પ્રવેશ દ્વાર ધરાવતા જૂના મંદિરના પરિસરનું નવનિર્માણ કરીને કુલ 1800 સ્કવેર મીટર વિસ્તારને મંદિર પરિસરનાં ક્ષેત્રમાં સામેલ કરવામાં આવ્યું છે.
- સોમનાથ મંદિર પરિસરમાં શ્રી પાર્વતી મંદિરનો શિલાન્યાસ થયો. સોમનાથ ટ્રસ્ટે સોમનાથ મહાદેવ નજીક પાર્વતી મંદિર બનાવવાનો નિર્ણય કર્યો છે. અહીં 30 કરોડનાં ખર્ચે અત્યાધુનિક સર્કિટ હાઉસનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં પ્રવાસીઓને પોતાનાં રૂમમાંથી જ સમુદ્રનો નજારો જોવા મળશે.



# રાષ્ટ્રોનાં વડાઓને અનોખી ભેટ

- જાપાનના વડાપ્રધાન યોશીહિદે સુગાને પીએમ મોદીએ ચંદનથી બનેલી ભગવાન બુધ્ધની મૂર્તિ ભેટમાં આપી. ભારત-જાપાનના સંબંધોમાં બૌધ્ધ ધર્મની ભૂમિકા મહત્વની છે.
- પીએમ મોદીએ પોતાનાં ઓસ્ટ્રેલિયન સમકક્ષ સ્કોટ મોરિસનને ચાંદીમાંથી બનેલું ગુલાબી મીનાકારી ધરાવતું જહાજ ભેટમાં આપ્યું. કાશીનું જીવન પ્રતિબિંબિત કરતું જહાજ સ્થાનિક હસ્તકળાનો નમૂનો છે.
- અમેરિકન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને તેમના દાદા પીવી ગોપાલન સંબંધિત જૂના નોટિફિકેશનની એક કોપી ભેટમાં આપવામાં આવી. આ નોટિફિકેશનમાં કમલા હેરિસના દાદાની ભારતમાં સરકારી સેવા દરમિયાનની માહિતી છે.
- ઇઝરાયેલના તત્કાલિન વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને કેરળનાં બે અવશેષોની પ્રતિકૃતિઓ ભેટ આપવામાં આવી હતી. તેને ભારતમાં યહૂદીઓના લાંબા ઇતિહાસની મુખ્ય કળાકૃતિઓ તરીકે માનવામાં આવે છે.
- પીએમ મોદીએ અમેરિકાના પ્રવાસ દરમિયાન તત્કાલિન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અબ્રાહમ લિંકનનાં અવસાન બાદ 1965માં જારી કરવામાં આવેલી એક ટપાલ ટિકિટ ભેટમાં આપી હતી. મેલેનિયા ટ્રમ્પને કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હાથથી બનેલી શાલ અને કાંગડા વેલીનાં કારીગરો દ્વારા બનાવવામાં આવેલું સિલ્વર રંગનું બ્રેસલેટ ભેટમાં આપ્યું હતું.
- વર્ષ 2014માં પીએમ મોદીએ જાપાનની યાત્રા કરી હતી. પોતાની આ યાત્રા દરમિયાન નરેન્દ્ર મોદી જાપાનના સમ્રાટ માટે અત્યંત ખાસ ભેટ લઈને ગયા હતા. નરેન્દ્ર મોદીએ તેમને ભગવદ્ ગીતા ભેટમાં આપી હતી.
- વર્ષ 2014માં અમેરિકાની યાત્રા દરમિયાન પીએમ મોદીએ તત્કાલીન રાષ્ટ્રપતિ બરાક ઓબામાને 400 વર્ષ પ્રાચીન રોગન કળાથી નિર્મિત પેઇન્ટીંગ ભેટમાં આપી હતી.

# પ્રસાદ યોજનાથી પ્રાથમિક સુવિધાઓનો વિકાસ

- Pilgrimage Rejuvenation And Spiritual Augmentation Drive (PRASAD) એક રાષ્ટ્રીય મિશન છે, જેને 2014-15માં પર્યટન મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. આ યોજનામાં 100 ટકા ફન્ડ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.
- આ યોજનાનો હેતુ ધાર્મિક પર્યટન અનુભવને સમૃધ્ધ કરવા માટે દેશભરનાં યાત્રા સ્થળોને ઓળખીને તેનો વિકાસ કરવાનો છે. તેનો મુખ્ય હેતુ સંપૂર્ણ ધાર્મિક પર્યટનનો અનુભવ પ્રદાન કરવાનો અને પ્રાથમિકતા ધરાવતા અને કાયમી રીતે યાત્રા સ્થળોનો સુગ્રથિત વિકાસ કરવાનો છે.
- આ અંતર્ગત રોડ, રેલ, જળમાર્ગ ટર્મિનલ, મોબાઇલ-ઇન્ટરનેટ-હોટ સ્પોટ કનેક્ટિવિટી, શૌચાલય, ક્રાફ્ટ બજાર, એટીએમ, મની એક્સચેન્જ કાઉન્ટર જેવી પ્રાથમિક સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમાં રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોનાં 57 સ્થળોને સમાવવામાં આવ્યા છે. જાન્યુઆરી 2021 સુધી પ્રાપ્ત આંકડા પ્રમાણે 24 રાજ્યોનાં આશરે 1160 કરોડ રૂપિયાનાં 36 પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કરવામાં આવ્યું છે.



## કુશીનગર એરપોર્ટ

ઓક્ટોબર 2021માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને કુશીનગર એરપોર્ટની ભેટ આપી. આ એરપોર્ટ 589 એકરમાં 260 કરોડ રૂપિયાનાં ખર્ચે બન્યું છે. કુશીનગર એરપોર્ટ માત્ર આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી જ નહીં, પણ વિશ્વમાં ભારતની સાંસ્કૃતિક ગાથા અને બૌધ્ધ સર્કિટ સુધી પહોંચવાનું માધ્યમ પણ બનવા જઈ રહ્યું છે.

# યુવાનોના હિતમાં પગલાં લીધાં

**યુવાનો ભવિષ્યનો રાષ્ટ્ર નિર્માતા હોય છે અને એટલાં માટે ભારત વિશેષ સ્થાન ધરાવે છે. કારણ કે ભારતની 65 ટકા વસતિ 35 વર્ષથી ઓછી ઊંમરની છે. દેશમાં યુવાનો અને વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. યુવાનો માટે કેટલીક મહત્વની પહેલની સાથે સાથે ગુણવત્તાપૂર્ણ શિક્ષણને વ્યાપક બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. આ ઉપરાંત, યુવાનોનાં કૌશલ્ય વિકાસ પર ખાસ ભાર મૂકીને ભારતનાં ભવિષ્યનો પાયો મજબૂત કરવામાં આવી રહ્યો છે....**


## 34 વર્ષ બાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

નવી શિક્ષણ નીતિ અંતર્ગત શાળાઓ અને કોલેજોમાં અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવી રહ્યો છે. એનઈપી 2020 ભારતનાં યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કરશે અને તેનું લક્ષ્ય ભારતને વિશ્વનાં સૌથી મોટા વર્કફોર્સમાં બદલવાનું છે. મધ્યમ સ્તરનાં વિદ્યાર્થીઓને પણ સુથારીકામ, ઈલેક્ટ્રિકલ રિપેરિંગ, હોર્ટિકલ્ચર, માટી કામ, પ્લમ્બિંગ, એમ્બ્રોઈડરી જેવા કૌશલ્યમાં વ્યવહારુ તાલીમ આપવામાં આવશે. નીતિ અંતર્ગત 2025 સુધી ઓછામાં ઓછા 50 ટકા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્ય પૂરું પાડવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે.



- **નિષ્ઠાઃ** હેડમાસ્ટર અને શિક્ષકોની પ્રગતિ માટે નિષ્ઠા એક રાષ્ટ્રીય પહેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા શિક્ષણનાં ક્ષેત્રને મજબૂત કરવા માટે નિષ્ઠા યોજના શરૂ કરવામાં આવી છે.
- **નિપુણ ભારતઃ** જુલાઈ 2021માં આ યોજના શરૂ કરવામાં આવી હતી. ત્રીજાં ધોરણમાં ભણતા તમામ બાળકોને વર્ષ પૂરું થાય ત્યાં સુધીમાં પાયાની સાક્ષરતા અને આંકડા જ્ઞાનમાં નિપુણ બનાવવાનો ધ્યેય છે.
- **વિદ્યાંજલિઃ** આ એક વોલ્યન્ટર સેવા છે, જે અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓથી માંડીને વિદ્યાર્થીઓ પોતાની સેવા આપી શકે છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં 5,000 કોચિંગ સેન્ટર ખોલવામાં આવી રહ્યા છે.
- **વિદ્યા પ્રવેશઃ** ધોરણ 1માં પ્રવેશ પહેલાં બાળકોને ત્રણ મહિનાનો ખાસ કોર્સ કરાવવામાં આવશે. જેમાં તેમને ધોરણ 1 માટે જરૂરી અક્ષર અને આંકડા જ્ઞાન આપવામાં આવશે.
- **સ્વયંઃ** 'સ્ટડી વેબ્સ ઓફ એક્ટિવ લર્નિંગ ફોર યંગ એસ્પાયરિંગ માઈન્ડ્સ' (સ્વયં) એક એકીકૃત મંચ છે જે સ્કુલ (9-12)થી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી ઓનલાઈન અભ્યાસક્રમ પૂરો પાડે છે.
- **ડિજિટલ લાઈબ્રેરીઃ** ભારતની નેશનલ ડિજિટલ લાઈબ્રેરી સિંગલ-વિન્ડો સર્ચ ફેસિલિટી અંતર્ગત લર્નિંગ રિસોર્સિસની વર્ચ્યુઅલ રિપોઝીટરી માટે માળખું ઘડવાની યોજના છે.

# આવી રીતે બદલાયું એજ્યુકેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર









**88 લાખ નોકરીઓ વધી છે દેશમાં એપ્રિલ 2022માં. સેન્ટર ફોર મોનિટરીંગ ઇન્ડિયન ઇકોનોમીનાં અહેવાલ પ્રમાણે 2021-22માં ભારતનાં શ્રમિક દળમાં સરેરાશ માસિક વધારો 22 લાખનો છે.**

### સ્વયંપ્રભા

દેશમાં તમામ સ્થળોએ ડાયરેક્ટ ટુ હોમ માધ્યમથી સપ્તાહમાં સાતેય દિવસ ચોવીસ કલાક ઉચ્ચ ગુણવત્તાયુક્ત 34 શૈક્ષણિક ચેનલ પ્રસારિત કરવાની આ પહેલ છે. તેનો હેતુ અંતરિયાળ વિસ્તારોમાં પહોંચવાનો છે, જ્યાં હજુ સુધી ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ નથી.

## સ્કિલ ઇન્ડિયા મિશન

આ યોજના અંતર્ગત 25 એપ્રિલ, 2022 સુધી 1,42,49,631 વ્યક્તિઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. 46 લાખથી વધુ મહિલા અને દિવ્યાંગજનોએ કૌશલ્ય તાલીમ લીધી છે. કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત 75 રેલવે તાલીમ સંસ્થાઓમાં પણ તાલીમ આપવામાં આવી રહી છે.



**1,35,40,509**

**લોકોએ તાલીમ હાંસલ કરી લીધી છે અત્યાર સુધી**

**1,08,40,911**

**યુવાનોને પ્રમાણિત કરવામાં આવ્યા. તેમાંથી 56%નું પ્લેસમેન્ટ થઇ ગયું.**

## વૈજ્ઞાનિક વિચારોને પ્રોત્સાહન

26 એપ્રિલ, 2022 સુધી દેશમાં અટલ ટિંકરીંગ લેબની સંખ્યા

**9,500**

થી વધુ છે. 34 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોનાં 722 જિલ્લામાં તે ફેલાયેલી છે.



**ભારત સીડ ફન્ડ દ્વારા 300 ઈન્ક્યુબેટર્સ દ્વારા 3600 ઉદ્યોગ સાહસિકોને મદદ કરવામાં આવી છે.**

## ખેલો ઈન્ડિયા

**દેશમાં સ્પોર્ટ્સ ઈકો સિસ્ટમનો વિકાસ કરવા માટે તેની શરૂઆત એપ્રિલ 2016માં કરવામાં આવી.**

**દેશમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

| | |
|---|---|
| 2008-14 | 38 |
| 2020-21 | 360 |

**મણિપુરના ઈમ્ફાલ અને ઉત્તરપ્રદેશનાં મેરઠમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.**

**કુલ સાત ચંદ્રક (એક સુવર્ણ, બે રજત અને ચાર કાંસ્ય) સાથે ટોકયો ઓલિમ્પિકમાં ભારતનો દેખાવ અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ રહ્યો.**

## સ્ટાર્ટઅપ ઈન્ડિયા

- દેશમાં હાલમાં 68,000થી વધુ સ્ટાર્ટઅપછે. સ્ટાર્ટઅપે વર્ષ 2016થી માંડીને અત્યાર સુધી 6 લાખથી વધુ રોજગારનું સર્જન કર્યું છે.
- 44થી વધુ યુનિકોર્ન જોડવામાં આવ્યા વર્ષ 2021 દરમિયાન. એપ્રિલ 2022 સુધી નવા 15 યુનિકોર્ન વધ્યા. દેશમાં હાલમાં 100 યુનિકોર્ન છે.

## સ્ટેન્ડઅપ ઈન્ડિયા

- યોજનાની શરૂઆત પછી 21 માર્ચ 2022 સુધી સ્ટેન્ડઅપ ઈન્ડિયા અંતર્ગત આશરે 1.34 લાખ ખાતામાં 30,160 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

STAND UP India
Endeavour and Prosper

## પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના

- આ યોજના પ્રત્યે જાગૃતિ વધારવા માટે વિવિધ અભિયાનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જેથી વધુને વધુ નાગરિકો આ યોજનાનો લાભ લઈ શકે. તેમાં ભારત સરકાર નવા રોજગાર માટે એમ્પ્લોયરને ઈપીએફ કોન્ટ્રીબ્યુશનનો 8.33 ટકા હિસ્સો ચૂકવે છે.
- 1.21 કરોડ લાભાર્થીઓને લાભ મળ્યો છે 27 નવેમ્બર, 2021 સુધી, 1.53 લાખ એકમો દ્વારા.

### રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (NTA)

- મે, 2018માં રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીની શરૂઆત કરવામાં આવી. ભારતમાં જેઈઈ, નીટ, નેટ જેવી એલિજિબિલિટી ટેસ્ટ હવે એનટીએ દ્વારા લેવામાં આવે છે. આશરે 60 લાખ પરીક્ષાર્થીઓ વિવિધ સંસ્થાઓની પ્રવેશ પરીક્ષામાં બેસે છે.

### રાષ્ટ્રીય ભર્તી એજન્સી

- કેન્દ્ર સરકારની નોકરીઓ માટેની ભર્તી પ્રક્રિયામાં ક્રાંતિકારી ફેરફાર લાવવા માટે રાષ્ટ્રીય ભર્તી એજન્સીની રચનાને મંજૂરી આપવામાં આવી. સરકારી નોકરી માટે ઇચ્છુક તમામ ઉમેદવારોએ રાષ્ટ્રીય ભર્તી એજન્સી દ્વારા આયોજિત સામાન્ય યોગ્યતા પરીક્ષા આપવાની રહેશે.

### દસ્તાવેજોનું સેલ્ફ-સર્ટિફિકેશન

- 'મિનિમમ ગવર્મેન્ટ-મેક્સિમમ ગવર્નન્સ'નું પાલન કરતાં ભારત સરકારે દસ્તાવેજોનાં સેલ્ફ સર્ટિફિકેશનની પ્રક્રિયા શરૂ કરી છે. જૂન, 2016થી ભર્તી એજન્સીઓ ઉમેદવારો દ્વારા સ્વ પ્રમાણિત દસ્તાવેજો જમા કરવાનાં આધારે પ્રોવિઝનલ એપોઈન્ટમેન્ટ જારી કરે છે.

## નેશનલ કેરિયર સર્વિસ

- એનસીએસ પ્રોજેક્ટ અંતર્ગત એનસીએસ પોર્ટલ https://www.ncs.gov.in પર અત્યાર સુધી 94 લાખથી વધુ ખાલી જગ્યા મેળવવામાં આવી છે. 3600થી વધુ વ્યવસાયો માટે કારકીર્દિ માર્ગદર્શન ઉપલબ્ધ છે. બે લાખથી વધુ રોજગાર તેનાં દ્વારા મળી ચૂક્યો છે.

# વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ પામતું અર્થતંત્ર

**8 વર્ષ પહેલાં નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રીથી ભારતના વડાપ્રધાનપદે આરૂઢ થયા ત્યારે ભારતનું અર્થતંત્ર કપરી સ્થિતિમાં હતું. ઉદ્યોગ-ધંધા સ્થિર થઈ ગયા હતા, રોકાણ ઘટી રહ્યું હતું અને કાયદાઓની ગૂંચ જેવી અનેક સમસ્યાઓ હતી. વડાપ્રધાન મોદીએ સુધારાનો રસ્તો પસંદ કર્યો. આ માટે પહેલાં અર્થતંત્રમાં માળખાગત સુધારા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા. પછી ઉદ્યોગ-ધંધા અને રોકાણ માટેનું વાતાવરણ સુધારવામાં આવ્યું. ટેક્સ કલેક્શન સિસ્ટમમાં સુધારો થયો. કોવિડનાં પડકાર વચ્ચે આત્મનિર્ભ ર ભારત અભિયાન દ્વારા આયાત ઘટાડીને આવશ્યક ચીજો ભારતમાં જ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો , તો નિકાસ વધારવા માટે પણ ખાસ પગલાં લેવામાં આવ્યા . નેશનલ મોનેટાઇઝેશન પાઈપલાઈન યોજના દ્વારા હવે 2025 સુધી છ લાખ કરોડ રૂપિયાની આવકથી અર્થતંત્રને નવી ગતિ મળશે...**


## સુધારાની નવી પહેલ

- **કંપની (એમેન્ડમેન્ટ) એક્ટઃ** 2017માં કંપની એક્ટમાં સુધારો કરીને નાની કંપનીઓને રાહત આપવામાં આવી હતી. 2013માં એક્ટમાં 16 ટેકનિકલ ખામીઓને ડિક્રિમીનલાઇઝ્ડ કરીને તેને દિવાની (સિવિલ) ખામી ગણવામાં આવી. તેનો હેતુ કંપનીના ડિરેક્ટર્સને વધુ જવાબદાર અને જવાબદેહ બનાવીને કોર્પોરેટ ગવર્નન્સમાં સુધારો કરવાનો છે.
- **ઈન્સોલ્વન્સી બેન્કરપ્સી કોડઃ** ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ 2016 બનાવવામાં આવ્યો. તેનાથી 'ઋણધારક' (ડેટર્સ)ના નિયંત્રણની વર્તમાન વ્યવસ્થાને બદલે 'ઋણ આપનાર' (ક્રેડિટર્સ)ને અંકુશ મળ્યો. આનાથી, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની સ્થિતિ સુધરી અને એનપીએમાં પણ ઘટાડો થયો. સંસદે તાજેતરમાં જરૂરી સુધારાને મંજૂરી આપી હતી.
- **કોર્પોરેટ ટેક્સનો બોજો ઘટ્યોઃ** કંપનીઓ પર ઓછો કર બોજ.. પહેલાં સ્થાનિક કંપનીઓએ 30 ટકા કોર્પોરેટ ટેક્સ આપવો પડતો હતો. અને સરચાર્જ અલગ. હવે તેને ઘટાડીને 22 ટકા કરવામાં આવ્યો છે. સરચાર્જ અને સેસ સાથે અસરકારક દર 25.17 ટકા છે. આ પહેલાં ભારતમાં કોર્પોરેટ ટેક્સનો અસરકારક દર વિશ્વમાં સૌથી વધુ હતો.
- **કાયદાના બોજમાંથી મુક્તિ, સિંગલ વિન્ડો ક્લિયરન્સઃ** વેપાર સાથે સંકળાયેલા આવા 2875 કાયદા કે અવરોધોની ઓળખ કરવામાં આવી. આમાંથી 2007ને નાબૂદ કરી દેવામાં આવ્યા છે. રોકાણકારો માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ ગાઇડન્સની શરૂઆત કરવામાં આવી. વેપારને સરળ બનાવવા માટે ઈન્ડિયન કસ્ટમ ઇલેક્ટ્રોનિક ગેટવે દ્વારા દસ્તાવેજ સંબંધી ક્લિયરન્સને ઝડપી કરવામાં આવ્યું.

### મોબાઇલ ઉત્પાદનમાં બીજો નંબર

2014-15માં મોબાઇલ ફોનનું ઉત્પાદન 6 કરોડ સેટ અને રૂ. 19,000 કરોડનું હતું, જે 2020-21માં વધીને 30 કરોડ સેટ અને રૂ. 2.20 લાખ કરોડ સુધી પહોંચી ગયું. સેલ્યુલર ફોન અને સ્પેરપાર્ટ્સનાં ઉત્પાદન માટે 2014માં માત્ર બે ફેક્ટરી હતી, જે 2021માં વધીને 200 થઈ ગઈ.

## નિકાસમાં વિક્રમ



આંકડા અબજ ડોલરમાં

**ભારતે નાણાકીય વર્ષ 2021-22માં વાણિજ્યિક વસ્તુઓની નિકાસમાં નવો રેકોર્ડ નોંધાવ્યો છે. એક વર્ષ દરમિયાન 419.65 અબજ અમેરિકન ડોલરની નિકાસ થઈ છે. સર્વિસ સેક્ટરમાં નિકાસનો આંકડો 254.4 અબજ ડોલર હતો. કૃષિ નિકાસ અત્યાર સુધીનાં સર્વોચ્ચ 50 અબજ ડોલરના આંકડાને વટાવી ચૂકી છે.**

### ઇલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સની નિકાસ

**88% નો વધારો થયો ઇલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટ્સની નિકાસમાં નાણાકીય વર્ષ 2021-22માં જાન્યુઆરી 2022 સુધી.**

### વિદેશી હૂંડિયામણ




**સીધાં વિદેશી રોકાણનો પ્રવાહ**

| | |
|---|---|
| 2014 | 45.148 |
| 2021 | 74.01 |

(આંકડા અબજ ડોલરમાં)

## રેટ્રોસ્પેક્ટિવ ટેક્સની નાબૂદી

ભારતમાં રોકાણની સાથે સાથે રોકાણકારોનાં ભરોસાને નુકસાન પહોંચાડનાર રેટ્રોસ્પેક્ટિવ ટેક્સને નાબૂદ કરીને ભારતમાં વેપારનો નવો માહોલ તૈયાર કર્યો.

## વિદેશી રોકાણ માટે રસ્તાં ખોલ્યાં

2014 બાદ રેલવે, ઇન્ફ્રા, ડિફેન્સ, ડિવાઈસ, કન્સ્ટ્રક્શન ડેવલપમેન્ટ જેવા સેક્ટર્સને વિદેશી રોકાણ માટે ખોલવામાં આવ્યા. બ્રોડકાસ્ટિંગ, રિટેલ ટ્રેડિંગ, એર ટ્રાન્સપોર્ટ, વીમો અને પેન્શન જેવા સેક્ટરમાં એફડીઆઇનાં નિયમ સરળ કરવામાં આવ્યા. સંરક્ષણ ક્ષેત્રમાં 74 ટકા વિદેશી રોકાણને મંજૂરી આપવામાં આવી.

## એમએસએમઇ પર વિશેષ ધ્યાન

કોરોના કાળમાં સૌથી વધુ અસરગ્રસ્ત આ ક્ષેત્રની વ્યાખ્યા નવેસરથી નક્કી કરવામાં આવી. એમએસએમઇ સાથે સંકળાયેલા કેસોનાં 72 કલાકમાં નિકાલ માટે ચેમ્પિયન્સ પોર્ટલની શરૂઆત કરવામાં આવી. એમએસએમઇ સેક્ટરની મદદ માટે ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરન્ટી યોજના શરૂ કરવામાં આવી.

## શ્રમ સુધારા

29 શ્રમ કાયદાઓને સરળ કરીને 4 લેબર કોડમાં સમાવવામાં આવ્યા. 38 કરોડ અસંગઠિત શ્રમિકો માટે સામાજિક સુરક્ષા ભંડોળની શરૂઆત કરવામાં આવી. શ્રમિકોનાં હિતમાં રાષ્ટ્રીય ડેટા બેઝનાં રૂપમાં ઇ-શ્રમ પોર્ટલની શરૂઆત કરવામાં આવી. પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અંતર્ગત 3000 રૂપિયાનું માસિક પેન્શન શરૂ કરવામાં આવ્યું.

## એક જિલ્લો-એક ઉત્પાદન

એક જિલ્લા-એક ઉત્પાદન યોજના દ્વારા ચોક્કસ પ્રોડક્ટ માટે જાણીતા હોય તેવા જિલ્લાની ઓળખ કરવામાં આવી. અહીં તેનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે તમામ જરૂરી મદદ પૂરી પાડવામાં આવે છે. અત્યાર સુધી 103 જિલ્લામાંથી 106 પ્રોડક્ટ્સ નક્કી કરવામાં આવી છે. 739 જિલ્લામાંથી 739થી વધુ પ્રોડક્ટ્સની યાદી તૈયાર કરવામાં આવશે

## વિશ્વનું સૌથી ઝડપી અર્થતંત્ર

2021માં કોવિડનાં સમયમાં જીડીપી વૃદ્ધિ દર માઈનસ 8.9 ટકા થઈ ગયો હતો, જે સૌથી વધુ હતો. સરકારે 2022-23 માટે પ્રથમ એડવાન્સ એસ્ટિમેટ 9.2 ટકા રજૂ કર્યો છે. 2014માં ભારતની જીડીપી વિશ્વનાં 10મા ક્રમે હતી, 2021માં તે છઠ્ઠા ક્રમે હતી. ભારત 2030 સુધીમાં જાપાનને પાછળ પાડીને એશિયાનું બીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની સંભાવના છે.

## 14 સેક્ટરમાં રૂ. 1.97 કરોડની પીએલઆઇ સ્કીમથી પાંચ વર્ષમાં 60 લાખ નવાં રોજગાર

- ફુડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી
- આઇટી હાર્ડવેર
- એસી, એલઇડી, બલ્બ
- ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રી
- ફાર્માસ્યુટિકલ એપીઆઇ (દવાઓ માટે કાચો માલ)
- ટેલિકોમ ઉત્પાદન
- સોલર પાવર પીવી મોડ્યુલ્સ
- ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ
- મેડિકલ ઉપકરણો
- ઓટોમોબાઇલ કમ્પોનન્ટ
- ડ્રોન અને તેને સંલગ્ન પ્રોડક્ટ્સ
- ટેક્સટાઇલ
- સ્પેશ્યલ સ્ટીલ્સ
- એડવાન્સ્ડ કેમીકલ સેલ

## જીએસટીઃ એક રાષ્ટ્ર, એક કરની શરૂઆત


વેટનાં દર નક્કી કરવાની સત્તા રાજ્યો પાસે હતી. એવું જોવામાં આવ્યું કે રોકાણકારોને આકર્ષવા માટે વિવિધ રાજ્યો ઘણી વાર આ દરને ઘટાડી દેતાં હતાં. તેનાંથી કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેને આવકમાં નુકસાન જતું હતું. આ બાબતને ધ્યાનમાં રાખતા વર્ષ 2017માં જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ)ને લાગુ કરવામાં આવ્યો. હવે દેશભરમાં ટેક્સનાં દર અને પ્રક્રિયામાં સમાનતા છે

**4%** સુધી બચત થઈ ઘરેલુ માસિક ખર્ચમાં જીએસટી લાગુ થયા પછી




### ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ

આ ઇન્ડેક્સ વિશ્વ બેન્ક બહાર પાડે છે. તેમાં વિવિધ માપદંડો હોય છે. તમામ માપદંડોને ભેગાં કરીને એ જોવામાં આવે છે કે બિઝનેસ કરવામાં લોકોને કેટલી સરળતા છે. બિઝનેસ કરવામાં કયાં અવરોધો આવે છે એ પણ જોવામાં આવે છે.




**સરકારનું લક્ષ્ય ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ યાદીમાં ટોચનાં 50 દેશોમાં ભારતને સ્થાન અપાવવાનું છે.**

# ટેકનોલોજી પરિવર્તનની ક્રાંતિ

**રાજકારણ હોય કે રાષ્ટ્રનીતિ, ડિજિટલનું મહત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી સારી રીતે કોણ સમજી શકે. ડિજિટલ આજની જરૂર છે અને ભવિષ્યની અનિવાર્યતા છે. એટલાં માટે 2014માં દેશનું નેતૃત્વ સંભાળતા જ તેમણે સરકારી યોજનાઓથી માંડીને પાયાના સ્તર સુધી દરેક જગ્યાએ ડિજિટલ અને ટેકનોલોજીને મહત્વ આપ્યું છે. ડીબીટીનાં માધ્યમથી દિલ્હીથી એક-એક રૂપિયો જરૂરિયાતમંદનાં ખાતામાં પહોંચ્યો છે, ત્યારે 'મિનિમમ ગવર્મેન્ટ-મેક્સિમમ ગવર્નન્સ'નું સપનું સાકાર થઈ રહ્યું છે..**

## ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર



ડીબીટી એટલે કે લાભાર્થીઓનાં ખાતામાં સીધા પૈસા જમા થવાથી વચેટિયાઓની નાબૂદી થઈ ગઈ છે અને પારદર્શિતા આવી છે, તો લાભાર્થીઓને સીધા તેમનાં ખાતામાં મદદ મોકલવાનું શક્ય બન્યું છે. જનધન-આધાર-મોબાઇલ એટલે કે જેમ ટ્રિનિટી પર આધારિત આ લીકેજ પ્રુફ સિસ્ટમથી નાણાકીય વર્ષ 2021-22માં જ આશરે 44,000 કરોડ રૂપિયાની બચત થઈ છે.





સીધા લાભાર્થી સુધી મદદ મોકલવી હવે શક્ય


લાભાર્થીઓને સાચી ઓળખ કરવામાં મદદ

છેતરપિંડીથી મુક્ત સિસ્ટમ

**ડીબીટી સાથે સંકળાયેલા મંત્રાલયો**




**ડીબીટી સાથે સંકળાયેલી યોજનાઓ**




**લાભાર્થીઓની સંખ્યામાં આશરે 16 ગણો વધારો**

**2013-14: 10.80 કરોડ | 2021-22: 168.2 કરોડ**

# યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ) અને ડિજિટલ પેમેન્ટ

- 2016માં શરૂ થયેલું આ અગ્રણી ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ છે. તેમાં એક જ મોબાઇલ એપ્લિકેશન પર અનેક બેન્ક ખાતાઓને જોડી શકાય છે.
- તેનાં દ્વારા ડિજિટલી નાનાં પેમેન્ટ શક્ય બન્યાં છે. ફેબ્રુઆરી, 2022 સુધી 229 બેન્ક યુપીઆઇની સેવાથી જોડાઇ ચૂકી છે.
- 10 લાખ કરોડ રૂપિયાનું પેમેન્ટ 600 કરોડ ટ્રાન્ઝેક્શન્સ દ્વારા થઈ ચૂક્યું છે. 26 કરોડ લોકો તેનો ઉપયોગ કરી રહ્યા છે. 15 કરોડ QR યુપીઆઇ કોડ લગાવી ચૂક્યા છે. (આંકડા 2 મે, 2022 સુધીનાં)




## ટેકનોલોજીથી પારદર્શકતા આવી

- 2014 પહેલાં આપણે આડેધડ નિર્ણયો લેવાતા હોવાની અને ભ્રષ્ટાચારની વાતો સાંભળતા હતા. પણ, 2014 પછી ટેકનોલોજી આધારિત સિસ્ટમ દ્વારા પારદર્શકતા સુનિશ્ચિત કરવામાં આવી.
- સ્પેક્ટ્રમ અને કોલસા સહિત તમામ સરકારી નીલામી પ્રક્રિયાઓને ઓનલાઇન કરવામાં આવી છે.
- પારદર્શકતા સુનિશ્ચિત કરવા માટે ઇનોવેટિવ પગલાં અંતર્ગત પર્યાવરણ મંત્રાલય સહિત વિભાગીય મંજૂરીઓની પ્રક્રિયાને ઓનલાઇન કરવામાં આવી.
- કેન્દ્ર સરકાર સાથે સંકળાયેલાં તમામ મંત્રાલયો અને વિભાગોની વેબસાઇટ પર ઓનલાઇન ડેશબોર્ડની શરૂઆત કરવામાં આવી. આ ડેશબોર્ડ પર દરેક યોજના સાથે સંકળાયેલો ડેટા રિયલ ટાઇમ અપડેટ કરવામાં આવે છે.
- જનતા સાથે સીધા જોડાવા માટે 26 જુલાઇ, 2014નાં રોજ MYGOVની શરૂઆત કરવામાં આવી. વેબસાઇટ, એપ અને ટ્વિટર હેન્ડલ દ્વારા લોકભાગીદારીનું આ મંચ સામાન્ય માણસોને પોતાનાં વિચારો અને સૂચનો રજૂ કરવાની તક પૂરી પાડે છે.
- સરકારી વિભાગોની ખરીદીને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે ઓગસ્ટ 2016માં ગવર્મેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (GeM) પોર્ટલની શરૂઆત કરવામાં આવી. તેનાં દ્વારા તમામ વિભાગોની સરકારી ખરીદી ફરજિયાત કરવામાં આવી છે. તેની સાથે 40 લાખથી વધુ વેપારીઓ જોડાયેલા છે.
- કેન્દ્ર સરકારનાં 42 મંત્રાલય અને વિભાગોની 511 સેવાઓ ઓનલાઇન છે. રાજ્યોના આંકડાને પણ જોડી દેવામાં આવે તો તેની સંખ્યા 7000ને વટાવી ચૂકી છે.

### ડિજિટલ લોકર
ડિજિટલ લોકર જારીકર્તાને ડિજિટલ રિપોઝીટરીમાં દસ્તાવેજોને અપલોડ કરવા માટે રિપોઝીટરી અને ગેટવે સંગ્રહ સાથે એક ઇકો સિસ્ટમ પૂરી પાડે છે. તેમાં ફેબ્રુઆરી, 2022નાં પ્રથમ સપ્તાહ સુધી 9.23 કરોડથી વધુ યુઝર રજીસ્ટર થઈ ચૂક્યા છે. તેનાં માધ્યમથી 19 એપ્રિલ, 2022 સુધી 507 કરોડ રૂપિયાથી વધુ દસ્તાવેજ જારી કરવામાં આવ્યા છે. તેમાં 1695 ઇશ્યુઅર અને 349 સંગઠનોને સામેલ કરવામાં આવ્યા છે.

### ઉમંગ એપ
હાલમાં ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ (BBPS) ઉપયોગિતા સેવાઓની 20,527 સેવાઓની સાથે સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારનાં 279 વિભાગો, 33 રાજ્યની એજન્સીઓની 1417 સેવાઓને ઉમંગમાં સામેલ કરવામાં આવી છે.

### ઇ-સિગ્નેચર
યુઆઇડીએઆઇની ઓટીપી આધારિત સર્ટિફિકેશન સેવાઓનો ઉપયોગ કરીને વિવિધ કામગીરીમાં ફેબ્રુઆરીનાં પ્રથમ સપ્તાહ સુધી કુલ 23.72 કરોડ ઇ-હસ્તાક્ષર જારી કરવામાં આવ્યા છે. સી-ડેકે પણ કુલ 4.45 કરોડ ઇ-સિગ્નેચર જારી કરી છે.

### હયાતીનું પ્રમાણપત્ર
પેન્શનધારકોએ હયાતીનું પ્રમાણપત્ર લેવા માટેની સમગ્ર પ્રક્રિયાને હવે ડિજિટલ કરી દેવામાં આવી છે. નથી. 2014થી ફેબ્રુઆરી, 2022 સુધી આશરે 5.68 અબજ ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ્સ જારી કરવામાં આવ્યા હતા.

### કોવિન અને આરોગ્ય સેતુ
કોવિડ સામેની લડાઈમાં ડિજિટલ પ્લેટફોર્મ કોવિન શરૂ કરવામાં આવ્યું. પોર્ટલ અને એપ દ્વારા કોવિડ રસીકરણથી માંડીને સર્ટિફિકેટ સુધીનાં તમામ તબક્કાની સુવિધા કોવિન દ્વારા પૂરી પાડવામાં આવી. તો, આરોગ્ય સેતુ કોવિડ વિરુધ્ધ કોન્ટેક્ટ ટ્રેસિંગનું મહત્વનું માધ્યમ બન્યું.

# ડિજિટલ ઇન્ડિયા

- ડિજિટલ ઇન્ડિયા ભારત સરકારનો મહત્વનો કાર્યક્રમ છે. તે મુખ્યત્વ ત્રણ ઘટકો પર આધારિત છે. પ્રત્યેક નાગરિક માટે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇ-શાસન અને સેવાઓની સુવિધા અને નાગરિકોનું ડિજિટલ મજબૂતીકરણ.
- રૂપે પેમેન્ટ ગેટવે ભારતનું પ્રથમ ગ્લોબલ પેમેન્ટ નેટવર્ક છે. 70 કરોડ ભારતીયો પાસે રૂપે કાર્ડ ઉપલબ્ધ છે. ચાર દેશોમાં રૂપે કાર્ડ ચલણમાં છે. તેમં સિંગાપોર, યુએઇ, ભુતાન અને નેપાળનો સમાવેશ થાય છે.
- ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઇઝેશન પ્રોગ્રામ 1 એપ્રિલ, 2016થી ચલાવવામાં આવી રહ્યો છે. 1,62,71,251 નકશામાંથી 1,11,47,387 નકશાનું ડિજિટાઇઝેશન થઈ ચૂક્યું છે. 6,11,178 ગામોમાં લેન્ડ રેકોર્ડનું કમ્પ્યુટરાઇઝેશન પૂરું થઈ ચૂક્યું છે, જે દેશનાં કુલ ગામોનાં 93.10 ટકા છે.
- પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન દ્વારા 15 માર્ચ, 2022 સુધી 4.81 કરોડથી વધુ ઉમેદવારોને તાલીમ અને 3.56 કરોડથી વધુ ઉમેદવારોને પ્રમાણિત કરવામાં આવ્યા છે.
- ઓક્ટોબર, 2018માં ડિજિટલ વિલેજ પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો. 700 ગ્રામ પંચાયતોમાં ડિજિટલ આરોગ્ય સેવા, શિક્ષણ સેવા, નાણાકીય સેવા, કૌશલ્ય વિકાસ અને સરકાર અને નાગરિક સેવાઓ ડિજિટલ આપવામાં આવી રહી છે.
- ભારતનેટ ગ્રામીણ વિસ્તારોમાં બ્રોડબેન્ડ કાર્યક્રમને ગતિ આપવાની પહેલ છે. ટેલિકોમ વિભાગનાં આ પ્રોજેક્ટમાં 2.5 લાખ ગ્રામ પંચાયતો અને ગામોને જોડવામાં આવશે. 15 માર્ચ, 2022 સુધી 1,75,827 ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ સેવા માટે તૈયારી થઈ ચૂકી છે. 2014 પહેલાં દેશનાં 100 ગામો સુધી પણ ઇન્ટરનેટ કનેક્ટિવિટી નહોતી.
- કૃષિ ઉપજનાં પરિવહન માટે વાહનો ભાડે લેવામાં ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો અને વેપારીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને કિસાન રથ મોબાઇલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. આ એપ પર 5.84 લાખ ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, વેપારીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સ રજીસ્ટર્ડ છે.
- ડિસેમ્બર, 2021ની સ્થિતિ પ્રમાણે 4.46 લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર છે, જેમાંથી 3.48 લાખ ગ્રામ પંચાયત સ્તર પર કામ કરી રહ્યા છે.
- 2014માં ભારતમાં આશરે 25 કરોડ મોબાઇલ ગ્રાહકો હતા. 2021માં આ સંખ્યા 80 કરોડને પાર થઈ ગઈ છે. 2014માં પ્રતિ જીબી ડેટાની કિંમત રૂ. 268.97 હતી, જે હાલમાં રૂ. 6.7 પ્રતિ જીબી છે.

## ઇ-જિલ્લા મિશન મોડ પ્રોજેક્ટ (MMP)

ઇ જિલ્લા એમએમપીને સમગ્ર દેશમાં અમલી બનાવવાનો હેતુ જિલ્લા સ્તર પર ઓળખવામાં આવેલી નાગરિક કેન્દ્રી સેવાઓ ઇલેક્ટ્રોનિકલી ઉપલબ્ધ કરાવવાની છે. દેશનાં 709 જિલ્લામાં 3916 ઇ-જિલ્લા સેવાઓ શરૂ થઈ ચૂકી છે.

## ઇ-હોસ્પિટલઃ ઓનલાઇન રજીસ્ટ્રેશન સિસ્ટમ

ઓનલાઇન રજીસ્ટ્રેશન અને ઇ-હોસ્પિટલ એપ્લિકેશન્સ એનઆઇસીનાં નેશનલ ક્લાઉડ પર હોસ્ટ કરવામાં આવે છે. હાલમાં, 631 હોસ્પિટલોને ઇ-હોસ્પિટલ સાથે જોડવામાં આવી છે, જેમાં 23.38 કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન્સ થયા છે. દેશભરની 422 હોસ્પિટલોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રણાલિને અપનાવી છે, જેનાંથી 49 લાખથી વધુ એપોઇન્ટમેન્ટ બુક કરવામાં આવી છે.

## અંતરિક્ષ અને ડ્રોન સેક્ટર

- ભારતનું મંગળયાન ઓટો રિક્ષાથી પણ ઓછાં ભાડાંમાં મંગળ ગ્રહ પર પહોંચ્યું. ભારતની નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ, એસ્ટ્રોસેટથી માંડીને સ્વદેશ નિર્મિત અંતરિક્ષ યાન રી-યુઝેબલ લોન્ચ વ્હિકલ-ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર (RLV-TD)નું સફળ પ્રક્ષેપણ આ સફળતાની કહાની છે.
- અવકાશ ક્ષેત્રને ખાનગી ભાગીદારી માટે ખોલવામાં આવ્યું છે. ઇસરો કોમર્શિયલ બ્રાન્ચનાં બજેટની ફાળવણીમાં 38 ગણો વધારો કરવામાં આવ્યો છે.
- અવકાશમાં કોઈ પણ ઉપગ્રહને તોડી પાડવાની ક્ષમતા હાંસલ કરનાર ભારત વિશ્વનો ચોથો દેશ બની ગયો છે. ચંદ્રયાન 2 મિશનની આંશિક સફળતા બાદ ચંદ્રયાન 3 અને ગગનયાન મિશનને મંજૂરી આપવામાં આવી.

## ડ્રોન સેક્ટરમાં આત્મનિર્ભરતા તરફ કદમ

એક અંદાજ પ્રમાણે ભારતમાં ડ્રોન ઇન્ડસ્ટ્રીનું વાર્ષિક ટર્નઓવર 5000 કરોડ રૂપિયાનું છે. આગામી પાંચ વર્ષમાં તેમાં 10 ગણો વધારો થવાનો અંદાજ છે. તેમાં ભારતની હિસ્સેદારી વધારવા માટે કેન્દ્ર સરકાર પીએલઆઇ યોજના દ્વારા આગામી ત્રણ વર્ષમાં 120 કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે.





# ખેડૂતોનાં કલ્યાણ માટેની યોજના

## 2014 બાદ ખેડૂતો માટે ઐતિહાસિક પગલાં લેવાયા

### પીએમ કિસાન સન્માન નિધિઃ આર્થિક સાથી

દેશમાં પ્રથમ વાર રાષ્ટ્રીય સ્તરે કેશ ટ્રાન્સફરવાળી યોજના 24 ફેબ્રુઆરી, 2019નાં રોજ શરૂ કરવામા આવી. ડીબીટી અંતર્ગત ત્રણ હપ્તામાં 6000 રૂપિયા પાત્ર ખેડૂતોનાં ખાતામાં દર વર્ષે ટ્રાન્સફર કરવામાં આવે છે. તેમાં 25 એપ્રિલ, 2022 સુધી 11.3 કરોડથી વધુ ખેડૂતોનાં ખાતામાં 1.82 લાખ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા.

### ખેડૂતોને સુરક્ષા કવચઃ પીએમ ફસલ બીમા યોજના

યોજનાની શરૂઆત 2018માં કરવામાં આવી, જેમાં ખેડૂતોને કુદરતી આપત્તિમાં ભરપૂર રાહત મળવા લાગી છે. યોજનાની શરૂઆતથી અત્યાર સુધી 37.52 કરોડ ખેડૂતો રજીસ્ટર્ડ થયા છે. આધુનિક ટેકનોલોજીથી જોડીને દાવાનો નિકાલ ઝડપથી કરવામાં આવે છે. યોજનામાં 10.25 કરોડ દાવા આવ્યા, જેમાં 1.2 લાખ કરોડ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું છે.

### ઇ-નામઃ કૃષિ ઉપજોનો યોગ્ય ભાવ અપાવનાર મંડી

ખેડૂતોને તેમની ઉપજ પર લાભદાયક વળતર અપાવવા માટે ઓનલાઇન પારદર્શક બોલી પ્રણાલિ ‘ઇ-નામ’ શરૂ કરવામાં આવી. ‘ઇ-નામ’ સાથે દેશભરની 1000 મંડી જોડાઈ ચૂકી છે. પોર્ટલ પર 31 માર્ચ, 2022 સુધી 1.73 કરોડથી વધુ ખેડૂત, 3.24 લાખ વેપારીઓ અને કમિશન એજન્ટ અને 2,113 એફપીઓ રજીસ્ટર્ડ થઈ ચૂક્યા છે. 22 માર્ચ, 2022 સુધી આ પ્લેટફોર્મ પર 1.82 લાખ કરોડ રૂપિયાની કૃષિ ઉપજનો વેપાર કરવામાં આવ્યો છે.


### સ્વામિત્વ યોજનાઃ જમીનનો માલિકી અધિકાર મળ્યો

જમીનનો ડિજિટલ રેકોર્ડ બનાવવાની સાથે સાથે ખેડૂતોને જમીનનું માલિકી કાર્ડ આપવામાં આવે છે. તેને 2025 સુધી દેશભરમાં લાગુ કરવામાં આવશે. 1 મે, 2022 સુધી આશરે 1.35 લાખ ગામોનો ડ્રોન સર્વે પૂરો, 31,000 ગામોનાં 36 લાખથી વધુ સંપત્તિ કાર્ડ જારી.

### ભારત બન્યું વિશ્વનું ફ્રુડ બાસ્કેટ

કૃષિ નિકાસ અત્યાર સુધીનાં સર્વોચ્ચ સ્તરે

**કૃષિ નિકાસ**




*(લક્ષ્ય 50 અબજ ડોલરનું હતું)*

**વાર્ષિક વૃદ્ધિ 20 ટકા રહી**

| | | | |
|---|---|---|---|
| ચોખા | 9.65 અબજ ડોલર | ખાંડ | 4.6 અબજ ડોલર |
| ઘઉં | 2.12 અબજ ડોલર | અન્ય | 1.08 અબજ ડોલર |

ઘઉંની નિકાસમાં આશરે ચાર ગણો વધારો, ચોખાનાં વૈશ્વિક બજારમાં ભારતનો હિસ્સો લગભગ 50 ટકા, દરિયાઇ પેદાશોની નિકાસ વિક્રમ 7.71 અબજ ડોલરે પહોંચી, વિદેશોમાં ભારતની કોફી પ્રથમ પસંદ બની, નિકાસ એક અબજ ડોલરને પાર. મસાલાની નિકાસ સતત બીજા વર્ષે ચાર અબજ ડોલરને પાર થઈ.


## પાક વીમા




## લઘુતમ ટેકાનો ભાવ

**2014થી 2022 દરમિયાન ચોખામાં 43% અને ઘઉંમાં 39%નો વધારો**

લઘુતમ ટેકાનાં ભાવે ખરીદીઃ




### 2014માં પ્રતિ હેક્ટર સરેરાશ 18,000 રૂપિયા સમ ઇન્શ્યોર્ડ મળતી હતી, જે 2022માં વધીને રૂ. 45,000 થઈ ગઈ છે.

### કિસાન ક્રેડિટ કાર્ડઃ સરળ શરતો સાથે ધિરાણ
ખેડૂતોને શાહુકારો અને વ્યાજખોરોની ચુંગાલમાંથી છોડાવવા માટે કેન્દ્ર સરકારે સરળ શરતો અને સિંગલ વિન્ડો બેન્કિંગ સિસ્ટમ દ્વારા ત્રણ લાખ રૂપિયા સુધીનાં ધિરાણ માટે 4 જુલાઈ, 2018નાં રોજ કિસાન ક્રેડિટ કાર્ડ યોજના શરૂ કરી. 25 એપ્રિલ, 2022 સુધી 3.38 લાખ કરોડ રૂપિયાની ધિરાણ મર્યાદા મંજૂર કરીને 3.05 કરોડ કિસાન ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવ્યા. આમાં અસરકારક વાર્ષિક વ્યાજદર માત્ર 4 ટકા જ છે.

### દોઢ ગણી એમએસપીથી ખેડૂતને આર્થિક લાભ થયો
દેશભરમાં એમએસપી પર ઘઉં અને ચોખાની ખરીદી ચાલુ છે. રવી માર્કેટિંગ સીઝન 2022-23માં 24 એપ્રલ, 2022 સુધી 137 લાખ મેટ્રિક ટન ઘઉંની ખરીદી કરવામાં આવી. 2021-22ની ખરીફ સીઝનમાં 757.27 લાખ મેટ્રિક ટન ચોખાની ખરીદી કરવામાં આવી. રવી પાક માટે જે એમએસપી તૈયાર કરવામાં આવી છે, જે ખેડૂતોની પડતર કરતા દોઢ ગણી વધુ છે.

### 10,000 ખેડૂત ઉત્પાદક સંગઠનોની રચના થશે
ખેડૂતોની આવક વધારવા માટે દેશમાં 10,000 ખેડૂત ઉત્પાદક સંગઠનોની રચના કરવામાં આવશે, જેમને પાંચ વર્ષ સુધી મદદ કરવામાં આવશે. એપ્રિલ, 2022 સુધી 2315 એફપીઓ રજીસ્ટર્ડ થઈ ચૂક્યા છે.

### રાષ્ટ્રીય બાંસ મિશન
કેબિનેટે પુનઃરચિત રાષ્ટ્રીય બાંસ મિશનને 25 એપ્રિલ, 2018નાં રોજ મંજૂરી આપી હતી. મિશનમાં સરકાર ખેડૂતોને વાંસની ખેતી માટે 50,000ની સબસિડી આપે છે અને નાના ખેડૂતોને એક ઝાડ પર 120 રૂપિયાની સબિસિડીની જોગવાઈ છે. ભારતમાં દર વર્ષે આશરે 14 મિલિયન ટન વાંસનું ઉત્પાદન થાય છે.

### ખેડૂતોની ઉપજ સમયસર મંડીમાં પહોંચે
ખેડૂતોની ઉપજ સમયસર મંડીમાં પહોંચે તે માટે કોલ્ડ સ્ટોરેજ ધરાવતા કોચ વાળી કિસાન રેલ યોજના શરૂ કરવામાં આવી. કિસાન રેલ 25 માર્ચ, 2022 સુધી 2190 ફેરા લગાવી ચૂકી છે. 'ઓપરેશન ગ્રીન્સ-ટોપ ટુ ટોટલ' અંતર્ગત કિસાન રેલ પરિવહનમાં ફળો અને શાકભાજીનાં પરિવહન પર 50 ટકાથી સબસિડી ફુડ પ્રોસેસિંગ મંત્રાલય દ્વારા આપવામાં આવે છે.

આ જ રીતે, ઓગસ્ટ, 2020માં કૃષિ ઉડાન 1.0 અને કૃષિ ઉડાન 2.0ની શરૂઆત 27 ઓક્ટોબર, 2021નાં રોજ કરવામાં આવી. આ અંતર્ગત દેશભરમાં 53 એરપોર્ટ પર અનેક પ્રકારની ડ્યુટીમાં રાહત ઉપરાંત ખેડૂતોને વિમાનની 50 ટકા સીટો પર રાહત આપવામાં આવે છે.

### સોઇલ હેલ્થ મેનેજમેન્ટ
માટી પરીક્ષણ આધારિત પોષણ તત્વ મેનેજમેન્ટ માટે શરૂ કરવામાં આવેલી યોજનાથી 2018-2019થી 2020-2021 સુધી 5.67 કરોડથી વધુ ખેડૂતોને લાભ થયો છે. 19 એપ્રિલ, 2022 સુધી 22.19 કરોડથી વધુ કાર્ડ બનાવીને ખેડૂતોને મોકલી દેવામાં આવ્યાં છે.

### પીએમ કિસાન સંપદા યોજના
3 મે, 2015નાં રોજ 6,000 કરોડ રૂપિયાનાં અંદાજિત ખર્ચ સાથે શરૂઆત કરવામાં આવી હતી. હવે તેને 2025-26 સુધી લંબાવવામાં આવી છે. તેમાં મેગા ફુડ પાર્ક, મિની ફુડ પાર્ક, ફુટ ટેસ્ટિંગ લેબોરેટરી સહિત 1088 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.

### રાષ્ટ્રીય ગોકુલ ગ્રામ મિશન
આ મિશનમાં એકીકૃત સ્વદેશી પશુ વિકાસ કેન્દ્ર તરીકે 16 ગોકુલ ગ્રામની સ્થાપના માટે 31 માર્ચ, 2022 સુધી ભંડોળ જારી કરવામાં આવ્યું હતું. મિશનનો હેતુ વૈજ્ઞાનિક અને સંપૂર્ણ પધ્ધતિથી દેશી બોવાઇન વંશનો વિકાસ અને દેશી વંશની ઉત્પાદકતામાં વધારો કરવાનો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં આશરે 2082 કરોડ રૂપિયામાં મિશન અંતર્ગત રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને જારી કરવામાં આવ્યા.

### પીએમ કૃષિ સિંચાઇ યોજનાઃ ખેતરો સુધી પાણીની પહોંચ
પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના 2015-16માં શરૂ થયેલી એક અમ્બ્રેલા યોજના છે. તેમાં સિંચાઇના તાત્કાલિક લાભ, દરેક ખેતરને પાણી, પર ડ્રોપ મોર ક્રોપ અને વોટર શેડ ડેવલપમેન્ટ જેવાં પાસા સમાવિષ્ટ છે. ત્વરિત સિંચાઈ લાભ કાર્યક્રમમાં 99 મોટાં પ્રોજેક્ટ્સનું કામ મિશન મોડમાં ચાલુ કરવામાં આવ્યું, જેમાં 46 પ્રોજેક્ટ્સ પૂરાં થઈ ચૂક્યાં છે. યોજનામાં માર્ચ, 2021 સુધી 50.64 લાખ હેક્ટર જમીનની વધારાની સિંચાઈ ક્ષમતા ઊભી કરવામાં આવી છે.

# સ્વસ્થ હશે ભારત તો સશક્ત બનશે દેશ



**આરોગ્ય એ સફળતા અને સમૃધ્ધિનો આધાર છે. પછી એ પ્રગતિ એક વ્યક્તિ સાથે સંકળાયેલી હોય કે પરિવાર, સમાજ સાથે કે સમગ્ર રાષ્ટ્ર સાથે જોડાયેલી હોય. તેનો પાયો આરોગ્ય પર જ ટકેલો હોય છે. એટલાં માટ જ છેલ્લાં આઠ વર્ષમાં આરોગ્ય ક્ષેત્ર કેન્દ્ર સરકારની પ્રાથમિકતાઓમાં રહ્યું છે. કોવિડ જેવી મહામારી વચ્ચે આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બ્લોક સ્તરે સુધારવાની નવી પહેલ શરૂ થઈ છે.**

## પીએમ જય-આયુષ્યમાન ભારત

01

23 સપ્ટેમ્બર, 2018નાં રોજ શરૂ કરવામાં આવેલી આયુષ્યમાન ભારત યોજનાનો હેતુ 10.74 કરોડ પરિવારોને પ્રતિ પરિવાર એક વર્ષમાં પાંચ લાખ રૂપિયા સુધી મફતમાં સારવારની સુવિધા પૂરી પાડવાનો છે.

02

આ યોજના અંતર્ગત 141 એવી મેડિકલ પ્રોસીજર સામેલ કરવામાં આવી છે, જે માત્ર મહિલાઓ માટે છે.ઓક્ટોબર 2019થી સપ્ટેમ્બર 2021 સુધી આ યોજનાનાં લાભાર્થીમાં 46.7 ટકા મહિલાઓ

03



અત્યાર સુધી આશરે 18 કરોડ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ પૂરાં પાડવામાં આવ્યા છે.

04

3.28 કરોડથી વધુ લોકો મફત સારવારની સુવિધા લઈ ચૂક્યા છે. આ યોજનાથી આશરે 27,300 ખાનગી અને સરકારી હોસ્પિટલો જોડાયેલી છે.



## હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને ઇ-સંજીવની ઓપીડી

આયુષ્યમાન ભારત અંતર્ગત 2018માં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખોલવાની શરૂઆત થઈ હતી. અત્યાર સુધી 1.18 લાખ સેન્ટર ખોલવામાં આવ્યા છે. તેમાં 1.02 કરોડ વેલનેસ સત્ર થયાં અને 85.63 કરોડ વાર લોકો આવ્યા. ડિસેમ્બર, 2022 સુધી આ કેન્દ્રોની સંખ્યા 1.58 લાખ પહોંચાડવાનો લક્ષ્ય.

2020માં શરૂ થયેલી ટેલિમેડિસિન સેવા ઇ-સંજીવનીથી એક લાખથી વધુ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર જોડવામાં આવ્યા છે. ઈ-સંજીવનીથી દેશભરમાં દરરોજ લગભગ 90,000 દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે.





# કોવિડ સામે વિશ્વનું સૌથી મોટું નિઃશુલ્ક રસીકરણ અભિયાન

**કોવિડ મહામારી શરૂ થતાં જ ભારતે સૌથી કડક લોકડાઉન લગાવ્યું, તો બીજી બાજુ પોતાનાં આરોગ્ય માળખાંને મજબૂત કરવાની સાથે સાથે આ બિમારી સામે લડવાની તૈયારી શરૂ કરી દીધી.**

- એપ્રિલ, 2020માં રસી માટે ટાસ્ક ફોર્સની રચના કરી દેવામાં આવી. રસીની શોધ અને વિકાસ માટે બજેટમાં રૂ. 35,000 કરોડ ફાળવવામાં આવ્યા. પીએમ કેર્સ ફન્ડ બનાવીને કોવિડ વિરુધ્ધ લડાઈને મજબૂત કરવામાં આવી.
- માત્ર આઠ મહિનામાં જ ભારતને બે રસી મળી એટલું જ નહી પણ તેનાં સંગ્રહ, પરિવહન, ખરીદી, કોલ્ડ ચેઇનથી માંડીને લગાવવા સુધીની રૂપરેખા તૈયાર કરીને 16 જાન્યુઆરી, 2021થી વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું.
- 'હર ઘર દસ્તક' અને 'સબકો વેક્સિન મુફ્ત વેક્સિન' જેવા અભિયાન ચલાવીને ભારતે વિક્રમ સમયમાં મહત્તમ લોકો સુધી રસી પહોંચાડી.
- Co-WIN ડિજિટલ પ્લેટફોર્મનાં માધ્યમથી સરળતાથી રજીસ્ટ્રેશન. દેશભરમાં 4143 નવાં ઓક્સિજન ઉત્પાદન પ્લાન્ટ. ઇમરજન્સી રિસ્પોન્સ પેકેજ અંતર્ગત 631 જિલ્લામાં પીડિયાટ્રિક કેર યુનિટ શરૂ કરવામાં આવ્યા.
- 2020માં ભારતમાં પ્રથમ કોવિડ કેસ સામે આવ્યો હતો ત્યારે તેની તપાસ માટે દેશમાં માત્ર એક જ લેબ હતી, હવે 3370 લેબમાં તેની તપાસ થઈ રહી છે.
- ભારત આજે પીપીઈ કિટ અને એન95 માસ્કનું વિશ્વનું બીજું સૌથી મોટું ઉત્પાદક છે. આપણે 48 દેશોને કિટ પૂરી પાડીએ છીએ.

**87 ટકા પુખ્ત વસતિને કોવિડનાં બંને ડોઝ આપી દેવામાં આવ્યા છે 15 મે, 2022 સુધી. કુલ ડોઝ 191.32 કરોડને પાર.**

### મેડ ઇન ઇન્ડિયા કોવિડ રસી



- કોવેક્સિન
- કોવિશીલ્ડ
- કોર્બેવેક્સ
- ઝાયકોવ ડી
- જીનોવા



**....જેથી કોઈ ભૂખ્યું ન સૂવે**

### પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

- કોવિડ-19 મહામારી દરમિયાન 26 માર્ચ, 2020નાં રોજ ત્રણ મહિના માટે શરૂ કરવામાં આવેલી યોજના સરકાર સતત લંબાવી રહી છે.
- આ યોજનામાં પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ પાંચ કિલો મફત અનાજ આપવામાં આવે છે.

**3.40**
**લાખ કરોડ રૂપિયા ખર્ચ થયો અત્યાર સુધી**

**80**
**કરોડ લાભાર્થી ધરાવતી વિશ્વની સૌથી મોટી યોજના**

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

**759**
**લાખ મેટ્રિક ટન અનાજ વિતરીત કરવામાં આવ્યું છે અત્યાર સુધી**

**61**
**કરોડ ટ્રાન્ઝેક્શન એક દેશ-એક રેશન કાર્ડ વ્યવસ્થામાં કરવામાં આવ્યાં છે.**

**આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે પણ આ યોજનાની પ્રશંસા કરતા કહ્યું- અન્ન યોજનાએ ભારતનાં લોકોને અતિશય ગરીબીમાંથી બચાવ્યું**

## આયુષ્યમાન ભારત ડિજિટલ હેલ્થ મિશન

15 ઓગસ્ટ, 2020નાં રોજ વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી તેની જાહેરાત કરી હતી. આ આધાર કાર્ડ જેવું જ હેલ્થ કાર્ડ છે, જેમાં લાભાર્થીનાં આરોગ્ય અંગેનો તમામ ડેટા હશે.

**21,50,71,056**

લોકોનાં ડિજિટલ આરોગ્ય ખાતાં આ મિશન અંતર્ગત ખોલવામાં આવ્યાં છે 20 એપ્રિલ, 2022 સુધી



### માતૃ અને શિશુ સુરક્ષા પોષણ અભિયાન

8 માર્ચ, 2018નાં રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે રાજસ્થાનથી શરૂઆત કરવામાં આવી. આ અગાઉ, આ યોજનાનું નામ ન્યુટ્રીશન મિશન હતું, જેને 2018માં પોષણ અભિયાન નામ આપીને બહુ મોટા પાયે લાગુ કરવામાં આવી. આ યોજના અંતર્ગત બાળકનાં જન્મ બાદ પ્રારંભિક 1000 દિવસ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. 2030 સુધી કુપોષણ મુક્ત ભારતનું લક્ષ્ય છે. જાહેર વિતરણનાં અનાજની દુકાનોમાં આ માટે ફોર્ટિફાઇડ ચોખા વહેંચવાની શરૂઆત પણ કરવામાં આવી છે.

## મેડિકલ શિક્ષણની સ્થિતિ સુધરી

ખાનગી કોલેજોની 50 ટકા બેઠકો પરની ફીને સરકારી કોલેજોની ફી સમકક્ષ કરવામાં આવી છે. શિક્ષણનાં ક્ષેત્રમાં સુધારા માટે કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને રદ કરીને તેની જગ્યાએ નેશનલ મેડિકલ કમિશનની રચના કરવામાં આવી. આ જ દિશામાં શિક્ષણમાં ઓબીસીને 27 ટકા અને આર્થિક રીતે નબળાં (EWS) વર્ગો માટે 10 ટકા અનામત અને દેશની તમામ સરકારી, ડીમ્ડ યુનિવર્સિટી અને ખાનગી કોલેજોમાં પ્રવેશ માટે એક સમાન પ્રવેશ પરીક્ષા નીટને ફરજિયાત કરવાનું ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું.

**એઇમ્સ**

| 2014 | 2022 |
|---|---|
| 7 | 22 |

**મેડિકલ કોલેજ**

| 2022 | 2014 |
|---|---|
| 606 | 387 |

**મેડિકલ કોલેજોમાં સ્નાતક અને સ્નાતકોત્તર બેઠકો**

| | |
|---|---|
| **2014** | **82,000** |
| **2022** | **1,48,000** |

### આરોગ્ય ક્ષેત્રમાં લખી પરિવર્તનની કહાની

**પીએમ ભારતીય જન ઔષધિ પ્રોજેક્ટ**

- અહીં 50થી 90 ટકા સુધી સસ્તા દરમાં જેનરિક દવાઓ મળે છે. દેશભરમાં 31 માર્ચ, 2022 સુધી આશરે 8,700 જન ઔષધિ કેન્દ્ર ખોલવામાં આવ્યા.
- 2025 સુધી સમગ્ર ભારતમાં 10,500 જન ઔષધિ કેન્દ્ર ખોલવાનો લક્ષ્ય છે. 1.25 કરોડ લોકો દર મહિને અહીંથી દવાઓ ખરીદે છે.

**પીએમ માતૃ વંદના યોજના:** 2017થી દેશનાં તમામ જિલ્લામાં આ યોજના લાગુ છે. આ અંતર્ગત ગર્ભવતી મહિલાઓને સલામત ડિલિવરી કરાવવા અને સ્તનપાન કરાવતી મહિલાઓને પોષક આહાર આપવા માટે રૂ. 5,000 આપવામાં આવે છે. દેશનાં 650 જિલ્લામાં આ યોજનાનો ફાયદો ઉઠાવનારી મહિલાઓની સંખ્યા આશરે બે કરોડ છે. નાણાકીય વર્ષ 2018થી 2020 દરમિયાન આ યોજના અંતર્ગત 1.75 કરોડ પાત્ર લાભાર્થીઓને કુલ 5931.95 કરોડની ચૂકવણી કરવામાં આવી.

**મિશન ઇન્દ્રધનૂષ:** અત્યાર સુધી 4.10 કરોડ બાળકોનું રસીકરણ થઈ ચૂક્યું છે. ફેબ્રુઆરી 2022માં મિશન ઇન્દ્રધનૂષ 4.0 શરૂ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વર્ષે ત્રણ કરોડથી વધુ ગર્ભવતી મહિલાઓ અને 2.6 કરોડ બાળકોને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવશે. મિશન ઇન્દ્રધનૂષમાં 12 બિમારીની રસી આપવામાં આવે છે, જ્યારે કાર્યક્રમ શરૂ થયો ત્યારે તેની સંખ્યા સાત હતી.



# નારીને શક્તિ, દેશની ઉન્નતિ

**નારી શક્તિને દેશની પ્રગતિ અને સમૃદ્ધિનો આધાર માનીને તેમનાં માન, સન્માન, સ્વાભિમાનની રક્ષા થાય તેવી યોજનાઓ પર ઝડપથી કામ કરવામાં આવ્યું. આયુષ્યમાન ભારત જન આરોગ્ય યોજના હેઠળ જે પાંચ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો આપવામાં આવ્યો છે, તેનાં લાભાર્થીમાં આશરે 49 ટકા મહિલાઓ છે, જ્યારે જનધન ખાતામાં 55 ટકા મહિલાઓ છે. 29 શ્રમ કાયદાઓને સરળ કરીને 4 શ્રમ સંહિતા બનાવવામાં આવી, જેમાં મહિલાઓની સલામતીની અનેક જોગવાઈઓ કરવામાં આવી. માતૃત્વ રજા વધારવામાં આવી. એ ઉપરાંત, 50થી વધુ કર્મચારી ધરાવતા એકમોમાં ઘોડિયાઘરની સુવિધાની જોગવાઈ કરવામાં આવી. મહિલાઓને રાતપાળીમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવી. સલામતી માટે હિંમત એપ અને કડક કાયદા બનાવવામાં આવ્યાં.**


## મહિલાઓનું ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અને શહેરી અંતર્ગત 31 માર્ચ, 2022 સુધી 11.5 કરોડથી વધુ ઘરોમાં શૌચાલય બનાવીને મહિલાઓને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કર્યું. કચરા મુક્ત શહેર અને સિંગલ યુઝ પ્લાસ્ટિકની નાબૂદી તથા ઘન અને પ્રવાહી કચરાનાં નિકાલ માટે સ્વચ્છ ભારત 2.0 શરૂ કરવામાં આવ્યું. ગ્રામીણ પરિવારો માટે શૌચાલયનું કવરેજ 2014માં 43.8 ટકા હતું, જે 2019-20માં વધીને 100 ટકા થઈ ગયું છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી

1.23 કરોડ મકાનો મંજૂર કરવામાં આવ્યા, જેમાં 58.9 લાખ મકાનો વિતરીત કરવામાં આવ્યા છે. આ રીતે, પીએમ આવાસ યોજના ગ્રામીણમાં 2.95 કરોડ મકાનો બનાવવાનું લક્ષ્ય છે, જેમાંથી 2.55 કરોડ મકાનોનું નિર્માણ પૂરું થઈ ચૂક્યું છે. અત્યાર સુધી બંને યોજનાઓમાં વિતરીત મકાનોમાંથી 3.14 કરોડથી વધુ પાકા ઘરોની માલિકી મહિલા સભ્ય કે સંયુક્ત નામે કરવામાં આવી છે. 2014 પહેલાં સરકારે માત્ર 13 લાખ શહેરી મકાન મંજૂર કર્યા હતા, જ્યારે 2015-2022 દરમિયાન 58.59 લાખ ઘર 'તમામને ઘર' કાર્યક્રમ અંતર્ગત બનાવવામાં આવ્યા.

**ઉજ્જવલા યોજના:** **ધુમાડાં મુક્ત રસોડાં માટે 1 મે, 2016નાં રોજ શરૂ કરવામાં આવેલી ઉજ્જવલા યોજનામાં 9.17 કરોડથી વધુ મહિલાઓને મફતમાં ગેસ જોડાણ, સૌભાગ્ય યોજનામાં અઢી કરોડથી વધુ વીજળી જોડાણો આપવામાં આવ્યા, જેનાંથી ઈંધણ માટે લાકડાં પરનું અવલંબન ઘટ્યું. વર્ષ 2016માં એલપીજી કવરેજ 62 ટકા હતું, જે 2022માં 104.1 ટકા થયું. તેનાંથી મહિલાઓનું જીવન સરળ બન્યું છે અને આરોગ્ય પર સકારાત્મક અસર પડી છે.**



- વર્ષ 2021 દરમિયાન ભારતીય સેનામાં કુલ 60 મહિલા ઉમેદવારો કમિશન્ડ થઈ હતી. નૌકા દળમાં 2018થી 2021 દરમિયાન 170 મહિલા ઉમેદવારની અધિકારી તરીકે ભર્તી કરવામાં આવી હતી. આ જ રીતે, ભારતીય વાયુ સેનામાં 28 માર્ચ, 2022 સુધી 15 મહિલા ફાઈટર પાયલટને કમિશન્ડ કરવામાં આવી છે.
- ભારતીય સેનામાં મિલિટરી પોલિસ કોર્પ્સમાં અન્ય રેન્ક માટે મહિલાની ભર્તીની જોગવાઈ 2019માં શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત તબક્કાવાર રીતે વાર્ષિક 100નાં આધારે 1700 ભર્તી કરવાની છે.
- સૈનિક સ્કુલોમાં ધોરણ છની વેકન્સીમાંથી 10 ટકા દીકરીઓ માટે અનામત, સત્ર 2021-2022માં 33 સૈનિક સ્કુલોમાં 320 વિદ્યાર્થીનીઓને પ્રવેશ મળ્યો.



- 1 એપ્રિલ 2015થી સખી-વન સ્ટોપની શરૂઆત થઈ, જેમાં હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને એક છત હેઠળ પલિસ સુવિધા, કાનૂની સહાયતા અને પરામર્શ, મેડિકલ મદદ પૂરી પાડવામાં આવે છે. દેશભરનાં 729 જિલ્લા માટે 733 સેન્ટરને મંજૂરી આપવામાં આવી, જેમાં 704 સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. આ કેન્દ્રમાં 4.93 લાખ મહિલાઓને મદદ આપવામાં આવી છે.
- 1 એપ્રિલ, 2016નાં રોજ શરૂ કરવામાં આવેલી સ્વાધાર ગૃહ યોજનામાં મુશ્કેલીમાં મૂકાયેલી મહિલાઓનાં પુનર્વસનની સુવિધા આપવામાં આવે છે. કેન્દ્ર સરકારે ઉત્તરપ્રદેશના વૃંદાવનમાં કૃષ્ણા કુટિર ગૃહનું નિર્માણ કર્યુ છે, જે દેશમાં વિધવાઓ માટેનું સૌથી મોટું આશ્રય ગૃહ છે.
- પાણી ભરીને લાવવામાં હવે અડધી જિંદગી નહીં વીતેઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 ઓગસ્ટ, 2019નાં રોજ લાલ કિલ્લા પરથી જલ જીવન મિશનની જાહેરાત કરી હતી. 2019માં 3.23 કરોડ ગ્રામીણ પરિવારોનાં ઘરમાં પીવાનું પાણી હતું. યોજનાનાં 33 મહિનામાં 6.30 કરોડ નવાં નળ જોડાણ આપવામાં આવ્યા, જેનાંથી હવે 9.54 કરોડ પરિવારો એટલે કે લગભગ 50 ટકા ઘરોમાં નળમાં પીવાનું પાણી મળવા લાગ્યું છે. ગામની પાણી સમિતિઓમાં 50 ટકા મહિલાઓ હોય છે.
- નવી ઊંચાઈઓ સ્પર્શી રહેલાં સ્ટાર્ટઅપમાં મહિલા ઉદ્યોગ સાહસિકોઃ અત્યાર સુધી આશરે 68,000 સ્ટાર્ટઅપને માન્યતા મળી છે, જે 2014માં માત્ર 300 હતી. પ્રત્યેક રાજ્ય અન કેન્દ્રશાસિત પ્રદેશમાં ઓછામાં ઓછું એક સ્ટાર્ટઅપ છે. ભારતમાં લગભગ 45 ટકા સ્ટાર્ટઅપમાં મહિલા સાહસિક છે. સ્ટેન્ડઅપ ઈન્ડિયા અંતર્ગત ગ્રીનફીલ્ડ સાહસ સ્થાપવા માટે મહિલાઓને 24.8 હજાર કરોડ રૂપિયાનું ધિરાણ એટલે કે આશરે 80 ટકા ઋણ મહિલાઓને આપવામાં આવ્યું.

**કાયકા કડક કર્યાઃ** 12 વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓ સાથે દુષ્કર્મ પર ફાંસીની સજા અને દુષ્કર્મનાં કેસમાં બે મહિનામાં સુનાવણી પૂરી કરવાનો કાયદો બનાવ્યો. મહિલાઓ વિરુધ્ધ ગુના કરનારાઓની ઓળખ માટે નેશનલ ડેટા બેઝ બનાવવામાં આવ્યો. મહિલાઓ વિરુધ્ધ ગુનાનાં કેસોની સુનાવણી માટે 1000થી વધુ ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. નવી ટેક્સી નિતીમાં જીપીએસ અને પેનિક બટન ફરજિયાત કરવામાં આવ્યું.

**તીન તલાકની નાબૂદીઃ** મુસ્લિમ મહિલાઓનું સ્વાવલંબન, સ્વાભિમાન અને આત્મવિશ્વાસ વધારવા માટે તીન તલાક પર પ્રતિબંધ અને લગ્નનાં અધિકારોની જાળવણી માટે કાયદો બનાવ્યો. આ કાયદો લાગુ થવાથી 1 ઓગસ્ટ, 2021નો દિવસ મુસ્લિમ મહિલા અધિકાર દિવસ તરીકે મનાવવામાં આવ્યો. આ કાયદામાં ત્રણ વાર તલાક બોલીને છુટાછેડા આપનાર પતિને ત્રણ વર્ષ સુધીની જેલ અને દંડ થઈ શકે છે.

**“મહિલા સશક્તિકરણનો ચહેરો એ 9 કરોડ ગરીબ મહિલાઓ પણ છે, જેમને પ્રથમ વાર ગેસ કનેક્શન મળ્યાં છે અને ધૂમાડાંમાંથી મુક્તિ મળી છે. આજે મહિલા સશક્તિકરણનો ચહેરો એ કરોડો માતાઓ, બહેનો પણ છે, જેમને તેમનાં ઘરમાં શૌચાલય મળ્યાં છે. આજે મહિલા સશક્તિકરણનો ચહેરો એ માતાઓ પણ છે, જેમને પોતાનાં માથા પર પ્રથમ વાર પાકી છત મળી છે. જેમનાં નામથી પ્રધાનમંત્રી આવાસ બને છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન





# વિકાસની દિશામાં ભારતની ‘અષ્ટલક્ષ્મી’

**નવેમ્બર 2014નાં પ્રારંભમાં મેઘાલયમાં પ્રથમ પેસેન્જર ટ્રેનને લીલી ઝંડી આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતનાં પૂર્વોત્તર વિસ્તારનાં આઠ રાજ્યોને ‘અષ્ટલક્ષ્મી’ નામ આપ્યું હતું. વડાપ્રધાને અનુભવ્યું કે અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરામાં વિકાસની અપાર સંભાવના છે અને તેનાંથી ભારતનાં અન્ય વિસ્તારોને વિક્સિત કરવામાં પણ મદદ મળી શકે છે. આ સાથે પૂર્વોત્તરમાં વિકાસની યાત્રા શરૂ થઈ. તમામ મંત્રાલયોની કેન્દ્રીય યોજનાઓમાં હવે 10 ટકા બજેટ પૂર્વોત્તર માટે ખર્ચ કરવું ફરજિયાત છે. કેન્દ્રીય મંત્રીઓનો પૂર્વોત્તર રાજ્યોનો પ્રવાસ પણ ફરજિયાત કરવામાં આવ્યો. આ રાજ્યોમાં શાંતિનું વાતાવરણ સ્થાપવાની સાથે સાથે રાજ્યો વચ્ચે વિવાદ દૂર કરવા પર પ્રાથમિકતા આપવામાં આવી છે. આ ઉપરાંત જૈવિક ખેતી, ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન અને રમતગમત સંસ્કૃતિ સાથે પર્યટનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેથી પૂર્વોત્તર વિકાસનાં માર્ગ પર ચાલી શકે અને દેશનાં વિકાસનું એન્જિન બને...**

**બોડો સમજૂતિ પર હસ્તાક્ષરઃ** 50 વર્ષથી વધુ સમયથી ચાલી રહેલી બોડો સમસ્યાને નાબૂદ કરવા માટે વ્યાપક સમજૂતિ.

**બ્રૂ (રિયાંગ) શરણાર્થી સમસ્યાનો ઉકેલઃ** કેન્દ્ર સરકારે મિઝોરમ અને ત્રિપુરા સાથે ત્રિપક્ષીય સમજૂતિ બાદ બે દાયકા જૂના બ્રૂ (રિયાંગ) શરણાર્થી સમસ્યાનો ઉકેલ શોધ્યો. ત્રિપુરાને બ્રૂ (રિયાંગ) શરણાર્થીઓનાં પુનર્વસન અને સર્વાંગી વિકાસ માટે 600 કરોડ રૂપિયા ફાળવ્યા.

**એનએલએફટી (ત્રિપુરા) સમજૂતિઃ** ભારત સરકાર, ત્રિપુરા સરકાર અને રાષ્ટ્રીય ત્રિપુરા મોર્ચા (એનએલફટી/એસડી)વચ્ચે ઓગસ્ટ, 2019માં ત્રિપક્ષીય સમજૂતિ. (એનએલફટી/એસડી)એ હિંસાનો માર્ગ છોડવા, મુખ્ય પ્રવાહમાં સામેલ થવા અને ભારતનાં બંધારણનું પાલન કરવા સંમતિ દર્શાવી. આને પરિણામે 44 શસ્ત્રો સાથે 88 કેડરે આત્મસમર્પણ કર્યું.

**કાર્બી-આંગલોંગ શાંતિ સમજૂતિઃ** 2021 અને નાગાલેન્ડ સમજૂતિ-2015

## રાજ્યોમાંથી AFSPA નાબૂદ થયો

હાલમાં નાગાલેન્ડ, આસામ અને મણિપુરમાં AFSPA અંતર્ગત અશાંત વિસ્તાર ઘટાડવાનું કામ કર્યું છે. આસામમાં 1990થી AFSPA લાગુ હતો અને સતત 60 વાર તેને લંબાવવામાં આવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં 8 વર્ષનાં શાસનમાં આસામનાં 23 જિલ્લામાં AFSPA સંપૂર્ણ રીતે અને એક જિલ્લામાં આંશિક રીતે હટાવી દેવામાં આવ્યો. આજે આસામનાં 60 ટકાથી વધુ ભાગોમાં આ કાયદો હટાવી દેવામાં આવ્યો છે. આ અગાઉ, ત્રિપુરા, મેઘાલય અને અરૂણાચલ પ્રદેશનાં અનેક જિલ્લામાંથી AFSPA હટાવી દેવામાં આવ્યો છે.



## પૂર્વોત્તરમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર

- પ્રધાનમંત્રી વિકાસ પહેલ (પીએમ-ડિવાઇન) નામની નવી સ્કીમની જાહેરાત 2022-23નાં બજેટમાં કરવામાં આવી હતી. પીએમ ગતિશક્તિની ભાવનાથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પૂર્વોત્તરની જરૂરિયાતોનાં આધારે સામાજિક વિકાસનાં પ્રોજેક્ટનું ફન્ડિંગ કરવામાં આવશે. પીએમ-ડિવાઇન વિવિધ વિસ્તારોમાં ખામીઓને દૂર કરીને યુવાનો અને મહિલાઓ માટે આજીવિકાની પ્રવૃત્તિઓને શક્ય બનાવશે. બજેટમાં રૂ. 1500 કરોડની પ્રારંભિક ફાળવણી કરવામાં આવી છે.
- ડિબાંગ અને લોહિત પુલોનું બાંધકામઃ મે, 2023 સુધી કોહિમા, ઇટાનગર, ગંગટોક, મિઝોરમ અને મણિપુરને પાંચ મુખ્ય રોડથી જોડવામાં આવશે.
- પૂર્વોત્તરનાં ત્રણ રાજ્ય આસામ, અરૂણાચલ પ્રદેશ અને ત્રિપુરા ભારતીય રેલવેનાં નેટવર્કથી જોડાયા. નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર, સિક્કિમ અને મેઘાલય માટે રેલ કનેક્ટિવિટીનાં પ્રોજેક્ટ્સ માર્ચ 2023 સુધી પૂરાં થશે.
- તમામ રાજ્યોની રાજધાનીઓને રેલ માર્ગથી જોડવામાં આવશે. આરસીએસ-ઉડાન 3.0 યોજના અંતર્ગત દીમાપુર-ઇમ્ફાલ, ગુવાહાટી-દીમાપુર, આઇઝોલ-અગરતલા ફ્લાઇટ શરૂ. ઓગસ્ટ 2022 સુધી હોલોંગી એરપોર્ટ પ્રોજેક્ટ પૂરો થશે.
- બ્રહ્મપુત્રા નદી પર ધુબરી અને હથસિંગિમારી, નેમાટીયા અને કમલાબાડી અને ગુવાહાટી તથા ઉત્તર આસામ વચ્ચે રો-રો સેવા શરૂ.
- 54 મંત્રાલય અને વિભાગોને કેન્દ્ર દ્વારા પુરસ્કૃત સ્કીમો માટે પોતાનાં કુલ બજેટમાંથી 10 ટકા રકમ પૂર્વોત્તર વિસ્તારો માટે ખર્ચ કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. વર્ષ 2014-15થી વર્ષ 2020-2021 સુધી 2.66 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ પૂર્વોત્તરનાં રાજ્યો પર કરવામાં આવ્યો છે.
- નાણાકીય વર્ષ 2003-2004થી 2013-2014 દરમિયાન ઉત્તર પૂર્વ વિસ્તાર વિકાસ મંત્રાલયનો વિવિધ યોજના અંતર્ગત પૂર્વોત્તર રાજ્યોને 8271.05 કરોડ રૂપિયાનું ફન્ડ જારી કરવામાં આવ્યું હતું.
- **પૂર્વોત્તરમાં પર્યટન, સંસ્કૃતિ અને રમતગમતને પ્રોત્સાહનઃ** પર્યટનને પ્રોત્સાહન આપવા માટે 'પૂર્વોત્તર પર્યટન વિકાસ પરિષદ'ની શરૂઆત. પર્યટન અને કૃષિ સહિત આર્થિક ક્ષમતા પર વિશેષ ધ્યાન. મણિપુરમાં નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટી સ્થાપવામાં આવી. પૂર્વોત્તરનાં આઠ એથ્લીટોએ ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.
- **જૈવિક ખેતીઃ** ભારતનાં પૂર્વોત્તર રાજ્યોનું સાનુકુળ વાતાવરણ અને ફળદ્રુપ માટીને કારણે અહીં ઉગાડવામાં આવતા પાકની ઉપજ વધી છે અને આ વિસ્તારનાં ખેડૂતોની કમાણી વધી છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2015 દરમિયાન આ વિસ્તારમાં વાણિજ્યિક જૈવિક ખેતીનાં વિકાસ માટે એક યોજના શરૂ કરવામાં આવી હતી, જેને બાદમાં 'પૂર્વોત્તર વિસ્તાર માટે મિશન ઓર્ગેનિક વેલ્યુ ચેઇન ડેવલપમેન્ટ' તરીકે ઓળખવામાં આવી.
- નાગાલેન્ડના કિંગ ચિલી (મરચાં)ની પ્રથમ વાર લંડનમાં નિકાસ કરવામાં આવી. નાગાલેન્ડનાં આ મરચાંને 'ભૂત જોલોકિયા' અથવા 'ઘોસ્ટ પેપર' પણ કહેવામાં આવે છે. તેને 2008માં જીઆઇ સર્ટિફિકેશન મળ્યું હતું.
- પામ ઓઇલની ખેતી માટે 27.99 લાખ હેક્ટર સંભવિત વિસ્તારનું આકલન કરવામાં આવ્યું છે, જેમાં પૂર્વોત્તર રાજ્યોમાં 9.62 લાખ હેક્ટર વિસ્તારનો સમાવેશ થાય છે.
- સરકારે વાંસને ઝાડમાંથી ફરી એક વાર ઘાસ તરીકે વર્ગીકૃત કર્યું છે.
- અરૂણાચલ પ્રદેશમાં નોર્થ ઇસ્ટ રિજન ટેક્સટાઇલ પ્રમોશન સ્કીમ અંતર્ગત સંકલિત અને મોટાં પાયે ઈરી ફાર્મિંગ શરૂ કરવામાં આવ્યું.



# મધ્યમ વર્ગનું જીવન બન્યું સરળ અને સુગમ

**‘ઈઝ ઓફ લિવિંગ’- એટલે કે લોકોનાં જીવન નિર્વાહને સરળ બનાવવું. લોકોનાં જીવનને સરળ બનાવવાનાં હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશા સામાન્ય માણસની સુવિધા માટે ‘ઈઝ ઓફ લિવિંગ’ પર ભાર મૂકતા રહ્યા છે. એટલાં માટે જ તેઓ લોકોનું જીવન સરળ બને તેવી નીતિ અને યોજનાઓ ઘડવા પર અને તેનો અમલ કરવા પર કામ કરે છે. તેમનાં પ્રયાસોનાં પરિણામે આજે મધ્યમ વર્ગનાં જીવનમાં આવાસ યોજના, હર ઘર જલ યોજના, સ્વચ્છ ભારત મિશન, સૌભાગ્ય યોજના સહિત અનેક યોજનાઓની સ્પષ્ટ અસર દેખાઈ રહી છે અને લોકોનું જીવન સરળ બની રહ્યું છે...**



## જલ જીવન મિશન

- ઓગસ્ટ 2019માં જલ જીવન મિશનની જાહેરાત. 2024 સુધી ગ્રામીણ ઘરોમાં નળમાંથી જળ પહોંચાડવાનાં લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવી હતી.
- તેમાં પાણી સમિતિ, જન આંદોલન, સામુદાયિક માલિકી અને મહિલાઓની કેન્દ્રીય ભૂમિકા છે.


**3.23**
કરોડ ઘરોમાં નળનું પાણી આવતું હતું 2019 સુધી

**6.3**
કરોડ ઘરોમાં નવા કનેક્શન આપવામાં આવ્યા છેલ્લાં 33 મહિનામાં




## પ્રધાનમંત્રી જનધન યોજના

- 2015 સુધી દેશની આશરે 50 ટકા વસતિ પાસે જ બેન્ક ખાતા હતા. જ્યારે પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત 45.33 કરોડ ખાતા ખોલવામાં આવ્યા. 2019માં આ યોજનાને કારણે દેશમાં 80 ટકા લોકો પાસે બેન્ક ખાતા થઈ ગયા. જનધન ખાતામાં 1.66 લાખ કરોડ રૂપિયા જમા છે. સરેરાશ જમા રકમ રૂ. 3,694 છે.
- આ યોજના અંતર્ગત પ્રથમ વાર ઝીરો બેલેન્સ પર ખાતું ખોલવામાં આવ્યું હતું. લોકડાઉન દરમિયાન 20 કરોડ મહિલાઓનાં જનધન ખાતામાં પાંચસો રૂપિયા આપવામાં આવ્યા. 31.64 કરોડ રૂપે કાર્ડ જારી કરવામાં આવ્યા છે. આ યોજના 15 ઓગસ્ટ, 2014નાં રોજ લોંચ કરવામાં આવી હતી.




## પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)




- આ યોજના અંતર્ગત અત્યાર સુધી 2.55 કરોડ ઘરોનું નિર્માણ પૂરું થયું.
- 2016માં આ યોજના ગામડાંમાં લોકોને પાકું મકાન આપવા માટે શરૂ કરી હતી.

## પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)




**2004-15ની સરખામણીમાં 2015-22 દરમિયાન સંપૂર્ણ રીતે તૈયાર મકાનોની સંખ્યા 7.5 ગણી વધીને 58.59 લાખ થઈ ગઈ.**

2004-2014 સુધી શહેરી વિસ્તારોમાં 13.48 લાખ મકાન મંજૂર કરવામાં આવ્યા, તો 2015-2022 દરમિયાન તેનાંથી 10 ગણા વધુ એટલે કે 122.69 લાખ મકાન મંજૂર કરવામાં આવ્યા. મકાન પ્રોજેક્ટમાં 2004-2014 દરમિયાન 0.38 લાખ કરોડ રૂપિયા રોકવામાં આવ્યા હતા, તો 2015-22 દરમિયાન તેમાં 22 ગણા વધારા સાથે 8.31 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું. મકાનમાં કેન્દ્રીય મદદમાં 10 ગણો વધારો કરવામાં આવ્યો. 2004-14 દરમિયાન તે 0.20 લાખ કરોડ હતી, તો 2015-22માં તે વધીને 1.86 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ.

## રેરામાં મહત્વપૂર્ણ જોગવાઈ

- રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, 2016 (RERA) સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો. રેરાનો હેતુ રિયલ એસ્ટેટ સેક્ટરમાં ગ્રાહકોનું રોકાણ વધારવાનો અને તેમનાં હિતોનું રક્ષણ કરવાનો છે.
- નાગાલેન્ડને બાદ કરતાં તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ રેરા અંતર્ગત નિયમોને અધિસૂચિત કર્યા છે. 31 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ લેન્ડ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની સ્થાપના કરી છે.
- 28 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલ સ્થાપના કરી છે અને નિયમનકારી સત્તામંડળ હેઠળ પોતાની વેબસાઇટ ઓપરેટ કરી રહ્યાં છે.
- દેશભરમાં 78,734 રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ અને 62,204 રિયલ એસ્ટેટ એજન્ટોએ રેરા હેઠળ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. દેશભરમાં લેન્ડ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીઝ દ્વારા 88,894 ફરિયાદોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે.

## મિશન અમૃતથી સ્થિતિ બદલાઈ

- અમૃત 1.0ની શરૂઆત 25 જૂન, 2015નાં રોજ થઈ, જે પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શહેરોને જળ સુરક્ષિત બનાવવા અને તમામ ઘરોમાં નળમાંથી પાણી પહોંચાડવાનાં હેતુથી 1 ઓક્ટોબર, 2021નાં રોજ અમૃત 2.0 લોંચ કર્યું. 80,713 કરોડ રૂપિયાનાં 5818 પ્રોજેક્ટ્સ અમલ હેઠળ છે.
- અમૃત 2.0 માટે કુલ ખર્ચ રકમ રૂ. 2,77,000 કરોડ છે, જેમાં 2021-22થી 2025-26ની મુદત માટે 76,760 કરોડ રૂપિયા કેન્દ્રનો હિસ્સો છે.
- પાણી પુરવઠા ક્ષેત્રમાં 41,850 કરોડ રૂપિયાનાં 1326 પ્રોજેક્ટ્સ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે, જેમાંથી રૂ. 11,530 કરોડનાં 740 પ્રોજેક્ટ પૂરાં થઈ ચૂક્યા છે.
- તમામને નળમાંથી જળ પહોંચાડવા માટે 1.39 કરોડ નળ જોડાણ પૂરાં પાડવાનો લક્ષ્ય છે.

### સરળ ઇ-ફાઇલિંગ અને ફેસલેસ એસેસમેન્ટ


**આવકવેરા વિભાગે ઇ-ફાઇલિંગ પ્રક્રિયાને સરળ કરી છે, જેનાંથી કરદાતાઓને આવકવેરા સંબંધિત માહિતી મળે છે. તેનાંથી ઇ-ફાઇલિંગ કરવામાં અગાઉની સરખામણીમાં ઘણી સરળતા રહે છે. પ્રામાણિક કરદાતાનું સન્માન અને ફેસલેસ એસેસમેન્ટ વ્યવસ્થાની શરૂઆત કરવામાં આવી. તેનાં પરિણામે કર વસુલાતમાં વધારો જોવા મળ્યો.**




આંકડા લાખ કરોડ રૂપિયામાં


# રાષ્ટ્રીય સ્તર પર મળી સુવિધાઓ, આંતરરાષ્ટ્રીય સ્તર પર માર્ગ દર્શાવ્યો

**ભારત જળવાયુ પરિવર્તન અને પર્યાવરણ મુદ્દે અત્યંત સાવચેત છે અને આ મુદ્દે આંતરરાષ્ટ્રીય મંચ પર અવાજ પણ ઉઠાવે છે. ભારતમાં વિશ્વની 17 ટકા વસતિ છે પણ ઉત્સર્જનમાં માત્ર 4 ટકા જ હિસ્સો છે, એટલે કે જળવાયુને જે પણ નુકસાન થયું તેમાં ભારતની ભાગીદારી નહિંવત છે. ભારતે સ્વચ્છ ઇંધણને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં વધારો કર્યો એટલું જ નહીં, 19,500 કરોડ રૂપિયાની પીએલઆઇની પણ જાહેરાત કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'કચરામાંથી કંચન' યોજના અંતર્ગત ઇન્દોરમાં ગોબરધન-બાયો સીએનજી પ્લાન્ટનું ઉદઘાટન કર્યું, દેશમાં પર્યાવરણ, વન, જળ જીવ સંરક્ષણ પર કામ કર્યું અને વિશ્વને લાઇફ સ્ટાઇલ ફોર એન્વાર્યનમેન્ટ ( LIFE) પંચામૃતનો મંત્ર પણ આપ્યો.**



## અંધારામાંથી અજવાળા તરફઃ

પ્રધાનમંત્રી ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલઇડી ફોર ઓલ (UJALA) કાર્યક્રમ વિશ્વનો સૌથી મોટો નોન-સબસિડાઇઝ્ડ સ્વદેશી પ્રકાશ કાર્યક્રમ છે, જેની શરૂઆત 5 જાન્યુઆરી, 2015નાં રોજ કરવામાં આવી.




વિશ્વમાં એલઇડીનું બીજું મોટું બજાર ભારતમાં છે

- **36.79** કરોડ એલઇડી બલ્બ યોજનાની શરૂઆતથી 22 એપ્રિલ, 2022 સુધી આપવામાં આવ્યા
- **47,778** મિલિયન કિલોવોટ પ્રતિ કલાક વાર્ષિક ઊર્જાની બચત થઈ
- **3.86** કરોડ ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન પ્રતિ વર્ષ ઓછું થયું છે.
- **1.23** કરોડથી વધુ સ્ટ્રીટ લાઇટ એલઇડીમાં બદલવામાં આવી માર્ચ 2022 સુધી સ્ટ્રીટ લાઇટ નેશનલ પ્રોગ્રામમાં
- **8516.5** મિલિયન યુનિટ વીજળીની વાર્ષિક બચત થઈ.

**જેથી ગંગા સ્વચ્છ અને અવિરત રહેઃ** જૂન 2014માં નમામિ ગંગે મિશનની શરૂઆત કરવામાં આવી. માર્ચ 2022 સુધી તેમાં 30,853 કરોડ રૂપિયાનાં અંદાજિત ખર્ચનાં 364 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી, જેમાંથી 183 શરૂ થઈ ચૂક્યા છે. 2014માં 1305 એમએલડી ગંદા પાણીની ટ્રીટમેન્ટ ક્ષમતા હતી, જે 2022માં 2407 એમએલડી થઈ. 2014-15થી 2022 સુધી 160 સીવરેજ ઇન્ફ્રાસ્ટ્રક્ચર 5227 કિ.મી. સીવરેજ નેટવર્કનું કામ 24,567 કરોડ રૂપિયાનાં ખર્ચે કરવામાં આવી રહ્યું છે. નમામિ ગંગેથી નદીની સ્થિતિમાં સુધારો થયો છે. હવે નમામિ ગંગે મિશનને 2026 સુધી મંજૂરી આપવામાં આવી છે.



## પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાઅભિયાન (પીએમ-કુસુમ) યોજનાઃ

અન્નદાતાથી ઊર્જા દાતા બનવા માટે ફેબ્રુઆરી, 2019માં શરૂઆત. સોલર પંપ અને સ્ટેન્ડ એલોન પંપ માટે કેન્દ્ર સરકાર મહત્તમ 30 ટકા અને પર્વતીય તથા પૂર્વોત્તર રાજ્યોમાં 50 ટકા સુધી નાણાકીય સહાયતા પૂરી પાડે છે. આ યોજના અંતર્ગત 3.59 લાખ સ્ટેન્ડ એલોન પંપોની ફાળવણી કરવામાં આવી છે.


**લક્ષ્યઃ** ખેડૂતોની ઉજ્જડ અને પડતર જમીન પર 10,000 મેગાવોટ ક્ષમતાનાં લઘુ સોલર પાવર પ્લાન્ટ લગાવવાં. 25 લાખ સ્ટેન્ડ એલોન સોલર પંપોની સ્થાપના. 15 લાખ વર્તમાન ગ્રિડથી જોડાયેલા પંપોનું સોલરાઇઝેશન કરવું.

# એક સૂરજ, એક વિશ્વ, એક ગ્રિડનો મંત્ર



- ભારતે કાર્બન ઉત્સર્જનમાં 2070 સુધી નેટ ઝીરોનો સંકલ્પ લીધો છે. એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રિડનાં વિચાર સાથે એક વૈશ્વિક ગ્રિડ તૈયાર કરવા માટે કેન્દ્ર સરકાર એક અભ્યાસ પણ કરાવી રહી છે. કોપ-26 દરમિયાન ભારત અને 88 અન્ય દેશોએ એક સૂર્યની જાહેરાત કરી હતી.
- એવા ક્ષેત્રોમાં જ્યાં પગલાં લેવા અઘરા છે, ત્યાં સ્વૈચ્છિક આધાર પર ઓછાં કાર્બન ઉત્સર્જન માટે ભારતે સ્વીડન સાથે ભાગીદારીમાં લીડરશીપ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ ટ્રાન્ઝીશન ટ્રેકની શરૂઆત કરી છે.
- ભારતમાં ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) અને Coalition for Disaster Resilient Infrastructure (CDRI) જેવા આંતરરાષ્ટ્રીય જોડાણોની શરૂઆત કરવામાં આવી. તેમાં ભારતની અગ્રણી ભૂમિકાનો મડાગાસ્કરના રાષ્ટ્રપતિ એન્ડ્રી રાજોએલિનાએ પણ સ્વીકારી છે.
- બિન અશ્મિભૂત સ્ત્રોતથી 40 ટકા સ્થાપિત ક્ષમતાનું જે લક્ષ્ય ભારતે 2030 સુધીનું રાખ્યું હતું, તેને નવ વર્ષ પહેલાં જ પૂરું કરી લેવામાં આવ્યું છે. અક્ષય ઊર્જા ક્ષમતામાં છેલ્લાં 6-7 વર્ષોમાં 250 ટકાથી વધુ વૃદ્ધિ થઈ છે. ખાસ કરીને છેલ્લાં છ વર્ષમાં સૌર ઊર્જાની ક્ષમતા લગભગ 15 ગણી વધી છે. સૌર ઊર્જા ઉત્પાદનની સ્થાપિત ક્ષમતા 54,000 મેગાવોટથી વધુ પહોંચી ચૂકી છે.

**ઈથેનોલ મિશ્રણ:** 2014 સુધી ભારતમાં પેટ્રોલમાં 1.5 ટકા ઈથેનોલ ભેળવવામાં આવતું હતું. હવે 10 ટકા મિશ્રણનો લક્ષ્ય હાંસલ થઈ ગયો છે. 2025-26થી પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ મેળવવામાં આવશે.



**ઇલેક્ટ્રિક વાહનો માટે ફ્રેમ ઇન્ડિયા કાર્યક્રમ:** 31 માર્ચ, 2022 સુધી આશરે 11 લાખ ઇલેક્ટ્રિક વાહનો રજીસ્ટર્ડ થયા છે. બેટરી સ્વેપિંગ પોલિસીમાં 4500 ચાર્જિંગ સ્ટેશનને મંજૂરી આપવામાં આવી.




**નેશનલ હાઇડ્રોજન મિશન:** 15 ઓગસ્ટ, 2021નાં રોજ લોંચ કરવામાં આવેલી યોજનામાં 2030 સુધી પાંચ મિલિયન ટન ગ્રીન હાઇડ્રોજન ઇંધણનાં ઉત્પાદનનું લક્ષ્ય છે. પાયલટ પ્રોજેક્ટ પ્લાન્ટની શરૂઆત આસામથી થઈ ચૂકી છે.

## જંગલ વિસ્તાર અને દુર્લભ વન્ય જીવ

- 2019ની સરખામણીમાં 2021માં 2261 કિ.મી. જંગલ વિસ્તાર અને ટ્રી કવરમાં વધારો થયો.
- 2014થી 2019 સુધી એક શીંગડાવાળા ગેંડાની સંખ્યામાં 15 ટકાનો વધારો. 2014માં 2600 ગેંડા હતા, જે 2019માં વધીને 3000 થઈ ગયા. આસામમાં ગેંડાનાં ગેરકાયદેસર શિકારની સંખ્યા 2014માં 32થી ઘટીને 2021માં એક થઈ.
- દેશમાં ફેબ્રુઆરી, 2021માં તામિલનાડુનાં શ્રીવિલિપુત્તુર મેગામલાઈ વાઘ અભયારણ્યને 51મા ટાઈગર રિઝર્વ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યો. દર ચાર વર્ષે કરવામાં આવતી વાઘની ગણતરી પ્રમાણે 2014માં દેશમાં 2226 વાઘ હતા, જે 2018માં વધીને 2967 થયા હતા. 2022નાં લક્ષ્ય વર્ષ પહેલાં જ વસતિ બમણી કરવાનું લક્ષ્ય હાંસલ કરી લેવામાં આવ્યું છે.
- જળચર જીવોનાં સંરક્ષણ પર કેન્દ્ર સરકાર નમામિ ગંગે, નભભૂમિ સંરક્ષણ યોજના પર કામ કરી રહી છે. આ રીતે નભભૂમિ ઈકો સિસ્ટમનાં સંરક્ષણ માટે નભભૂમિ (સંરક્ષણ અને સંચાલન), નિયમ, 2017 નોટિફાય કર્યો છે.
- 2010માં એશિયન સિંહ 411 હતા, જે 2020માં 674 થયા. હાથીની વસતિ 2007માં 27694 હતી, જે હવે 30,000 થઈ ગઈ છે.



# આપણે આવતી કાલનું હરિત વિશ્વ

**જળવાયુ પરિવર્તન આજની દુનિયાની સૌથી મોટી ચિંતાનો વિષય બની ગયું છે. ગયા વર્ષે ગ્લાસગોમાં વિશ્વનાં લગભગ તમામ દેશો આ મુદ્દે વિચારણા કરવા એકત્ર થયા ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંચામૃતના સંકલ્પની સાથે LIFE એટલે કે 'લાઇફ સ્ટાઇલ ફોર એન્વાર્યનમેન્ટ'નો મંત્ર આપ્યો. સમગ્ર વિશ્વ જ્યારે પર્યાવરણ સમસ્યાથી સર્જાયેલા જોખમનો સામનો કરી રહ્યું છે ત્યારે પર્યાવરણ અનુકુળ જીવનશૈલી આજનાં સમયની સૌથી મોટી જરૂરિયાત છે. પર્યાવરણ અનુકુળ જીવનશૈલીની દિશામાં ભારતે છેલ્લાં આઠ વર્ષમાં અનેક મહત્વનાં પગલાં લીધાં છે. ઈ-વ્હિકલ્સને પ્રોત્સાહન, સમય પહેલાં ઈથેનોલ મિશ્રિત ઇંધણનું લક્ષ્ય હાંસલ કરવાથી માંડીને ઊર્જાનાં ક્ષેત્રમાં આપણે વિક્રમ સ્થાપ્યાં છે. આ ઉપરાંત, ભારત વિશ્વનો એવો ચોથો દેશ છે, જેણે પેરિસ સમિટમાં નિર્ધારિત પર્યાવરણીય લક્ષ્યાંકોને હાંસલ કર્યા છે. 5 જૂનનાં રોજ આપણે પર્યાવરણ દિવસ મનાવી રહ્યા છીએ ત્યારે આપણે સૌ 'લાઇફસ્ટાઇલ ફોર એન્વાર્યમેન્ટ' એટલે કે પર્યાવરણ અનુકુળ જીવનશૈલીનો સંકલ્પ લઇએ...**

આઈઆઈટી મુંબઇ અને દિલ્હીના વિદ્યાર્થીઓ અર્પિત અને સાક્ષીને પ્રકૃતિ અને પર્યાવરણની સલામતી માટે કંઇક કરવાની ભાવના જાગી. તેમણે હવેથી જાતે ઉગાડેલું જ અનાજ જ ખાવાનો નિર્ધાર કર્યો. બંનેએ નોકરી છોડી દીધી અને ઉજ્જૈન પાસે બડનગરમાં સાડા ત્રણ વીઘા જમીન ખરીદી. આ જમીનને જૈવિક બનાવી, વૃક્ષો વાવ્યા અને નાનું તળાવ બનાવ્યું. જમીનને વિવિધ ભાગમાં વહેંચી નાખી. એક ભાગમાં શાકભાજી, એક ભાગમાં ફળો અને એક ભાગમાં વૃક્ષ વાવ્યાં અને તેની વચ્ચોવચ માટીનું ઘર બનાવ્યું, જેમાં પ્રકૃતિ સાથે જોડાયા હોવાની લાગણી થાય. અર્પિત અને સાક્ષીનાં આ પ્રયાસો પરથી કહી શકાય કે જળવાયુ પરિવર્તન અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે આવાં પગલાં અને આ પ્રકારની જીવનચર્યા અપનાવવાની જરૂર છે.

દેશનાં ટોચનાં નેતૃત્વનાં સંકલ્પને પગલે ભારત સરકારે વીતેલાં સાત-આઠ વર્ષમાં પર્યાવરણ સંરક્ષણ અને વિકાસ વચ્ચે સંતુલિત જીવન માટે લોકોને પ્રકૃતિ અને પર્યાવરણ સાથે જોડવાનું અને તેનું રક્ષણ કરવા કટિબ્ધ્ધ કરવાનું કામ કર્યું છે. જનભાગીદારી વાળા જળ-જંગલ-જમીનનાં કાર્યક્રમો જેમ કે સ્વચ્છ ભારત મિશન, જલ જીવન મિશન, નમામિ ગંગે. સિંગલ યુઝ પ્લાસ્ટિક, પ્રાકૃતિક ખેતી અને નેનો યુરિયા દ્વારા પર્યાવરણને બચાવવાનું મિશન હાથ ધરવામાં આવ્યું છે. 'કચરામાંથી કંચન' અંતર્ગત ઊર્જા પ્લાન્ટ, નદીઓની ઇકો સિસ્ટમ સુધારવા વેટલેન્ડ વિકાસ અને ચોખ્ખી હવા માટે સૌર ઊર્જા અને ઇલેક્ટ્રિક વાહનને પ્રોત્સાહન, હાઇડ્રોજન મિશન, પેટ્રોલમાં ઇથેનોલ મિશ્રણનું પ્રમાણ વધારવા સરકાર કામ કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોપ-26 દરમિયાન વિશ્વ સમક્ષ સ્પષ્ટ કર્યું કે ભારતમાં વિશ્વની 17 ટકા વસતિ છે પણ ઉત્સર્જનમાં માત્ર 4 ટકા હિસ્સો છે. એટલે કે જળવાયુને જે પણ નુકસાન થયું તેમાં ભારતની ભૂમિકા નહિંવત્ છે. ભારતીય રેલવેનાં વિશાળ નેટવર્કમાં 2030 સુધી નેટ ઝીરો ઉત્સર્જનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ પહેલથી 60 મિલિયન ટન ઉત્સર્જન ઓછું થશે. આપણે ઇન્ટરનેશનલ સોલર એલાયન્સનું વડપણ કર્યું. જળવાયુ પરિવર્તનમાં લાઇફ સ્ટાઇલની મોટી ભૂમિકા છે અને સમગ્ર વિશ્વ તેને માની રહ્યું છે. આ પડકારનો સામનો કરવા આપણે LIFE પર ફોકસ કરવાનું છે, એટલે કે 'લાઇફસ્ટાઇલ ફોર એન્વાર્યનમેન્ટ'ને પ્રોત્સાહન મળશે. આપણે 'યુઝ એન્ડ થ્રો'નાં માઇન્ડસેટમાંથી બહાર નીકળવાનું છે. આ પડકારનો સામનો કરવા માટે વડાપ્રધાને પંચામૃતનાં સ્વરૂપમાં 2030 સુધી કાર્બન ઇન્ટેન્સિટીને 45 ટકા સુધી ઘટાડવાનો અને

> "ભારત વિશ્વ માટે એ ઉદાહરણ રજૂ કરી રહ્યું છે કે પર્યાવરણની સલામતી માટે વિકાસને રોકવો જરૂરી નથી. અર્થતંત્ર અને ઇકો-સિસ્ટમ બંને એક સાથે આગળ વધી શકે છે. ભારતે આ જ માર્ગ પસંદ કર્યો છે. જળવાયુ પરિવર્તનનાં જોખમનો સામનો કરવા માટે જે વૈશ્વિક પ્રયાસ ચાલી રહ્યા છે તેમાં ભારત એક નવો પ્રકાશ બનીને ઊભર્યું છે."
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



## વિશ્વ પર્યાવરણ દિવસનો આ વર્ષનો વિષય-'ઓન્લી વન અર્થ' એટલે કે 'માત્ર એક પૃથ્વી'

5 જૂનનાં રોજ મનાવવામાં આવનારા વિશ્વ પર્યાવરણ દિવસ 2022ની થીમ 'ઓન્લી વન અર્થ' એટલે કે 'માત્ર એક પૃથ્વી' રાખવામાં આવી છે. આ સૂત્રમાં પ્રકૃતિ સાથે જોડાણની સાથે સાથે સ્વચ્છ, હરિયાળું અને ટકાઉ જીવનને અપનાવવાનો સંદેશ છુપાયેલો છે. આ વર્ષની થીમ પ્રકૃતિની સાથે સંતુલન સાધવાની જરૂરિયાત, નીતિઓ અને વ્યક્તિગત વિકલ્પોનાં માધ્યમથી એક હરિત જીવનશૈલી (ગ્રીન લાઇફસ્ટાઇલ) તરફ વળવાની આપણી સંભાવનાઓ પર ધ્યાન કેન્દ્રીત કરશે. 1972નાં સ્ટોકહોમ સંમેલન બાદ સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP)ની રચના થઈ, જેનો સિદ્ધાંત પણ 'ઓન્લી વન અર્થ' (માત્ર એક જ પૃથ્વી) જ હતો, જે આજે પણ પ્રાસંગિક છે. આ ગ્રહ આપણું એક માત્ર ઘર છે અને માનવ જાતે પોતાના મર્યાદિત સંસાધનોનું રક્ષણ કરવું જોઇએ. આ વર્ષનાં વિશ્વ પર્યાવરણ દિવસની યજમાની સ્વીડન કરી રહ્યું છે.

# પર્યાવરણ સંરક્ષણમાં મહત્વનાં પગલાં

- દેશનાં 33 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો માટે જળવાયુ પરિવર્તન સંબંધી એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.
- સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, 2016 અંતર્ગત ઘન કચરાને સળગાવવાની મનાઈ છે.
- સ્વચ્છ ભારત મિશન 2.0 અંતર્ગત આગામી પાંચ વર્ષમાં જૂનાં કચરાનાં ઢગલાંની નાબૂદી અને સાયન્ટિફિક વેસ્ટ ફિલિંગ સાઈટ્સ ખાતે તેનાં સલામત નિકાલ સહિત તમામ કચરાનાં સંપૂર્ણ વૈજ્ઞાનિક સંચાલન દ્વારા કચરા મુક્ત શહેર બનાવવાની યોજના છે.
- ભારત સરકારે રાષ્ટ્રીય સ્વચ્છ કાર્યક્રમ અંતર્ગત 2024 સુધી પીએમ 10 અને પીએમ 2.5ની સાંદ્રતામાં 20થી 30 ટકા ઘટાડાનો લક્ષ્ય રાખ્યો છે.
- ભારત સરકારે 130.3 મિલિયન અમેરિકન ડોલરનાં ખર્ચે ભારતીય તટીય સમુદાયની જળવાયુ પ્રતિરોધ ક્ષમતાને વધારવા માટે આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓડિશા રાજ્યોમાં એક પ્રોજેક્ટ શરૂ કર્યો છે.
- પેરિસ સમજૂતિનો હેતુ વૈશ્વિક સરેરાશ તાપમાનમાં વધારાને બે ડિગ્રી પૂરતું મર્યાદિત રાખવા અને તાપમાનમાં વધારાને ઔદ્યોગિકીકરણ પૂર્વનાં સ્તરથી 1.5 ડિગ્રી સુધી સીમિત રાખવા માટે જળવાયુ પરિવર્તનનાં જોખમ અને આડઅસરને ઘટાડવાનો પ્રયાસ ચાલુ રાખવાનો છે.

## સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવાની પહેલ

ઓટોમેટિક રૂટ અંતર્ગત 100 ટકા સુધી સીધા વિદેશી રોકાણને મંજૂરી આપવામાં આવી.

**1186** મિલિયન ડોલરથી વધુ એફડીઆઈ આવ્યું એપ્રિલથી ડિસેમ્બર 2021 સુધી.



30 જૂન, 2025 સુધી ચાલુ થનારાં પ્રોજેક્ટ્સને જકાતમાંથી મુક્તિ



પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાઅભિયાન (પીએમ-કુસુમ), સોલર રૂફટોપ બીજો તબક્કો, 12,000 મેગાવોટ સીપીએસયુ યોજના બીજો તબક્કો શરૂ



- વર્ષ 2022 સુધી અક્ષય ઊર્જા ખરીદી જવાબદારી માટે ટ્રેજેક્ટરીની જાહેરાત.
- 'લગાઓ અને ચલાઓ' આધાર પર અક્ષય ઊર્જા ડેવલપર્સને જમીન અને ટ્રાન્સમિશનની સુવિધા પૂર પાડવી.

2070 સુધી નેટ ઝીરો ઉત્સર્જન સહિત પાંચ મોટાં લક્ષ્ય સામે રાખ્યા, જેનાં પર ભારત ઝડપથી કામ કરી રહ્યું છે. વિકાસ અને પર્યાવરણમાં આ સંતુલન એ આપણી પ્રાચીન પરંપરાનો મુખ્ય હિસ્સો છે, જેને આત્મનિર્ભર ભારતની તાકાત બનાવવામાં આવી રહી છે. જીવ અને પ્રકૃતિના સંબંધોનું સંતુલન, વ્યક્તિ અને સમષ્ટિનું સંતુલન, જીવ અને શિવનું સંતુલન હંમેશાથા આપણા શાસ્ત્રોએ આપણને શીખવાડ્યું છે. આપણે ત્યાં કહેવાયું છે

**यत् पिंडेतत् ब्रह्मांडे।**

એટલે કે જે પિંડ (જીવ)માં છે એ જ બ્રહ્માંડમાં છે. આપણે આપણાં માટે જે પણ કરીએ છીએ તેની સીધી અસર આપણા પર્યાવરણ પર પણ પડે છે. એટલાં માટે, આપણાં સંસાધનોની ક્ષમતા અંગે ભારતનાં પ્રયાસો વધી રહ્યા છે. ભારત સર્ક્યુલર ઈકોનોમી માટે એવી ચીજવસ્તુઓ અને પ્રક્રિયા પર ફોકસ કરી રહ્યું છે જેનાથી સંસાધનો પર ઓછામાં ઓછું દબાણ આવે. સરકારે એવાં 11 સેક્ટર્સ ઓળખી કાઢ્યાં છે જેનાંથી આધુનિક ટેકનોલોજીનાં માધ્યમથી સંસાધનોને રિસાઈકલ કરીને સદુપયોગ કરી શકીએ છીએ. કચરામાંથી કંચન અભિયાનને મિશન મોડ પર ચલાવવામાં આવી રહ્યું છે, જેમાં ઘર અને ખેતરમાંથી નીકળતો કચરો, સ્ક્રેપ મેટલ કે બેટરીને નવી ટેકનોલોજીથી રિસાઈકલ કરવા પર પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

## વડાપ્રધાનની સમીક્ષા બેઠક

### ગરમીના વધતા પારાની ચિંતાઃ **સ્ટાન્ડર્ડ પ્રોસીજર સાથે હીટ એક્શન પ્લાન**

જળવાયુ પરિવર્તનનાં પડકારો વચ્ચે દેશનાં તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. જળવાયુ પરિવર્તન પર આંતર-સરકારી પેનલે 2021નાં અહેવાલમાં 2040 પહેલાં વૈશ્વિક તાપમાનમાં 1.5 ડિગ્રી વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે. તેનાંથી સમુદ્રનાં સ્તરમાં વધારો અને લૂ જેવી કુદરતી આપત્તિ સર્જાઈ શકે છે. દરમિયાન, દેશમાં વધતી ગરમી અને આગની ઘટનાઓને જોતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 5 મેનાં રોજ લૂના મેનેજમેન્ટ અને પૂરની તૈયારી અંગે સમીક્ષા બેઠકનું વડપણ કર્યું. તેમણે સ્પષ્ટ કર્યું કે, લૂ અને આગની ઘટનાઓમાં જાનમાલનાં નુકસાનથી બચવા માટે તમામ ઉપાય કરો. જંગલમાં આગનું જોખમ ઘટાડવા માટે ગંભીર પ્રયાસ કરવા જોઇએ અને આવી ઘટનામાં પગલાં લેવાનો સમય ઓછામાં ઓછો હોવો જોઇએ. વડાપ્રધાને રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને રાજ્ય, જિલ્લા અને શહેરનાં સ્તરે સ્ટાન્ડર્ડ રિસ્પોન્સ તરીકે હીટ એક્શન પ્લાન તૈયાર કરવાની અને પૂર એક્શન પ્લાન બનાવવાની સલાહ આપી, તો દરિયાકિનારાના વિસ્તારોમાં હવામાન સંબંધી એલર્ટ સમયસર પ્રસારિત કરવાનાં અને સાવચેતીનાં પગલાં લેવાનાં નિર્દેશ આપ્યા છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે અસરકારક સંકલનની પણ ચર્ચા કરવામાં આવી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, “જે દુનિયા એક સમયે ભારતને એક પડકાર તરીકે જોતી હતી, તેમને લાગતું હતું સંકટ અહીંથી જ આવશે. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. આજે આપણો દેશ જળવાયુ ન્યાયમાં અગ્રેસર બન્યો છે. ભારત એક મોટાં વૈશ્વિક વિઝન સાથે આગળ વધી રહ્યું છે.” ભારતને જળવાયુ પરિવર્તન પ્રદર્શન સૂચકાંકમાં ટોચનાં 10 દેશોમાં સામેલ કરવામાં આવ્યું છે. ભારત જળવાયુ પરિવર્તનથી સર્જાયેલાં પડકારો પ્રત્યે જાગૃત છે અને સક્રિય રીતે કામ કરી રહ્યું છે. વડાપ્રધાને જૈન આંતરરાષ્ટ્રીય સંગઠન (JITO) નાં જીતો કનેક્ટ 2022માં EARTH ને બચાવવા માટે કામ કરવાનો આગ્રહ કર્યો હતો. અહીં E એટલે એન્વાર્યનમેન્ટ, A એટલે એગ્રીકલ્ચર, R એટલે રિસાઇકલિંગ, T એટલે ટેકનોલોજી અને H એટલે હેલ્થકેર. ભારતે કાર્બન ઉત્સર્જન અંગે 2070 સુધી નેટ ઝીરોનો સંકલ્પ લીધો છે. ‘એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રિડ’નાં ખ્યાલ સાથે વૈશ્વિક ગ્રિડ તૈયાર કરવા માટે એક અભ્યાસ પણ કરાવવામાં આવી રહ્યો છે. કોપ-26 દરમિયાન ભારત તથા અન્ય 88 દેશોએ એક સૂર્યની જાહેરાત કરી હતી. ભારતે યુકે સાથે સંયુક્ત રીતે વૈશ્વિક ગ્રીન ગ્રિડ પહેલ-‘એક સૂર્ય,એક વિશ્વ, એક ગ્રિડ’ માટે મંત્રાલયોનાં સંચાલન જૂથમાં ભાગ લેવા માટે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકન યુનિયન, ફ્રાન્સ, જર્મની અને ઓમાનને પત્ર પણ લખ્યો છે.

ભારત માત્ર સંકલ્પ જ નથી લેતું, પણ વિશ્વનાં એવા જૂજ દેશોમાં સ્થાન પામે છે જે આ દિશામાં વ્યક્ત કરેલી પ્રતિબધ્ધતાને સમયથી વહેલી પૂરી કરે છે. બિનઅશ્મિભૂત સ્ત્રોતથી 40 ટકા ક્ષમતા સ્થાપવા 2030 સુધીનો જે લક્ષ્ય હતો તે ભારતે 9 વર્ષ પહેલાં જ પૂરો કરી લીધો છે. અક્ષય ઊર્જા માટે આપણી ક્ષમતામાં છેલ્લાં 6-7 વર્ષમાં 250 ટકાથી વધુ વૃધ્ધિ થઈ છે. ભારત આજે સ્થાપિત અક્ષય ઊર્જા ક્ષમતામાં વિશ્વનાં ટોચનાં 5 દેશોમાં છે. સૌર ઊર્જાની ક્ષમતા છેલ્લાં છ વર્ષમાં લગભગ 15 ગણી વધી છે. ભારતમાં સૌર ઊર્જા ઉત્પાદનની સ્થાપિત ક્ષમતા 50,000 મેગાવોટથી વધી ગઈ છે. જળમાર્ગ અને મલ્ટીમોડલ કનેક્ટિવિટીને કારણે ગ્રીન ટ્રાન્સપોર્ટેશનનું મિશન મજબૂત થશે, એટલું જ નહીં, પણ દેશની લોજિસ્ટિક ક્ષમતામાં પણ સુધારો થશે. આજે દેશમાં મેટ્રો સેવા પાંચ શહેરોથી વધીને દોઢ ડઝનથી વધુ શહેરોમાં પહોંચી ચૂકી છે, જેનાંથી અંગત વાહનનો ઉપયોગ ઘટાડી શકાયો છે. રેલવે નેટવર્કનાં એક મોટાં હિસ્સાનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે, તો એરપોર્ટમાં પણ બહુ ઝડપથી સૌર ઊર્જા સ્થાપિત કરવામાં આવી રહી છે. 2014 પહેલાં માત્ર સાત એરપોર્ટ પર જ સૌર ઊર્જાની સુવિધા હતી, જ્યારે આજે આ સંખ્યા વધીને 50થી વધુ થઈ ગઈ છે.

વિશ્વભરમાં લોકો જે ગ્રાહકવાદી સંસ્કૃતિ અને વિચાર સાથે આગળ વધી રહ્યા છે તે આત્મઘાતી પગલાં સમાન છે. આ દુર્ઘટના દાયકાઓ બાદ નહીં સર્જાય, પણ જળવાયુ પરિવર્તનને કારણે તાપમાનમાં વધારો, ઝડપી વૃધ્ધિ, ગ્લેશિયર ઓગળવા કે દુકાળ અથવા અતિવૃષ્ટિ અને લૂ ઉપરાંત મહામારીનાં સ્વરૂપમાં સામે આવી રહી છે. આપણાં પૂર્વજોની ઇચ્છા હતી- **पृथ्वीः पूः च उर्वी भव।** એટલે કે સંપૂર્ણ પૃથ્વી, સંપૂર્ણ પરિવેશ, આપણાં બધાં માટે ઉત્તમ હોય, આપણા સપનાને તક આપે. એટલાં માટે જળવાયુ અને પર્યાવરણ સંરક્ષણનાં લક્ષ્ય અંગે આપણે સંગઠિત પ્રયાસો કરવા ખૂબ જરૂરી છે. દેશનો એક-એક નાગરિક જળ, વાયુ અને જમીનનું સંતુલન સાધવા માટે એકત્ર થઈને પ્રયાસ કરશે, તો જ આપણે આપણી આવનારી પેઢીઓને એક સલામત પર્યાવરણ આપી શકીશું. આપણા પૂર્વજોએ આપણાં માટે તેનું સંરક્ષણ કર્યું અને હવે આપણી એ જવાબદારી છે કે આપણે આવનારી પેઢીઓ માટે આપણી પૃથ્વીનું જતન કરીએ. ●

## 'આત્મનિર્ભર ભારત'

# સ્વર્ણિમ ભારતનાં નિર્માણનો સંકલ્પ

**પોતાનાં કૌશલ્યથી વિકાસ કરવો એ જ આત્મનિર્ભરતાનો સાચો અર્થ છે. આઝાદીનાં અમૃતકાળમાં 2047નાં સ્વર્ણિમ ભારતનાં નિર્માણ તરફ વધી રહેલાં દેશનો માર્ગ અને સંકલ્પ પણ એ જ છે. આત્મનિર્ભરતાનાં આ વિચાર સાથે ભારત હવે આગળ વધી રહ્યું છે. 6મેનાં રોજ જીતો કનેક્ટ 2022 સમિટમાં ઉદઘાટન પ્રવચન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનો ઉલ્લેખ કરતા કહ્યું, "ભારતમાં સંપદાની કોઈ કમી નથી. તેનો ઉપયોગ કરવા માટે આપણે આપણા મગજ અને સંસાધનોને કામે લગાડવાનાં છે."**

વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલા યુવા વ્યાવસાયિકોને એક સાથે, એક મંચ પર લાવવા માટે જૈન આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠન (JITO) દ્વારા 'જીતો કનેક્ટ'ની શરૂઆત કરવામાં આવી છે. જૈન આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠન વિશ્વભરનાં જૈન સમુદાય સાથે સંકળાયેલા વેપારીઓને જોડતું વૈશ્વિક સંગઠન છે. 'જીતો કનેક્ટ' કાર્યક્રમ દ્વારા આ સંગઠન વ્યાવસાય અને ઉદ્યોગ જગતને નેટવર્કિંગ અને વ્યક્તિગત બેઠક દ્વારા વૃદ્ધિનો માર્ગ મોકળો કરે છે. 6થી 8 મે સુધી પૂણે સ્થિત ગંગાધામ એનેક્સી દ્વારા ત્રણ દિવસીય 'જીતો કનેક્ટ-2022'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વ્યવસાય અને અર્થતંત્ર સાથે સંકળાયેલા વિવિધ મુદ્દાઓ પર વિવિધ સત્રો યોજવામાં આવ્યા હતા. 6મેનાં રોજ ઉદઘાટન સત્રમાં કાર્યક્રમની થીમમાં 'સબકા પ્રયાસ'ની ભાવનાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારતના સંકલ્પની ચર્ચા કરી એટલું જ નહીં પણ પ્રકૃતિનો સદુપયોગ કરીને 'સંકલ્પથી સિદ્ધિ'ના મંત્ર પર આગળ વધી રહેલા ભારતની વિકાસ યાત્રાનો પણ ઉલ્લેખ કર્યો.






## વડાપ્રધાનના સંબોધનના અંશ...

**ભારત પર વિશ્વનો વિશ્વાસઃ** આજે ભારતનાં વિકાસના સંકલ્પોને વિશ્વ પોતાનાં લક્ષ્યોની પ્રાપ્તિનું માધ્યમ માને છે. વૈશ્વિક શાંતિ હોય, વૈશ્વિક સમૃદ્ધિ હોય, વૈશ્વિક પડકારો સંબંધિત સમાધાન હોય કે ગ્લોબલ સપ્લાય ચેઈનને મજબૂત બનાવવાની હોય, વિશ્વ ભારત તરફ ખૂબ વિશ્વાસપૂર્વક જોઈ રહ્યું છે.

**સ્વચ્છ નિયત, સ્પષ્ટ ઈરાદો અને અનુકુળ નીતિઓઃ** તમારી સાથે અગાઉ થયેલા આવા જ સંવાદમાં મેં સ્વચ્છ નિયત, સ્પષ્ટ ઈરાદો અને અનુકુળ નીતિઓની વાત કરી હતી. તમારી સાથે ઘણી ચર્ચા થઈ હતી. વીતેલાં આઠ વર્ષોમાં આ મંત્ર પર ચાલતા સ્થિતિઓમાં જે પરિવર્તન આવી રહ્યું છે, તેનો આપણે રોજબરોજના જીવનમાં અનુભવ કરી રહ્યા છીએ.

**જેમ પોર્ટલ પર 40 લાખ વિક્રેતા જોડાયાઃ** જ્યારથી ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ એટલે કે GEM પોર્ટલ અસ્તિત્વમાં આવ્યું છે ત્યારથી તમામ ખરીદી એક પ્લેટફોર્મ પર પારદર્શક રીતે થાય છે. હવે અંતરિયાળ ગામનાં લોકો, નાના દુકાનદારો અને સ્વસહાય જૂથો પોતાની પ્રોડક્ટ્સ સીધી સરકારને વેચી શકે છે.

### EARTHનો મંત્ર


**E** એટલે કે environmentની સમૃદ્ધિ જેમાં હોય, તેવા રોકાણને, એવી પ્રણાલિને તમે પ્રોત્સાહિત કરો.

**A** એટલે કે Agricultureને વધુ લાભદાયક બનાવવા માટે નેચરલ ફાર્મિંગ, ફાર્મિંગ ટેકનોલોજી અને ફુડ પ્રોસેસિંગ સેક્ટરમાં વધુને વધુ રોકાણ કરો.

**R** એટલે કે Recycling પર ભાર મૂકો. Reuse, Reduce અને Recycle માટે કામ કરો.

**T** એટલે કે Technology ને વધુને વધુ લોકો સુધી લઈ જાવ.

**H** એટલે કે Healthcare, દેશમાં દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ જેવી વ્યવસ્થાઓ માટે સરકાર આજે બહુ મોટું કામ કરી રહી છે.



# ભારત સેમિકન્ડક્ટર ચિપનું નિર્માણ હબ બનશે

**દેશનાં વિકાસમાં નાનાથી માંડીને મોટા એમ દરેક પ્રકારનાં વ્યવસાયનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે. સહિયારા પ્રયાસની આ ભાવના અમૃતકાળમાં દેશની તાકાત બની રહી છે. સરકારનો એ સતત પ્રયાસ હોય છે કે પોતાની નીતિઓ અને પગલાં દ્વારા દેશમાં એવું વાતાવરણ બનાવે કે સામાન્યથી સામાન્ય પરિવારનો યુવાન પણ ઉદ્યોગ સાહસિક બને અને તેનાં માટે સપના જૂએ. આ દાયકાને ટેકનોલોજીનો દાયકો બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહેલું ભારત આ દિશામાં સેમીકોન ઇન્ડિયા જેવા સંમેલન દ્વારા વૈશ્વિક સેમી-કન્ડક્ટર સપ્લાય ચેઈનમાં ભારતને વિશ્વનાં મુખ્ય ભાગીદારોમાંના એક તરીકે સ્થાપિત કરવા પ્રયત્નશીલ છે....**

વોશિંગ મશીન હોય કે મોબાઈલ ફોન કે પછી ઘરમાં વપરાતો કોઈ પણ ઈલેક્ટ્રિક સામાન. સેમીકન્ડક્ટર ચિપ આ તમામ પ્રોડક્ટ માટે જરૂરી હોય છે. તાજેતરમાં જ કોવિડ દરમિયાન સેમીકન્ડક્ટર ચિપની અછતને કારણે ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ બનાવતી કંપનીઓને અસર પડી હતી. દેશમાં સેમીકન્ડક્ટર ચિપનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે, પણ મોટા ભાગની ચિપ વિદેશી મંગાવવી પડે છે. એટલાં માટે સરકારે ચિપ ઉત્પાદન ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા માટે પ્રયત્નો વધારી દીધાં છે, જેનાંથી ભારત વૈશ્વિક સેમી-કન્ડક્ટર સપ્લાય ચેઈનમાં મહત્વનાં ભાગીદારોમાં સ્થાન પામશે. તાજેતરમાં જ, બેંગલુરુમાં ત્રણ દિવસનાં 'સેમીકોન ઈન્ડિયા સંમેલન-2022'નું આયોજન થયું. તેનો હેતુ ભારતને વૈશ્વિક સેમીકન્ડક્ટર હબ બનાવવાનો અને ચિપ ડિઝાઈન અને ઉત્પાદન માટે અનુકુળ વાતાવરણ ઊભું કરવાનો છે. આ સંમેલનનું આયોજન ભારત સેમીકન્ડક્ટર મિશનને સાકાર કરવા અને ભારતની આકાંક્ષાઓથી સમગ્ર વિશ્વને માહિતગાર કરવાની દિશામાં પ્રથમ પગલું હતું. આ સંમેલનમાં વર્તમાન ક્ષમતાઓ, ટેકનોલોજી સંબંધિત ટ્રેન્ડ્સ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં રોકાણ, ભારતમાં વર્તમાન અને ભાવિ બજાર તકો અને વૈશ્વિક સ્તર પર ઉત્પન્ન થતી અપાર સંભાવનાઓ અને અસર પર ચર્ચા થઈ, જેમાં સ્ટાર્ટઅપ્સ, શિક્ષણ અને ઉદ્યોગ જગતની વિવિધ હસ્તીઓએ ભાગ લીધો હતો.

કોવિડ બાદ પણ નવી વૈશ્વિક પરિસ્થિતિ આકાર લઈ રહી છે, તો ભારત પણ આ તકનો લાભ ઉઠાવવામાં આગળ છે.

## સેમિકોન ઇન્ડિયા કાર્યક્રમ

- તેનો કુલ ખર્ચ 10 અબજ ડોલરથી વધુ છે. આ કાર્યક્રમનો હેતુ સેમીકન્ડક્ટર, ડિસ્પ્લે ઉત્પાદન અને ડિઝાઇન ઈકોસિસ્ટમમાં રોકાણ કરતી કંપનીઓને ભંડોળ પૂરું પાડવાનો છે.
- ભારતનો સેમીકન્ડક્ટરનો વપરાશ 2026 સુધી 80 અબજ ડોલર અને 2030 સુધી 110 અબજ ડોલર વટાવવાની સંભાવના છે.
- આગામી વર્ષોમાં સેમીકન્ડક્ટર પ્રોડક્ટ્સમાં ભારત વિશ્વનું ટોચનું કેન્દ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ટેકનોલોજી અને જોખમ લેવાની ભારતીય યુવાનોની ભૂખ વધી રહી છે અને હવે ભારતમાં એક જીવંત સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમ બનાવવાની બધાંની જવાબદારી બને છે. તાજેતરમાં બેંગલુરુમાં પૂરા થયેલા ત્રણ દિવસના સંમેલન સેમીકોન ઈન્ડિયા જેવું સંમેલન ભારતમાં થવું રાષ્ટ્રની વધતી જતી તાકાતની ઓળખ બની ગઈ છે. સેમી કન્ડક્ટર વિશ્વમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે અને ભારત 21મી સદીની જરૂરિયાતો પ્રમાણે દેશનાં યુવાનોનાં કૌશલ્ય અને તાલીમ પર ભારે રોકાણ કરી રહ્યું છે. દેશ પાસે સેમી કન્ડક્ટર ડિઝાઇન માટે અસાધારણ પ્રતિભા છે. જે વિશ્વના એન્જિનિયર્સનો 20 ટકા હિસ્સો છે. આ સંમેલનનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિગતવાર તેનો ઉલ્લેખ કર્યો કે ભારત કઈ રીતે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ નાગરિકોનાં કલ્યાણથી માંડીને સમાવેશિતા અને સશક્તિકરણ સુધી, તમામ ક્ષેત્રોમાં જીવનને બદલવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે ભારત આગામી ટેકનોલોજી ક્રાંતિનું નેતૃત્વ કરવા માટેનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યું છે, કારણ કે ભારત વિશ્વનાં સૌથી ઝડપથી આગળ વધી રહેલા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ સાથે મજબૂત આર્થિક વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. તેમનાં જણાવ્યા પ્રમાણે ભારતમાં ટેકનોલોજી પ્રાપ્તિ અને જોખમ લેવાની અદભૂત ક્ષમતા છે. ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું, "ભારતની સૌથી મોટી સંપત્તિ તેનો પ્રતિભાશાળી વર્કફોર્સ છે, જેનાં પર વિશ્વનો ભરોસો છે. ચિપ ડિઝાઇન અને ઉત્પાદનમાં એક મહત્વનાં ખેલાડી તરીકે ભારતે લાંબી મુસાફરી કરવાની છે. આ દિશામાં ચિપ્સ સ્ટાર્ટઅપ જેવો કાર્યક્રમ મહત્વપૂર્ણ પ્રયાસ છે, જેનાં દ્વારા 85,000થી વધુ લોકોને તાલીમ આપીને સેમીકન્ડક્ટરનાં ઉત્પાદન માટે વર્કફોર્સ તૈયાર થશે."

**આજે ભારત પાસે કેટલું બધું છે. આપણે બસ આપણાં આત્મવિશ્વાસને, આત્મનિર્ભરતાનાં ઇરાદાને મજબૂત કરવાનો છે. આ આત્મવિશ્વાસ ત્યારે જ આવશે જ્યારે વિકાસમાં બધાંની ભાગીદારી અને બધાંનો પ્રયાસ હોય.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

### ભારતને સેમીકન્ડક્ટર ટેકનોલોજી માટે આકર્ષક રોકાણ સ્થળ બનાવવા માટે વડાપ્રધાનના છ સૂત્ર

- ભારત 1.3 અબજથી વધુ ભારતીયોને જોડવા માટે એક ડિજિટલ માળખું તૈયાર કરી રહ્યું છે. ભારતે તાજેતરમાં જ નાણાકીય સમાવેશિતા, બેન્કિંગ અને ડિજિટલ પેમેન્ટ વગેરે ક્ષેત્રોમાં ઝડપથી પ્રગતિ કરી છે, જેનાથી લોકાનાં જીવનમાં પરિવર્તન આવ્યું છે.
- 5જી, આઈઓટી અને સ્વચ્છ ઊર્જા ટેકનોલોજી ક્ષમતામાં વિકાસ સાથે છ લાખ ગામોને બ્રોડબેન્ડથી જોડવા જેવાં પગલાં દ્વારા ભારત આગામી ટેકનોલોજી ક્રાંતિનું નેતૃત્વ કરવાનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યું છે.
- ભારત વિશ્વનાં ઝડપથી આગળ વધી રહેલી સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમ સાથે મજબૂત આર્થિક વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. ભારતનો સેમીકન્ડક્ટરનો પોતાનો વપરાશ 2026 સુધી 80 અબજ ડોલર અને 2030 સુધી 110 અબજ ડોલર વટાવવાની સંભાવના છે.
- ભારતે 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' માટે વ્યાપક સુધારા કર્યા છે. 25,000થી વધુ કોમ્પ્લાયન્સને નાબૂદ કર્યા છે, લાઇસન્સનાં ઓટો-રીન્યુઅલની દિશામાં પ્રયાસ ચાલુ છે, ડિજિટાઇઝેશન દ્વારા નિયમનકારી માળખામાં પારદર્શિતા અને ગતિ તથા વિશ્વમાં સૌથી સાનુકુળ કર માળખાં જેવા પગલાં લીધાં છે.
- 21મી સદીની જરૂરિયાતો માટે યુવા ભારતીયોનાં કૌશલ્ય વિકાસ અને તાલીમમાં ભારે રોકાણ. ભારત પાસે સેમી કન્ડક્ટર ડિઝાઇન માટે અસાધારણ પ્રતિભા છે, જે વિશ્વનાં સેમીકન્ડક્ટર ડિઝાઇન એન્જિનિયર્સનાં 20 ટકા જેટલાં છે. ટોચની 25 સેમીકન્ડકટર ડિઝાઇન કંપનીઓમાંથી લગભગ તમામ ભારતમાં પોતાનાં ડિઝાઇન અને આરએન્ડડી સેન્ટર ધરાવે છે.
- ભારતે ઉત્પાદન ક્ષેત્રમાં પરિવર્તન માટે અનેક પગલાં લીધાં છે. કોવિડ મહામારીનાં સમયમાં પણ અર્થતંત્ર પર અસર ન પડવા દીધી. આ ઉપરાંત, પીએલઆઈ જેવી યોજનાથી 14 મુખ્ય ક્ષેત્રોમાં 26 અબજ ડોલરથી વધુનાં પ્રોત્સહનોની જોગવાઈ કરી છે, જેનાંથી આગામી પાંચ વર્ષમાં ઈલેક્ટ્રોનિકસ ઉત્પાદન ક્ષેત્રમાં વિક્રમ વૃદ્ધિ થવાની આશા છે.

# ઓનલાઈન અને ઓફલાઈન
## શિક્ષણની હાઈબ્રિડ પ્રણાલિ વિક્સિત થશે



**માત્ર નીતિઓ ઘડવાથી કંઈ નથી થતું, તેને અમલમાં લાવવી પણ જરૂરી છે. તેનું સચોટ ઉદાહરણ છે નવી શિક્ષણ નીતિ. ભારતને 34 વર્ષ પછી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મળી. આ નીતિ ઘડવાની વાત હોય, લાગુ કરવાનો નિર્ણય હોય કે સમય સમયે તેની સમીક્ષા કરવાની જરૂર હોય. તમામને શિક્ષણ મળે, સર્વસમાવેશીતા હોય અને ગુણવત્તાસભર હોય તે સુનિશ્ચિત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમય સમયે સંવાદ કરતા રહે છે. 7મેનાં રોજ તેમણે નવી શિક્ષણ નીતિની પ્રગતિની સમીક્ષા કરી હતી...**

આઝાદીનો અમૃત કાળ નવા ભારતની નવી વ્યાખ્યા ઘડી રહ્યું છે, જેમાં શિક્ષણ સૌથી મહત્વનું છે કારણ કે આજના બાળકો અને યુવાનો સ્વર્ણિમ ભારતનો આધાર બનશે. એટલાં માટે વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલની પ્રગતિની સમીક્ષા કરવા માટે ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી અને કોવિડ પછીની પરિસ્થિતિ માટે નવી સિસ્ટમ વિકસાવવા માટેના મંત્રો આપ્યા.

### સમીક્ષામાં વડાપ્રધાન મોદીના મંત્ર

- શાળાએ જતાં બાળકોને ટેક્નોલોજીના વધુ પડતા ઉપયોગથી બચાવવા માટે ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણની હાઈબ્રિડ સિસ્ટમ વિકસાવો.
- વિજ્ઞાન પ્રયોગશાળાઓ ધરાવતી માધ્યમિક શાળાઓએ તેમના વિસ્તારના ખેડૂતો સાથે માટી પરીક્ષણ માટે જોડાવવું જોઈએ.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સુવિકસિત ઓનલાઈન અભ્યાસક્રમો ચલાવવાની મંજૂરી આપવાની સાથે સાથે ઓનલાઈન સામગ્રીની મંજૂર મર્યાદાને 40 ટકા સુધી વધારીને ઓનલાઈન શિક્ષણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.
- આંગણવાડી કેન્દ્રો દ્વારા જાળવવામાં આવતા ડેટાબેઝને શાળાના ડેટાબેઝ સાથે એકીકૃત કરવો જોઈએ કારણ કે બાળકો આંગણવાડીમાંથી શાળાઓમાં જાય છે.



# ઈનોવેશન અને સ્ટાર્ટઅપ

# 2,774

**સંસ્થાઓમાં ઈનોવેશન કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે. સ્ટાર્ટ-અપ અને ઈનોવેશનનાં ઈકો-સિસ્ટમને પ્રોત્સાહિત કરવા માટે 28 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશોમાં.**

- સંશોધન, ઈન્ક્યુબેશન અને સ્ટાર્ટઅપ્સની સંસ્કૃતિ વિક્સાવવા માટે NEP સાથે સંતુલન સાધીને અટલ રેન્કિંગ ઑફ ઈન્સ્ટિટ્યુશન્સ ઑન ઈનોવેશન એચિવમેન્ટ (ARIIA) ડિસેમ્બર 2021 માં શરૂ કરવામાં આવી છે. તેમાં 1438 સંસ્થાઓએ ભાગ લીધો હતો.
- ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) એ ગોખવાને બદલે આઈડિયા ડેવલપમેન્ટ, મૂલ્યાંકન અને એપ્લિકેશન લેબ માટે પ્રાયોગિક શિક્ષણ માટે ઉદ્યોગની ભાગીદારી સાથે 100 સંસ્થાઓને ભંડોળ પૂરું પાડ્યું છે.

## આવી રીતે આગળ વધી રહી છે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ....

- શાળાનાં બાળકોને નિર્ધારિત કરીને તેમને મુખ્ય ધારામાં પાછા લાવવાનાં વિશેષ પ્રયાસોથી માંડીને ઉચ્ચ શિક્ષણમાં 'મલ્ટીપલ એન્ટ્રી એન્ડ એક્ઝિટ'ની શરૂઆત જેવાં પરિવર્તનકારી સુધારા કરવામાં આવ્યા છે.
- રાષ્ટ્રીય સંચાલન સમિતિના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે
- એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ સાથે નોંધાયેલી આશરે 400 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને કારણે ઉચ્ચ શિક્ષણમાં 'મલ્ટીપલ એન્ટ્રી એન્ડ એક્ઝિટ' વાસ્તવિકતા બની છે.
- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ( UGC)ની માર્ગદર્શિકા પ્રમાણે વિદ્યાર્થીઓને એક સાથે બે શૈક્ષણિક અભ્યાસક્રમો પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવી છે.
- શાળાકીય શિક્ષણમાં સારાં પરિણામો અને બાળકોનાં સર્વાંગી વિકાસ માટે બાળમંદિરમાં ગુણવત્તાયુક્ત ECCE જેવી પહેલ, NIPUN ભારત, વિદ્યા પ્રવેશ, પરીક્ષા સુધારણા અને કલા સંબંધિત શિક્ષણ, રમકડા-આધારિત શિક્ષણ શાસ્ત્ર જેવાં નવીન કાર્યક્રમો અપનાવવામાં આવી રહ્યા છે.
- ફ્લેક્સિબિલિટી અને આજીવન શિક્ષણ માટે 'મલ્ટીપલ એન્ટ્રી એન્ડ એક્ઝિટ'ની માર્ગદર્શિકાની સાથે સાથે ડિજિલોકર પ્લેટફોર્મ પર એકેડેમિક બેંક ઓફ ક્રેડિટની શરૂઆતથી વિદ્યાર્થીઓને તેમની અનુકૂળતા અને પસંદગી મુજબ અભ્યાસ કરવો સરળ બનશે.
- નેશનલ પ્રોગ્રામ ફોર હાયર એજ્યુકેશન (NHEQF) પણ તૈયારીના અગ્રીમ તબક્કામાં છે. UGCNHE HEQF સાથે સુસંગતતા દ્વારા વર્તમાન અભ્યાસક્રમનું માળખું અને સ્નાતક કાર્યક્રમ માટે ક્રેડિટ સિસ્ટમ'માં ફેરફાર કરી રહ્યું છે.
- સ્વયં, દીક્ષા, સ્વયંપ્રભા, વર્ચ્યુઅલ લેબ અને અન્ય ઓનલાઈન સંસાધન પોર્ટલમાં વિદ્યાર્થીઓની નોંધણીમાં તીવ્ર વધારો નોંધાયો છે. આ પોર્ટલ સાંકેતિક ભાષા અને ઓડિયો ફોર્મેટ સહિત અનેક ભારતીય ભાષાઓમાં દૃષ્ટિહીન લોકો માટે અભ્યાસ સામગ્રી પ્રદાન કરે છે.

## ભારતીય ભાષાઓનો પ્રચાર

- શિક્ષણ અને પરીક્ષામાં બહુભાષાવાદ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે અંગ્રેજીનાં જ્ઞાનનો અભાવ કોઈ પણ વિદ્યાર્થીનાં શિક્ષણમાં નડતર ન બને.
- આ હેતુને ધ્યાનમાં રાખીને રાજ્યો મૂળભૂત સ્તરે દ્વિભાષી/ત્રિભાષી પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરી રહ્યા છે અને દીક્ષા મંચ પરની સામગ્રી 33 ભારતીય ભાષાઓમાં પૂરી પાડવામાં આવી છે.
- માધ્યમિક સ્તરે ભાષા વિષય તરીકે ભારતીય સાંકેતિક ભાષાને રજૂ કરવામાં આવી છે.
- NTAએ 13 ભાષાઓમાં JEE પરીક્ષાનું આયોજન કર્યું છે. AICTE એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત અનુવાદ એપ વિકસાવી છે અને અભ્યાસ સામગ્રીનું ભારતીય ભાષાઓમાં અનુવાદ કરવામાં આવી રહ્યો છે.
- 2021-22 સુધીમાં 10 રાજ્યોની 19 એન્જિનિયરિંગ કોલેજોમાં 6 ભારતીય ભાષાઓમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમો ભણાવવામાં આવી રહ્યા છે. ●



# ગરીબોનાં ઘર સુધી પહોંચી બેન્ક




**જનધન-આધાર-મોબાઈલ (જેમ) ટ્રિનિટી દ્વારા નાણાકીય સર્વસમાવેશિતા દ્વારા સામાજિક-આર્થિક રીતે લાંબા સમય સુધી ઉપેક્ષિત એક મોટાં વર્ગનાં વિકાસનો નવો માર્ગ તૈયાર કરવામાં આવ્યો છે. 1 સપ્ટેમ્બર, 2018નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કની શરૂઆત કરી. તેનો હેતુ દેશના અંતરિયાળ વિસ્તારોમાં પોસ્ટઓફિસ અને ટપાલીઓનાં વિશાળ નેટવર્કનો ઉપયોગ કરીને સામાન્ય માણસો સુધી બેન્કિંગ સુવિધાઓ પહોંચાડવાનો છે. 27 એપ્રિલનાં રોજ કેન્દ્રીય કેબિનેટે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કને 820 કરોડ રૂપિયાની આર્થિક મદદને મંજૂરી આપી, જેથી નાણાકીય સર્વસમાવેશિતાની આ પહેલને મજબૂતી મળે.**

તામિલનાડુના મુગૈયુઅર (થોપુ) ગામનાં રહેવાસી વડીલ સુંદરમ શારીરિક રીતે નબળા છે. તેમનાં ઘરથી નજીકની સરકારી બેન્કની શાખા 10 કિ.મી. દૂર છે. દિવ્યાંગ અને ઉંમરલાયક હોવાને કારણે પૈસા કાઢવા માટે બેન્કમાં જવું તેમનાં માટે પડકારથી ઓછું નહોતું. તેમની તકલીફ સમજીને પોસ્ટ માસ્ટર અરૂણ સેલ્વાકુમારે તેમને આધાર આધારિત પેમેન્ટ સિસ્ટમ (AEPS) અંગે જણાવ્યું. સુંદરમને ખાતામાંથી પૈસા કાઢવા માટે હવે 10 કિલોમીટર દૂર નથી જવું પડતું કે સ્લિપ ભરાવવા માટે બેન્ક કર્મચારીને હાથ નથી જોડવા પડતા. હવે તેઓ ટપાલી પાસે ઉપલબ્ધ બાયોમેટ્રિક સાધન પર અંગુઠો લગાવીને સરળતાથી પૈસા મેળવી શકે છે. આજે દેશનાં કરોડો લોકો માત્ર એક અંગુઠો લગાવીને સરળતાથી પૈસા મેળવી શકે છે તો તેનું કારણ છે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક. સંદેશાવ્યવહાર મંત્રાલય અંતર્ગત પાયલટ પ્રોજેક્ટ તરીકે રાંચી અને રાયપુરથી શરૂ થયેલી આ સેવા હવે દરેક જિલ્લામાં મળી રહી છે.

### હવે તમારા ઘરે આવી બેન્ક

ખાતું ખોલવું હોય કે ખાતામાંથી કોઇ સુવિધાનો લાભ લેવો હોય, હવે માત્ર એક મેસેજ મોકલીને તમે ટપાલીને તમારાં ઘરે બોલાવીને આ સુવિધાનો લાભ ઉઠાવી શકો છો. ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક (IPPB) સામાન્ય માણસ માટે સુલભ, સસ્તી અને વિશ્વસનિય બેન્ક છે. સપ્ટેમ્બર 2018માં શરૂ થયેલી ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટની આ સફર હવે 1.36 લાખ પોસ્ટ ઓફિસ સુધી પહોંચી ચૂકી છે. દેશનાં લગભગ તમામ શહેરમાં તેની શાખા/ કેન્દ્ર હાજર છે. આશરે 1.89 લાખ પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવક સ્માર્ટફોન અને બાયોમેટ્રિક ડિવાઇસ સાથે દેશનાં અંતરિયાળ વિસ્તારો સુધી આ સુવિધા પહોંચાડી રહ્યા છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 1,36,078 પોસ્ટ ઓફિસ બેન્કિંગ એક્સેસ પોઇન્ટ અસ્તિત્વમાં છે. જે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનું પ્રથમ ખાતું ખોલાવીને કરી હતી, તેમાં આજે દેશભરમાં 5.25 કરોડ ખાતા ખૂલી ચૂક્યા છે.



"ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક દ્વારા દેશભરનાં ગરીબો અને પર્વતો-જંગલોમાં રહેતા લોકોનાં દરવાજા સુધી બેન્ક પહોંચાડવાનો સંકલ્પ પૂરો કરવાનો માર્ગ ખૂલી ગયો છે. અમે હવે બેન્કને ગામ અને ગરીબોનાં દરવાજા સુધી પહોંચાડી રહ્યા છીએ. 'તમારી બેન્ક તમારે દ્વાર' એ હવે અમારું કમિટમેન્ટ છે. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન"

## બે સેવાઓ જેની શરૂઆત પ્રથમ વાર થઈ..



ટપાલીઓ અને ગ્રામીણ પોસ્ટ ઓફિસો દ્વારા દરેક ઘરનાં દરવાજા સુધી બેન્કિંગ સેવાઓ પહોંચાડવી.



એવી સહાયક સેવાઓ પૂરી પાડવી જે એવા લોકોની મદદ કરે જેમને રોકડમાંથી ડિજિટલ બેન્કિંગમાં થયેલા પરિવર્તનનો કોઇ અનુભવ નથી.

## તમારી બચત, તમારી સુરક્ષા

- **પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેન્ક (SB):** માત્ર 500 રૂપિયાથી શરૂ કરીને તમે પોસ્ટ ઓફિસમાં બચત ખાતું ખોલાવી શકો છો.
- **5 વર્ષીય રિકરિંગ ડિપોઝીટ (RD):** નાની બચતનો મોટો સહારો. પોસ્ટ ઓફિસમાં પાંચ વર્ષની પાકતી મુદત માટે દર મહિને લઘુતમ 100 રૂપિયામાં આરડીની સુવિધા ઉપલબ્ધ છે.
- **પોસ્ટ ઓફિસ ટાઇમ ડિપોઝીટ સ્કીમ (TD):** પોસ્ટ ઓફિસમાં ટાઇમ ડિપોઝીટ એકાઉન્ટ ઓછામાં ઓછા રૂ. 1000 રૂપિયામાં ખોલાવી શકાય છે. આ સ્કીમમાં પાંચ વર્ષ માટે કરવામાં આવેલા રોકાણ પર કલમ 80સી હેઠળ મુક્તિ મળે છે.
- **રાષ્ટ્રીય બચત માસિક આવક ખાતું (MIS):** 1000ના ગુણાંકમાં પ્રતિ માસ નાણા જમા કરાવી શકાય છે.
- **વરિષ્ઠ નાગરિક બચત યોજના ખાતુંઃ** 60 વર્ષથી વધુ ઊંમરની કોઇ પણ વ્યક્તિ અથવા 55થી 60 વર્ષ વચ્ચેનાં નિવૃત્ત સરકાર કર્મચારી ખાતું ખોલાવી શકે છે.
- **પબ્લિક પ્રોવિડન્ટ ફન્ડ એકાઉન્ટઃ** એક નાણાકીય વર્ષમાં લઘુતમ 500 અને મહત્તમ 15000 રૂપિયા જમા કરાવી શકાય છે. આ રોકાણ પર 80 સી હેઠળ કરમુક્તિ મળે છે.
- **સુકન્યા સમૃધ્ધિ ખાતુંઃ** નાણાકીય વર્ષમાં લઘુતમ 250 અને મહત્તમ 1,50,000 રૂપિયા જમા કરાવી શકાય છે. કરમુક્તિનો લાભ મળે છે.
- **રાષ્ટ્રીય બચત પ્રમાણપત્રઃ** તેમાં રોકાણની કોઈ મહત્તમ મર્યાદા નથી. પાકતી મુદત 5 વર્ષ છે.
- **કિસાન વિકાસ પત્રઃ** કોઇ પણ વ્યક્તિ લઘુતમ 1000 રૂપિયાનું રોકાણ કરી શકે છે. 124 મહિના બાદ તમને રોકાણની બમણી રકમ પરત મળશે.
- **વેસ્ટર્ન યુનિયન મની ટ્રાન્સફર સર્વિસઃ** ઓનલાઇન રકમ મોકલવાની કે મંગાવવાની સુવિધા.

આ ઉપરાંત પોસ્ટ ઓફિસમાં લાંબી મુદતની રોકાણ યોજના, યુટીઆઇ સાથે નેશનલ પેન્શન સ્કીમ અને અકસ્માત વીમા યોજના જન સુરક્ષાનો લાભ પણ ઉઠાવી શકાય છે.

આ ખાતાઓમાં 1,61,811 કરોડ રૂપિયા જમા છે. 765 લાખ ટ્રાન્ઝેક્શન દ્વારા આ ખાતામાં 21,343 કરોડ રૂપિયાની લેવડદેવડ થઈ ચૂકી છે. નાણાકીય સર્વસમાવેશિતાની વિશ્વની સૌથી મોટી યોજના અંતર્ગત ખોલવામાં આવેલા કુલ ખાતામાં 77 ટકા ખાતા ગ્રામીણ વિસ્તારોમાં ખોલવામાં આવ્યા છે. કુલ ખાતામાં 48 ટકા ખાતાધારક મહિલાઓ છે, જેમનાં ખાતામાં લગભગ 1,000 કરોડ રૂપિયા જમા છે. આ ઉપરાંત, લગભગ 40 લાખ મહિલા ખાતાધારકોના ખાતામાં ડીબીટી દ્વારા 2500 કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે. આશરે, 7.80 લાખ બેન્ક ખાતા શાળાના વિદ્યાર્થીઓનાં છે, તો આકાંક્ષી જિલ્લામાં હવે 95.71 લાખ ખાતા ખોલવામાં આવ્યા છે. IPPB એપ દ્વારા હવે તમે ઘેર બેઠાં બેન્કિંગ સેવાનો લાભ ઉઠાવી શકો છો, ડાકપે દ્વારા QR કોડ સ્કેન કરીને અથવા વર્ચ્યુઅલ ડેબિટ કાર્ડ અને યુપીઆઇ દ્વારા કોઇને પેમેન્ટ પણ કરી શકો છો.



# આઝાદીના પાયામાં દબાઈ ગયેલા કેટલાંક જન આંદોલન

**આપણા સ્વતંત્રતા સેનાનીઓ માટે જીવન, પરિવાર, સંબંધ અને ભાવનાઓથી પણ વધુ મહત્વની હતી દેશની આઝાદી. અંગ્રેજોના અત્યાચાર સામે દાયકાઓ સુધી અનેક આંદોલનો થયાં. આ તમામ સંઘર્ષોમાં અનેક અગ્રણીઓ ઊભર્યા, અનેક ઘટનાઓ બની, આ અદભૂત ક્રાંતિમાં અસંખ્યા લોકોએ પોતાનાં જીવનાં બલિદાન આપ્યા, અનેક લોકોને ઈજા થઈ. આવાં અનેક આંદોલન અને વ્યક્તિઓને ઈતિહાસમાં સન્માનજનક સ્થાન મળ્યું પણ એવાં અનેક આંદોલનો થયાં જે ઈતિહાસનાં પાનાઓમાંથી ગુમ થઈ ગયાં. ક્રાંતિની અનેક ઘટનાઓ 1857નાં વિપ્લવ પહેલાં પણ બની હતી. આઝાદીના અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં કેટલીક ક્રાંતિઓની કહાની જે તમે ક્યારેય વાંચી કે સાંભળી નહીં હોય...**

200 વર્ષથી લાંબા વિદેશી શાસન બાદ આપણને મળેલી સ્વતંત્રતા રાતોરાતની ઘટના નહોતી. એનાં માટે ખૂબ સંઘર્ષ કરવો પડ્યો. આઝાદીના ઈતિહાસમાં 3 જૂનની તારીખ અત્યંત મહત્વની છે. કારણ કે આ દિવસે ભારતનાં ભાગલાની યોજના રજૂ કરવામાં આવી હતી. 1947નું વર્ષ હતું અને આ યોજના રચનારા હતા અંતિમ બ્રિટિશ વાઈસરોય માઉન્ટબેટન. એટલાં માટે ભારતનાં ભાગલાની આ યોજનાને 'ત્રણ જૂન યોજના' અથવા 'માઉન્ટબેટન યોજના' તરીકે ઓળખવામાં આવે છે. સમગ્ર દેશમાં આ યોજના સામે વિરોધ થયો. અંતે, 15 જૂન, 1947નાં રોજ કોંગ્રેસે આ યોજના સ્વીકારી લીધી. આ યોજનાને આધારે ભારતને અંગ્રેજોના દમનમાંથી મુક્તિ મળી, પણ પાકિસ્તાન તરીકે ભારતનો એક મોટો હિસ્સો

અલગ થઈ ગયો. 3 અને 15 જૂન ભારતનો ઈતિહાસ અને ભૂગોળ બદલનારા દિવસ તરીકે ઈતિહાસમાં નોંધાઈ ચૂક્યા છે, કારણ કે પછીથી પડેલાં ભાગલાથી કરોડો લોકોને અસર થઈ અને તેમને વિસ્થાપિત થવું પડ્યું. કહેવાય છે કે ભાગલા દરમિયાન થયેલી હિંસામાં આશરે 10 લાખ લોકો માર્યા ગયા અને આશરે બે કરોડ લોકો પર અસર પડી. આ વિભાજન માનવ ઈતિહાસનાં સૌથી મોટાં વિસ્થાપનોમાંનું એક હતું, જેને કારણે લાખો પરિવારોને પોતાના પૈતૃક ગામ અને શહેરોને છોડવાં પડ્યાં અને શરણાર્થી તરીકે એક નવું જીવન જીવવા માટે મજબૂર થવું પડ્યું. રાષ્ટ્રનાં ભાગલાને કારણે જીવ ગુમાવનારા લોકો અને પોતાનાં જડથી દૂર થનારાં તમામ લોકોને શ્રધ્ધાંજલિ આપવા અને તેમનાં બલિદાનને યાદ કરવા કેન્દ્ર સરકારે 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિદિવસ' તરીકે મનાવવાનો નિર્ણય લીધો. ભારતને 15 ઓગસ્ટ, 1947નાં રોજ બ્રિટિશ શાસનથી સ્વતંત્રતા મળી અને એ દિવસે સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. જો કે, આ સ્વતંત્રતા મેળવવા માટે આપણે અનેક આંદોલનો, સંઘર્ષો અને પડાવોમાંથી પસાર થવું પડ્યું.

ભારતની આઝાદીનાં પ્રથમ સોપાન કહેવાતા 1857નાં વિપ્લવ અગાઉ પણ કેટલાંક મોટાં આંદોલનો થયા હતા. આ આંદોલનોમાં ફકીર આંદોલન (1776-77), સંન્યાસી આંદોલન, પાઝ્યગારોનું આંદોલન (1801-1805), વેલ્લોર આંદોલન (1806), નાયક આંદોલન (1806), ત્રાવણકોર આંદોલન (1808), ચેરો આંદોલન (1802), બરેલી-અલીગઢનાં આંદોલન (1816-1817), ઓડિશામાં પાયકો આંદોલન (1821), કિત્તૂરનું આંદોલન (1824), ગોંડ આંદોલન (1833-57), કોલ આંદોલન (1824-1850) મહત્વનાં હતા.

**આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમાં આવા જ કેટલાંક આંદોલનો પર નજર કરીએ....**

# સંન્યાસી આંદોલનઃ સંન્યાસીઓએ ગેરિલા યુદ્ધથી અંગ્રેજોનો સામનો કર્યો

ભારતના ઈતિહાસમાં 'વંદે માતરમ' એવો ઉદઘોષ છે, જે દરેક સમયમાં, દરેક વ્યક્તિ માટે પોતાની માતૃભૂમિ પ્રત્યે સમર્પિત આદરભાવ વ્યક્ત કરવાનો વિચાર રહ્યો છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન હજારો વીરોએ રાષ્ટ્ર માટે થઈને પોતાનું સર્વસ્વ ત્યાગ કરી દીધું અને વંદે માતરમ'નો ઉદઘોષ કરતાં ફાંસીના તખ્તે ચડી ગયા. સ્વતંત્રતા સંગ્રામમાં આઝાદીના મૂળ મંત્ર બની ચૂકેલા 'વંદે માતરમ' બોલતા માતૃભૂમિનાં અનેક સપૂતોએ છાતી પર ગોળીઓ પણ ખાધી. આ 'વંદે માતરમ' ને સૌ પ્રથમ બંકિમચંદ્ર ચેટરજીએ પોતાની નવલકથા 'આનંદમઠ'માં લખ્યું હતું. આ પુસ્તકમાં સંન્યાસી આંદોલનનો ઉલ્લેખ છે. લાંબા સમય સુધી ચાલેલા સંન્યાસી આંદોલને અંગ્રેજોની ઉંઘ હરામ કરી દીધી હતી અને આ આંદોલનનું વડપણ ગિરી સંપ્રદાયના સંન્યાસીઓ કર્યું હતું. આપણા દેશમાં સદીઓથી ઋષિઓ અને સંન્યાસીઓએ દેશની પરિસ્થિતિ પ્રમાણે આગળ વધીને જનતાનાં હિતો માટે અનેક કામ કર્યા છે. એટલે જ જ્યારે જરૂર પડી ત્યારે તેઓ અંગ્રેજો સામે લડાઈ પણ લડ્યા. તેમણે રાષ્ટ્રધર્મની સ્થાપના કરી એટલું જ નહીં પણ દેશને આઝાદી અપાવવાની દિશામાં શરૂઆત પણ કરી. સંન્યાસી બળવો ખાસ કરીને બંગાળ અને બિહારની ધરતી પર થયો, કારણ કે અંગ્રેજોએ સૌ પહેલાં અહીં જ પગપેસારો કર્યો હતો. અંગ્રેજો વિરુધ્ધ સૌ પ્રથમ બળવો સંન્યાસીઓનો જ માનવામાં આવે છે. કહેવાય છે કે આ આંદોલનમાં અનેક હજાર લોકો માર્યા ગયા હતા. બંગાળ પર અંગ્રેજોએ કરેલા કબ્જા બાદ 1770માં ભીષણ દુકાળ પડ્યો. તેમ છતાં અંગ્રેજોએ કડક કર વસૂલી ચાલુ રાખી અને તેઓ ધાર્મિક સ્થળો પર અવરજવર પર પ્રતિબંધ મૂકવા માંડ્યા. અંગ્રેજોની આ ક્રુર નીતિથી સંન્યાસી નારાજ થઈ ગયા અને તેમણે આંદોલન કરવાનો નિર્ણય લીધો. સંન્યાસીઓનાં આ આંદોલનમાં ખેડૂતો, જમીનદારો અને નાના રાજાઓનો ભરપૂર સાથ મળ્યો અને તેમણે ભેગાં થઈને અંગ્રેજો વિરુધ્ધ આંદોલન શરૂ કરી દીધું. રાષ્ટ્ર પ્રત્યે સંન્યાસીઓનાં સમર્પણનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે આ વીરોએ દેશને પોતાની માતા અને ખુદને દેશના સંતાન જાહેર કરી દીધા. તેઓ ગેરીલા યુધ્ધ કરવામાં માહેર હતા. કહેવાય છે કે તેઓ સરકારી તિજોરીને લૂંટીને ગરીબોમાં વહેંચી દેતા હતા. આ આંદોલનકારીઓની અસર તેનાં પરથી લગાવી શકાય કે તેમણે અંગ્રેજોનાં અનેક બંગલાઓ પચાવી પાડીને અંગ્રેજોની હત્યા કરી હતી. આ આંદોલનને દબાવવા માટે અંગ્રેજોએ પોતાની પૂરી તાકાત લગાવી દીધી અને અંતે બંગાળના ગવર્નર જનરલ વોરેન હેસ્ટિંગ આ બળવાને ડામવામાં સફળ થયા.

એમ મનાય છે બંગાળમાં સંન્યાસીઓએ ભેગાં થઈને અંગ્રેજોનાં અત્યાચાર સામે લડાઈ શરૂ કરી હતી અને આ આંદોલનનું વડપણ ગિરી સંપ્રદાયના સંન્યાસીઓએ લીધું હતું.

# દક્ષિણ ભારતઃ પાડ્યગારોએ અંગ્રેજો વિરુધ્ધ બળવાનું રણશિંગુ ફૂંકીને ટક્કર આપી હતી

ભારતમાં 1857માં અંગ્રેજો વિરુધ્ધ પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ પહેલાં પૂર્વ દક્ષિણ ભારતમાં પાડ્યગારોએ પણ આંદોલન કરીને અંગ્રેજોને જોરદાર ટક્કર આપી હતી. 1801થી માંડીને 1805 સુધી ચાલેલા આ આંદોલનનું નેતૃત્વ કટ્ટબોમ નાયકન નામના પાડ્યગારે કર્યું હતું. તેનું મુખ્ય કેન્દ્ર તામિલનાડુ હતું. વાસ્તવમાં, દક્ષિણ ભારતમાં કિલ્લાનાં શાસકને પાડ્યગાર કહેવામાં આવે છે. પાડ્યગારોએ અંગ્રેજોની અત્યાચારી નીતિને નકારીને અંગ્રેજ કંપનીની ગુલામી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીને મહેસૂલ આપવાનો ઈનકાર કરી દીધો. અંગ્રેજો આ કઈ રીતે સહન કરે? અંગ્રેજોએ દમન કરવાનું શરૂ કર્યું તો કટ્ટબોમ નાયકનનાં વડપણમાં પાડ્યગારોએ આંદોલન શરૂ કર્યું. આ આંદોલનમાં આંદોલનકારીઓએ મોટી સંખ્યામાં અંગ્રેજોને માર્યા. તેમની સંપત્તિને નુકસાન પહોંચાડ્યું. કહેવાય છે કે કટ્ટબોમ નાયકન

> 1801થી 1805 સુધી ચાલેલા આ આંદોલનનું નેતૃત્વ કટ્ટબોમ નાયકન નામના પાડ્યગારે કર્યું હતું અને તેનું મુખ્ય કેન્દ્ર તામિલનાડુ હતું

અલગ પ્રકારનાં યોધ્ધા હતા, જેઓ સામાન્ય માણસોને ખૂબ મદદ કરતા હતા. એટલાં માટે જ તેઓ લોકોમાં ઘણાં લોકપ્રિય હતા અને અંગ્રેજોની આંખોમાં ખૂંચતા હતા. આંદોલનને દબાવવા માટે તેમણે પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી અને કટ્ટબોમને પકડી લીધાં. કહેવાય છે કે જનતાને ડરાવવા માટે અંગ્રેજોએ કટ્ટબોમને લોકોની સામે જ ફાંસી આપી હતી. કટ્ટબોમ નાયકનનાં ગયા પછી આંદોલન નબળું પડી ગયું અને અંગ્રેજોએ 1806માં તેને સંપૂર્ણપણે દબાવી દીધું.



# ચેરો આંદોલને બ્રિટિશ શાસનને હચમચાવી દીધું હતું

ઝારખંડના પલામુમાં ચેરો આદિવાસીએ વધુ કર વસૂલી અને જમીન પટ્ટાનાં પુનઃસંપાદન સામે વર્ષ 1800માં અંગ્રેજો સામે બળવો પોકાર્યો હતો. આ બળવાનું વડપણ ભૂખનસિંહે કર્યું હતું. કહેવાય છે કે અંગ્રેજો વર્ષ 1700માં જ પલામુના કિલ્લા પર કબ્જો કરવા માંગતા હતા. પણ અનેક પ્રયત્નો છતાં તેઓ એમ કરી ન શક્યા. બાદમાં, અંગ્રેજોએ ગમે તેમ કરીને કબ્જો કરી લીધો અને ત્યાં એવો શાસક નિમી દીધો જે તેમનું કહ્યું કરે. ધીમે ધીમે રાજા વિરુધ્ધ સ્થાનિક લોકોનાં મનમાં અસંતોષ ફેલાવા લાગ્યો અને 1800માં ચેરોએ અંગ્રેજો સામે ખુલ્લેઆમ બળવો પોકાર્યો. અનેક વર્ષો સુધી ચેરો અંગ્રેજોથી બચતા રહ્યા. પલામુનાં ચેરો આદિવાસીઓ પહેલાં પણ ત્યાં અંગ્રેજો સામે આંદોલન કરતા હતા, પણ આ વખતે તેઓ મક્કમપણે મોરચો સંભાળીને બેઠાં હતા. અંગ્રેજોએ આ બળવાને ડામવા માટે તમામ શક્ય પ્રયાસ કર્યા, પણ તેમને ધારી સફળતા ન મળી. એવામાં અંગ્રેજોએ આ બળવાને દબાવવા માટે છળ કપટ અને

> ચેરો આદિવાસીઓએ વધુ કર વસૂલી અને જમીનપટ્ટાનાં પુનઃ સંપાદન સામે 1800માં અંગ્રેજો સામે આંદોલન કર્યું હતું અને આ બળવાનું નેતૃત્વ ભૂખનસિંહે કર્યું હતું.

ચાલાકીનો આશરો લીધો. અંતે, અંગ્રેજોએ ભૂખનસિંહને પકડી લીધા અને 1802માં ફાંસી આપી દીધી. કર્નલ જોસે આ બળવાને ડામ્યો હતો. તેમ છતાં અહીં અસંતોષ ચાલુ રહ્યો અને અંગ્રેજોને પડકાર ફેંકતા રહ્યા. આ બળવાને કારણે 1809માં બ્રિટિશ સરકારે છોટાનાગપુરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જમીનદારી પોલિસ દળની રચના કરી. 1814માં પલામુ પરગણાની નીલામીનાં બહાને અંગ્રેજોએ તેનાં પર કબ્જો કરી લીધો અને શાસનની જવાબદારી રાજા ઘનશ્યામસિંહને સોંપી દીધી. અંગ્રેજોના આ કાવતરા સામે 1817માં ફરી એક વાર આદિવાસીઓની મદદથી બળવો કરવામાં આવ્યો, પણ તેનેય દબાવી દેવામાં આવ્યો.

> દેશનાં ભાગલાનાં દર્દને ક્યારેય ભૂલાવી શકાશે નહીં. નફરત અને હિંસાને કારણે આપણાં લાખો ભાઇ-બહેનોને વિસ્થાપિત થવું પડ્યું અને પોતાનો જીવ પણ ગુમાવવો પડ્યો. એ લોકોનાં સંઘર્ષ અને બલિદાનની યાદમાં 14 ઓગસ્ટને 'વિભાજન વિભિષીકા સ્મૃતિદિવસ' તરીકે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. #PartitionHorrorsRemembranceDay આપણને ભેદભાવ, વૈમનસ્ય અને દુર્ભાવનાનાં ઝેરને ખતમ કરવા માટે પ્રેરણા આપશે એટલું જ નહીં, પણ એકતા, સામાજિક સદભાવ અને માનવીય સંવેદના પણ મજબૂત થશે. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

## અંગ્રેજો સામેનાં ફકીર આંદોલનને તમામ સમુદાયનો સાથ મળ્યો

બંગાળનાં વિચરતા મુસલમાનોનાં એક જૂથે અંગ્રેજો વિરુધ્ધ આંદોલનનું બ્યુગલ ફૂંક્યું હતું અને તેમનાં શાસનને પડકાર આપવાનું જોખમ વહોરી લીધું હતું. તેમ છતાં ફકીરોએ અંગ્રેજો વિરુધ્ધ આંદોલનની શરૂઆત કરી અને તેમને ટક્કર આપી. સૌથી મોટી વાત એ છે કે આ આંદોલનમાં ધર્મ અને જાતિના બંધનોથી પર રહીને તમામ લોકોએ ફકીરોને સાથ આપ્યો હતો અને આંદોલનને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા નિભાવી. આ આંદોલનમાં સામેલ ફકીરોમાંથી મોટાં ભાગનાં લોકો સૂફી પરંપરાથી પ્રભાવિત હતા. ફકીર સમુદાય મદારી અને બરહાના જાતિઓનાં હતા, જે મુગલ શાસન દરમિયાન બંગાળ અને બિહારનાં વિવિધ ભાગોમાં વસ્યા હતા. બ્રિટિશ રાજ્યમાં બંગાળનો વિલય કરવાનાં વિરોધમાં 1776-77માં મજનૂ શાહનાં નેતૃત્વમાં ફકીર વિદ્રોહીઓએ સ્થાનિક ખેડૂતો અને જમીનદારો પાસેથી ધન વસૂલવાનું શરૂ કર્યું. કામમાં બંગાળનાં પઠાણો, રાજપૂતો અને સેનાના ભૂતપુર્વ સૈનિકોએ મદદ કરી. અનેક હિન્દુ નેતાઓએ આ કામમાં ઉદાર ફાળો આપ્યો. આ આંદોલનનાં સમર્થકોએ થોડાં સમય પછી હિંસક પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી અને અંગ્રેજ ફેક્ટરીઓ અને સૈનિકોનાં શસ્ત્ર સરંજામનાં ગોડાઉનો પર હૂમલા કરવા માંડયા. અંગ્રેજોએ મજનૂ શાહની પ્રવૃત્તિઓ રોકવા માટે પ્રયાસ કર્યા અને કેપ્ટન જેમ્સરેનલે એક અથડામણમાં મજનૂ શાહને પરાજિત કરી દીધા. મજનૂ શાહનાં મૃત્યુ બાદ આ આંદોલનનું વડપણ ચિરાગઅલી શાહે સંભાળ્યું અને તેણે આંદોલનને બંગાળનાં ઉત્તરનાં જિલ્લાઓ સુધી વિસ્તાર્યું. આ આંદોલનની અસર લાંબા સમય સુધી રહી. જો કે, બ્રિટિશ સેનાએ આ આંદોલનને કઠોરતાપૂર્વક દાબી દીધું.

## સિપાહીઓએ 1806માં ઇસ્ટ ઇન્ડિયા કંપની વિરુધ્ધ વેલ્લોરમાં પ્રથમ બળવો કર્યો હતો

જ્યારે ભારતનાં સ્વતંત્રતા સંગ્રામની વાત ચાલે છે ત્યારે 1857ને આઝાદીની લડાઈનો પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ માનવામાં આવે છે. પણ ભાગ્યે જ કોઇને ખબર હશે કે તેનાં 51 વર્ષ પહેલાં ભારતીય સિપાહીઓનો આવો જ બળવો થયો હતો. આ બળવો 1806માં વેલ્લોરમાં થયો હતો, જેણે 1857નાં બળવામાં અંગ્રેજોનાં દમનકારી શાસન વિરુધ્ધ બદલાની ભાવના જગાવવામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. વેલ્લોરમાં થયેલા બળવાનું તાત્કાલિક કારણ પણ 1857ના વિપ્લવ સાથે મળતું આવે છે. વાસ્તવમાં, અંગ્રેજોએ એક નવો ડ્રેસ કોડ લાગુ કર્યો હતો, જેમાં હિંદુઓને તિલક લગાવવાની અને મુસ્લિમોને દાઢી રાખવાની મંજૂરી નહોતી આપવામાં આવી. આ ઘટનાથી સેનામાં સામેલ હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયોના સૈનિકોની લાગણી દુભાઈ. આ પરિવર્તન વિરુધ્ધ અવાજ ઉઠાવનાર કેટલાંક પ્રદર્શનકારી સૈનિકોને વેલ્લોર કિલ્લામાંથી સેન્ટ જ્યોર્જ કિલ્લામાં મોકલી દીધા અને બાકીનાં સૈનિકો પર 90-90 સોટીઓ મારવામાં આવી. આ ઘટના તથા કિલ્લાની અંદર અસંતોષનાં અવાજને ડામી દેવાને કારણે વેલ્લોર વિદ્રોહ ભડકી ઉઠ્યો. આ ઘટનાના વિરોધમાં સિપાહીઓએ 1806માં બળવો પોકાર્યો. તામિલનાડુનાં વેલ્લોર કિલ્લામાં સૈનિકોએ કરેલા આ બળવામાં લગભગ 200 અંગ્રેજો માર્યા ગયા હતા અથવા તો ઈજા પામ્યા હતા. આ બળવો માત્ર એક દિવસનો હતો અને આ ઘટના 10 જુલાઇ, 1806નાં રોજ બની હતી. અંગ્રેજોએ આ ઘટનાનો ક્રુરતાપૂર્વક બદલો લીધો અને કહેવાય છે કે ત્યાં હાજર અનેક સૈનિકોને મારી નાખ્યા અને અનેકને પકડી લીધા અને તેમની વિરુધ્ધ કેસ ચલાવ્યો. આશરે 100 આંદોલનકારીઓને ફાંસીની સજા ફરમાવવામાં આવી. આ બળવાને 200 વર્ષ પૂરા થવા પ્રસંગે 2006માં ભારત સરકારે એક ટપાલ ટિકિટ પ્રસિધ્ધ કરી હતી. કહેવાય છે કે વેલ્લોર કિલ્લાએ અંગ્રેજોનાં અન્યાય વિરુધ્ધ પ્રથમ લડાઈ લડી હતી અને અસંતોષનાં પ્રારંભિક બીજ ઉગાડવા માટે ફળદ્રૂપ જમીન પૂરી પાડી હતી. આશરે 800 ક્રાંતિકારીઓનાં આ બળવાએ અંગ્રેજોની સત્તાને જડમાંથી હચમચાવી દીધી હતી. ●

# ભારત-કેનેડાના સંબંધોમાં એક નવી શરૂઆત



**ભારત અને કેનેડા સંસ્કૃતિની સાથે સાથે ઊર્જા, વેપાર જેવાં અનેક મુદ્દે એકબીજા સાથે સંકળાયેલા છે. કેનેડામાં પણ એક મિની ઈન્ડિયા વસે છે અને તેની ઝલક 1 મેનાં રોજ જોવા મળી, જ્યારે ઓન્ટારિયોનાં સનાતન મંદિર સાંસ્કૃતિક કેન્દ્ર (SMCC)માં ભારતને એકતાના સૂત્રમાં બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલની મૂર્તિ સ્થાપવામાં આવી..**

ભારતીય ક્યાંય પણ રહેતો હોય, ગમે તેટલી પેઢીઓ આવી ગઈ હોય, તેની ભારતીયતા, ભારત પ્રત્યેની નિષ્ઠા, લેશ માત્ર ઓછી થતી નથી. એ ભારતીય જે પણ દેશમાં રહેતો હોય, પૂરી ધગશ અને પ્રામાણિકતાથી દેશની સેવા કરે છે. તેનાં પૂર્વજો લોકશાહી મૂલ્યો અને કર્તવ્યોને ભારતમાંથી લઈ ગયા હોય, તે તેનાં હૃદયમાં હંમેશા જીવંત રહે છે. કેનેડાના ઓન્ટારિયોમાં સનાતન મંદિર સાંસ્કૃતિક કેન્દ્ર આવું જ એક સ્થળ છે. 1985માં ગુજરાતી સમાજ દ્વારા સ્થાપિત આ કેન્દ્ર ગ્રેટર ટોરોન્ટોમાં સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરે છે. 1 મેનાં રોજ આ સેન્ટરમાં ભારતનાં પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્થાપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો સંદેશામાં આ સેન્ટરને બંને દેશો વચ્ચેનાં સંબંધોનું પ્રતીક ગણાવ્યું હતું. પોતાના સંબોધનમાં તેમણે ભારતની સભ્યતા અને સંસ્કૃતિનો ઉલ્લેખ કર્યો, તો સાથે સાથે ભારતના

***અમૃત સંકલ્પોનું પણ પુનરાવર્તન કર્યું. વાંચો વડાપ્રધાનના સંબોધનના અંશ....***

### વસુધૈવ કુટુમ્બકમની ભાવના

ભારત એક રાષ્ટ્ર હોવાની સાથે સાથે એક મહાન પરંપરા છે, એક વૈચારિક અધિષ્ઠાન છે, એક સંસ્કાર સરિતા છે. ભારત એ શીર્ષ ચિંતન છે જે ‘વસુધૈવ કુટુમ્બકમ’ની વાત કરે છે. ભારત બીજાનાં નુકસાનનાં ભોગે પોતાનાં ઉત્થાનનાં સપના નથી જોતું. ભારત પોતાની સાથે સંપૂર્ણ માનવતાનાં, સમગ્ર વિશ્વનાં કલ્યાણની કામના કરે છે.

### આત્મનિર્ભરતાનો અમૃત સંકલ્પ

ભારતના અમૃત સંકલ્પ માત્ર ભારતની સરહદો પૂરતાં મર્યાદિત નથી. આ સંકલ્પ વિશ્વભરમાં ફેલાઈ રહ્યો છે, સમગ્ર વિશ્વને જોડી રહ્યો છે. આજે જ્યારે આપણે આત્મનિર્ભર ભારત અભિયાનને આગળ વધારી રહ્યા છીએ ત્યારે વિશ્વ માટે પ્રગતિની નવી સંભાવનાઓ ખોલવાની વાત કરીએ છીએ.

### માનવતાનું પ્રતિનિધિત્વ

આજે જ્યારે આપણે યોગનો પ્રચાર કરી રહ્યા છીએ ત્યારે વિશ્વની દરેક વ્યક્તિ માટે 'સર્વેસંતુનિરામયઃ' ની કામના કરીએ છીએ. જળવાયુ પરિવર્તન અને સતત વિકાસ જેવા વિષયો અંગે પણ ભારતનો અવાજ સમગ્ર માનવતાનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે.

### નવાં ભારતનું સ્વપ્ન

આપણી મહેનત માત્ર આપણા માટે નથી, પણ ભારતની પ્રગતિ સાથે સમગ્ર માનવતાનું કલ્યાણ જોડાયેલું છે, આપણે વિશ્વને આ અહેસાસ અપાવવાનો છે. તેમાં આપ સૌ ભારતીયો, ભારતીય મૂળનાં તમામ લોકોની મોટી ભૂમિકા છે. અમૃત મહોત્સવનું આ આયોજન ભારતનાં પ્રયાસોને, ભારતનાં વિચારોને પણ વિશ્વ સુધી પહોંચાડવાનું માધ્યમ બને, એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. મને વિશ્વાસ છે કે પોતાનાં આ આદર્શો પર ચાલીને આપણે એક નવું ભારત પણ બનાવીશું અને એક સારા વિશ્વનું સપનું પણ સાકાર કરીશું. ●



**PMO India** @PMOIndia
आज हम नए भारत के निर्माण के लिए सामूहिक संकल्प ले रहे हैं, प्रयास कर रहे हैं।

एक ऐसा नया भारत, जिसकी पहचान नई हो, forward-looking हो और परम्पराएँ प्राचीन हों!

ऐसा नया भारत, जो नई सोच और सदियों पुरानी संस्कृति दोनों को एक साथ लेकर आगे बढ़े, पूरे मानवजात को दिशा दे: PM



Rajnath Singh Retweeted
**रक्षा मंत्री कार्यालय/ RM...**
किसी राष्ट्र की प्रगति एक दिन की प्रक्रिया नहीं होती है। राष्ट्र के लोग, विभिन्न संस्थान, संगठन, सेनाएं, government और industry आदि पूरक entities, निष्ठा और समर्पण के साथ एकजुट होकर जब आगे बढ़ती हैं, तब कोई राष्ट्र प्रगति पथ पर अग्रसर होता है: रक्षा मंत्री



**Amit Shah** @AmitShah
मैंने @narendramodi जी को संगठन के कार्यकर्ता के रूप में छोटे से छोटे गांव में कभी बस, कभी मोटरसाइकिल और कभी ऑटो में बैठकर गरीब से गरीब व्यक्ति के घर जाकर उनकी समस्याएं सुनते देखा है।

इसलिए आज मोदी जी देश के हर क्षेत्र और हर वर्ग के सबसे लोकप्रिय नेता हैं।



**Nitin Gadkari** @nitin_gadkari
Under the leadership of PM Shri @narendramodi ji, the Expressways are crucial category of the ambitious #Bharatmala Pariyojana Under Phase -1 total of 8 Expressways of total length 3,852 km are being developed at total cost of ₹2,36,765 Cr.
#PragatiKaHighway #GatiShakti



**Shandilya Giriraj Sin...**
Smt. Gouri Debbarma has started earning a livelihood successfully through Pig Farming. It was her dream to build a pig farm, but she did not have enough resources. Under #MGNREGA her shed was approved. She is also happy that she has a steady income for her children's education.



**Dharmendra Pradhan** @dpr...
We are adopting a multi-dimensional approach to upskill faculty aligned with the challenges of the 21st century India. #NEP2020 talks about multidisciplinary approach towards teacher education with focus on Indian values, languages, knowledge, ethos, and traditions.

# भारत-नेपाल दोस्ती मानवता के हित में : मोदी

## पीएम ने कहा, हमें एक धागे में पिरोता है भगवान बुद्ध के प्रति हमारा विश्वास

**लुंबिनी/काठमांडो।** प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि विश्व के हालात देखते हुए भारत-नेपाल की निरंतर मजबूत होती दोस्ती समूची मानवजाति के हित में है। पीएम ने कहा, भगवान बुद्ध के प्रति श्रद्धा व विश्वास हमें एक धागे में पिरोते हैं, एक ही परिवार का सदस्य बना देते हैं। मोदी ने लुंबिनी में नेपाल के पीएम शेरबहादुर देउबा के साथ द्विपक्षीय साझेदारी में नए क्षेत्रों को तलाशने और मौजूदा सहयोग को मजबूत बनाने के सभी आयामों पर चर्चा की। इस दौरान दोनों देशों के बीच छह समझौता ज्ञापन पर हस्ताक्षर किए गए।

पीएम मोदी ने काठमांडो में बुद्ध पूर्णिमा उत्सव के दौरान कहा, भारत और नेपाल के रिश्ते हिमालय की तरह अडिग हैं।



प्रधानमंत्री मोदी को लुंबिनी में स्मृति चिह्न देते नेपाली पीएम देउबा।

**नेपाल के बिना हमारे श्रीराम अधूरे :** हमारे भगवान

**भारत खास पड़ोसी व भरोसेमंद मित्र :** भारत करीबी पड़ोसी व

### बुद्ध सरहदों के दायरे से परे

प्रधानमंत्री मोदी ने चीन का नाम लिए बिना कहा कि बुद्ध सरहदों के दायरे से ऊपर हैं। वह सबके लिए हैं और सबसे उनका नाता है। भारत में सारनाथ, बोधगया व कुशीनगर से नेपाल के लुंबिनी का यह पवित्र स्थान साझा सांस्कृतिक मूल्यों का प्रतीक है। हमें इसे और आगे बढ़ाना है। लुंबिनी

पीएम को विश्वास | सेवा आरंभ करने के लिए गठित कार्य बल ने काम करना शुरु किया

# दशक के अंत तक 6जी सेवा शुरू कर देंगे : मोदी


पंजाब केसरी/नई दिल्ली

### 2जी के बहाने कांग्रेस पर साधा निशाना



# फिल्मों के लिए भारत में कहानियों की कमी नहीं: मोदी

**नई दिल्ली,** (पंजाब केसरी): प्रधानमंत्री नरेंद्र मोदी ने मंगलवार को कहा कि फिल्म बनाने के लिए भारत में कहानियों की कोई कमी नहीं है। उन्होंने अंतरराष्ट्रीय फिल्म निर्माताओं से कहा कि वे भारत में फिल्म बनाने की निर्बाध संभावनाओं का फायदा उठाएं। एक संदेश में प्रधानमंत्री ने इस वर्ष कान फिल्म समारोह में भारत की 'कंट्री ऑफ ऑनर' के रूप में भागीदारी पर प्रसन्नता व्यक्त की। उन्होंने कहा, ''इस आयोजन में भारत की भागीदारी देश की आजादी के 75 वर्ष, कान फिल्म महोत्सव की 75वीं वर्षगांठ और भारत तथा फ्रांस के बीच राजनयिक संबंधों के 75 वर्ष के सुखद संयोग के महत्वपूर्ण अवसर को प्रतिबिंबित करती है।'' उन्होंने कहा कि भारत दुनिया का सबसे बड़ा फिल्म निर्माता देश है और यहां फिल्म क्षेत्र का बहुआयामी स्वरूप उल्लेखनीय है।



- **अंतर्राष्ट्रीय फिल्म निर्माताओं से भारत में फिल्म बनाने की निर्बाध संभावनाओं का फायदा उठाने को कहा**

उन्होंने कहा कि फिल्मों की समृद्ध विरासत एवं सांस्कृतिक विविधता भारत की विशिष्टता है। प्रधानमंत्री ने कहा, ''भारत के पास कहने के लिए बहुत सारी कहानियां हैं और इस देश में वास्तव में दुनिया का कंटेंट हब बनने की अपार संभावनाएं हैं।'' फिल्म क्षेत्र में व्यापार की सुगमता के प्रति भारत की प्रतिबद्धता को दोहराते हुए मोदी ने कहा कि अंतरराष्ट्रीय फिल्म सह-निर्माण को सुविधाजनक बनाने से लेकर देश भर में कहीं भी फिल्मांकन की अनुमति के लिए ''सिंगल विंडो क्लीयरेंस'' की प्रणाली सुनिश्चित करने के जरिए भारत दुनिया भर के फिल्म निर्माताओं को निर्बाध संभावनाएं मुहैया कराता है। उन्होंने सत्यजीत रे की जन्म शताब्दी के अवसर पर इस महान फिल्मकार की एक फिल्म को कान क्लासिक श्रेणी में दिखाए जाने के उद्देश्य से संरक्षित किए जाने पर प्रसन्नता व्यक्त की। इस फिल्म समारोह में पहली बार की जा रही कई पहल में से एक के तौर पर, भारत के स्टार्टअप सिने-जगत के सामने अपनी क्षमता का प्रदर्शन करेंगे।

प्रधानमंत्री ने कहा, अर्थव्यवस्था को 450 अरब डॉलर का सहयोग

# 5जी सेवा जल्द, 6जी पर भी काम शुरूः मोदी

घोषणा



### 5जी स्पेक्ट्रम नीलामी का प्रस्ताव भेज सकता है

### ढांचागत आधार पर काम जारीः वैष्णव

### 5जी टेस्ट बेड की शुरुआत

# रानिल का मोदी को शुक्रिया, कहा भारत के साथ मजबूत करेंगे रिश्ते

### नए पीएम के बावजूद श्रीलंकाई प्रदर्शनकारियों का सरकार विरोधी अभियान जारी रखने का संकल्प



### भारतीय उच्चायुक्त से मिले विक्रमसिंघे, मदद पर चर्चा

### विपक्ष ने खारिज की प्रधानमंत्री विक्रमसिंघे की नियुक्ति

RNI No. :
DELGUJ/2020/78810
JUNE 1-15 , 2022

New India
SAMACHAR
Fortnightly


RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date MAY 23, 2022, Pages - 64)

## સમર્પણ, સંકલ્પ અને સામર્થ્યનાં 20 વર્ષ....

# મોદી @20

## ડ્રીમ્સ મીટ ડિલીવરી

વડનગર જેવા નાના શહેરથી નીકળીને ચા વેચવાથી માંડીને દેશના વડાપ્રધાન પદ સુધી પહોંચવાની પીએમ નરેન્દ્ર મોદીની સફર સરળ નહોતી. તાજેતરમાં જ તેમણે મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે શાસનના કુલ 20 વર્ષ પૂરાં કર્યા છે. આ 20 વર્ષની સફર પર પ્રકાશિત પુસ્તક 'મોદી@20: ડ્રીમ્સ મીટ ડિલીવરી'નું લોકાર્પણ ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ 11 મેનાં રોજ કર્યું. આ પુસ્તકમાં દેશનાં પ્રસિધ્ધ બુધ્ધિશાળીઓ અને નિષ્ણાતોએ લખેલા લેખોનું સંકલન છે. ગૃહમંત્રી અમિત શાહે પણ એક લેખ લખ્યો છે.




“ આપણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં 'હેડ ઓફ ધ ગવર્મેન્ટ'નાં 20 વર્ષનાં અનુભવ પહેલાંનાં 30 વર્ષનો અભ્યાસ ન કરીએ, તો તે અધૂરો રહી જશે. સમસ્યાઓને સમજવાની આટલી મોટી શક્તિ પીએમ મોદી પાસે ક્યાંથી આવે છે? નીતિ નિર્ધારણ કરતી વખતે નાનામાં નાના માણસ માટે નીતિ હોય એ આગ્રહ અને નીતિ સર્વસમાવેશી અને સર્વસ્પર્શી હોય એ વિચાર ક્યાંથી આવે છે. તેનો જવાબ 30 વર્ષની અંદર છે. -અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020